પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૨


તા. ૯-૨-૨૦૨૬, સોમવાર

વર્ષ: ૧૪, અંક: ૨૮૩

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia


**સુવિચાર**

આંખો નહીં ધરાવનાર
કરતાં પોતાના દોષ
છુપાવનાર આંધળો હોય છે...



### પાકિસ્તાન ભારત સાથે રમવા રાજી થઈ ગયું?!!!

# શ્રીલંકાએ કરાવેલી "યાદ" ભારત સામેની રવિવારની મેચ રમવા પાકે "મન" બનાવવું પડશે?

## લાહોરમાં પીસીબી, બીસીબી અને આઈસીસી વચ્ચે થયેલી ગુપ્ત બેઠક બાદ ભારત-પાકિસ્તાન વર્લ્ડ કપ મેચના વિવાદ પર સમાધાનની આશા વધી



**અબતક, રાજકોટ**

ભારત અને પાકિસ્તાન વચ્ચે ટી-૨૦ વર્લ્ડ કપના મહામુકાબલાને લઈને ચાલી રહેલી મડાગાંઠમાં હવે નવો વળાંક આવ્યો છે. અત્યાર સુધી બહિષ્કારની ધમકી આપનાર પાકિસ્તાને હવે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ સામે શરતો મૂકીને સોદાબાજી શરૂ કરી છે.ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાને કોલંબોમાં ભારત સામેની મેચનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો હતો તેના જવાબમાં શ્રીલંકા ક્રિકેટ બોર્ડ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને પત્ર લખીને આ ૨૦૦૯ના લાહોર હુમલાને યાદ કરાવ્યો.

શ્રીલંકા બોર્ડે જણાવ્યું કે અમે ૨૦૦૯ના હુમલા પછી પણ પાકિસ્તાનમાં પ્રવાસ કર્યો અને ટીમ મોકલી જ્યારે અન્ય ટીમો ન આવી).તેથી પાકિસ્તાને પણ શ્રીલંકાની મેચ રમવા આવવું જોઈએ અને બહિષ્કાર પાછો ખેંચવો જોઈએ શ્રીલંકાએ તે હુમલાને યાદ કરીને પાકિસ્તા સાથે ઊભા રહ્યા, હવે તમે અમારી સાથે ઊભા રહોનો સંદેશ આપ્યો. રવિવારે રાત્રે લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં આઈસીસી ઉપાધ્યક્ષ ઈમરાન ખ્વાજા,પીસીબી ચીફ મોહસિન નકવી અને બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ અમીનુલ ઈસ્લામ બુલબુલ વચ્ચે લાંબી બેઠક ચાલી હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય ૧૫ ફેબ્રુઆરીએ કોલંબોમાં યોજનારી ભારત-પાકિસ્તાન મેચને બચાવવાનો હતો. જોકે, આ મીટિંગમાં કોઈ અંતિમ સમજૂતી થઈ શકી નથી, પણ પાકિસ્તાને તેનો પક્ષ નરમ પાડીને શરતોનું લિસ્ટ પકડાવી દીધું છે.

**પીસીબીની આઈસીસી સમક્ષ ત્રણ શરતો**

**બીસીબી માટે વળતર:** બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડને થયેલા નુકસાનનું વળતર અપાવવું.

**પાર્ટિસિપેશન ફી:** ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટેની ફીમાં વધારો અથવા વિશેષ ભથ્થું.

**યજમાનીના અધિકાર:** ભવિષ્યમાં આયોજિત થનારી આઈસીસી ટ્રોફી કે ઈવેન્ટ્સના યજમાનીના અધિકારોની ખાતરી આપવી.

# સુરત એરપોર્ટ પર બેંગકોકથી આવેલી ફ્લાઈટમાં ૯ કરોડના ગાંજા સાથે બેની ધરપકડ

## બેંગકોકના ડ્રગ્સ માફિયાએ ૯ કરોડનો ગાંજો ફ્લાઈટમાં સીટ નીચે સંતાડ્યો, દિલ્હીનો પેસેન્જર માલ લેવાનો હતો

**અબતક, રાજકોટ**

સુરત એરપોર્ટ પર કસ્ટમ અને ડીઆરઆઈ ટીમનું સંયુક્ત ઓપરેશન પાર પડયું છે જેમાં પ્રવિણ કરમવીર અને પ્રદિપ ભાનની ધરપકડ કરવામાં આવી છે, વિક્રમ બુકલ, અંશુલ ગુપ્તાની ધરપકડ કરી છે, બે દિવસમાં અલગ-અલગ ગાંજા ઝડપાયા છે, એક દિવસ અગાઉ ૮ કિલો ગાંજો તો આજે ૯ કિલો ગાંજો ઝડપાયો છે.

બેંગકોકથી આવી રહેલી ફ્લાઈટમાં આ ગાંજો ઝડપાયો છે અને બેંગકોકથી સુરત સુધી આ ગાંજો પહોંચ્યો હતો, યુવાધન સુધી ગાંજો પહોંચે તે પહેલા આરોપીઓ અને ગાંજો ઝડપાઈ ગયો હતો. સુરત એરપોર્ટ પરથી વારંવાર ગાંજાનો જથ્થો ઝડપાઈ આવે છે.ગાંજો દિલ્હી સપ્પાલ થવાનો હતો. બેંગ્કોકથી આવેલી આ વીકની બે ફ્લાઈટમાં આ ગાંજો મળ્યો છે.

### ક્રુ મેમ્બરે સીટ ઉપસેલી જોતા શંકા ગઈ

પેહલા દિવસની ફ્લાઈટ બેંગ્કોકથી આવી હતી. સુરત આવ્યા બાદ ફ્લાઈટ થોડી ખાલી થઈ ગઈ હતી અને દિલ્હી જનારા થોડા પેસેન્જર બેસી રહ્યા હતા. ત્યારે ક્રુ મેમ્બરે જોયું કે એક રોની કેટલીક સીટ પાછળના ભાગેથી ઉપસેલી છે, જાણે કંઈ મૂક્યુ હોય તેણે સીટ કવર ખસેડીને પાછળની બાજુએ જોયુ તો થેલીમાં કંઈ ભરેલું હતું. પાછળની બીજી સીટ જોઈ અને ત્યારબાદની પણ બે સીટ જોઈ તો દરેકમાં આવું જ હતું અને સીટનો પાછળનો ભાગ ઉપસેલો હતો. તમામ સીટ ચેક કરવામાં આવતા ચાર બેગ મળી આવી હતી. જેમાં ૬ કરોડનો (૬ કિલો) ગાંજો હતો. બીજા દિવસે જે ફ્લાઈટ આવી તેમાં પણ પેસેન્જરો ઉતરી ગયા બાદ ક્રૂ મેમ્બરનું ધ્યાન સીટ નીચે રાખેલી બે થેલી પર પડી હતી અને તમાંથી પણ ગાંજો મળ્યો હતો.



પહેલા દિવસે ફ્લાઈટમાં છ કિલો તો બીજા દિવસે બે કિલો ગાંજો મળ્યો હતો. આઠ કિલો ગાંજાની બજાર કિંમત રૂપિયા નવ કરોડ છે.સમગ્ર કાંડમાં સ્મગલરોની નવી જ મોડસ ઓપરેન્ડી જોવા મળી છે. ખાસ કરીને ઈમરાન હાશ્મીની 'તસ્કરી' વેબ સિરિઝમાં બતાવેલી સ્ટાઈલ સ્મગલરોએ અપનાવી છે. બંને કેસમાં ગાંજો વિમાનમાં જ સીટ નીચે અને સીટની પાછળ છોડી દેવામાં આવ્યો હતો. તમામ મુસાફરો ઉતરી ગયા બાદ ફ્લાઈટ દિલ્હી જનાર હતી અને ત્યાથી સંતાડેલા ગાંજાની ડિલિવરી અજાણ્યા શખ્શો લેનાર હતા.

કોઈ પણ એજન્સી જયારે ગાંજો કે ડ્રગ્સ પકડે છે તો તેની કાર્યવાહી એનડીપીએસ એકટ હેઠળ થતી હોય છે, અને તેની અલગ કોર્ટ હોય છે જેમાં જેલની સજા સુધીની જોગવાઈ છે, ત્યારે અસંખ્ય પેડલરોને જેલની સજા થઈ છે અને જેલમાં સડી રહ્યાં છે, યુવાધન સૌથી વધારે ગાંજાના રવાડે ચડયું છે, તો ગાંજો જેમાં બનાવાય છે તે ગોગા પેપરની પણ ગુજરાત પોલીસે તપાસ કરી હતી અને જે તે લોકો વેચાણ કરતા હતા તેમની સામે ગુનો પણ નોંધ્યો હતો.

# મર્યાદિત જવાબદારીવાળી ભાગીદારી પેઢીઓની નોંધણીમાં જબરદસ્ત ઉછાળો

## સેવા અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં તેજી તથા વેપાર કરારોને કારણે જાન્યુઆરીમાં એલએલપી રજીસ્ટ્રેશનનો આંકડો પહેલીવાર ૧૦,૦૦૦ને પાર

**અબતક, નવી દિલ્હી**

જાન્યુઆરી મહિનામાં લિમિટેડ લાયબિલિટી પાર્ટનરશિપનું રજીસ્ટ્રેશન ઈતિહાસમાં પ્રથમ વખત ૧૦,૦૦૦ ના આંકડાને વટાવી ગયું છે. આ આંકડો દેશના સર્વિસ સેક્ટર અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં વધી રહેલા ઉત્સાહને દર્શાવે છે.

કોર્પોરેટ અફેર્સ મંત્રાલયના ડેટા મુજબ, જાન્યુઆરીમાં કુલ ૧૦,૦૮૧ નવી એલએલપી સ્થપાઈ હતી, જે ગયા વર્ષની સરખામણીમાં ૬૦% નો વધારો છે. તે જ રીતે, નવી કંપનીઓની નોંધણી પણ ગયા વર્ષ કરતાં ૩૯% વધીને ૨૩,૨૭૬ થઈ છે.

અમેરિકા અને યુરોપિયન યુનિયન સાથેના ભારતના નવીનતમ વેપાર કરારોને કારણે વેપાર જગતમાં સેન્ટિમેન્ટ મજબૂત બન્યું છે. નાની કોર્પોરેટ ભૂલોને ગુનાહિત શ્રેણીમાંથી મુક્ત કરવા અને નિયમોમાં હળવાશને કારણે બિઝનેસ કરવામાં સરળતા વધી છે. જીએસટીમાં ઘટાડો અને ઈન્કમ ટેક્સમાં રાહતને કારણે પણ નવી કંપનીઓ અને એલએલપી શરૂ કરવા માટે પ્રોત્સાહન મળ્યું છે.

ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલથી જાન્યુઆરી વચ્ચે કુલ ૭૬,૬૯૬ એલએલપી નોંધાઈ છે, જે વાર્ષિક ધોરણે ૪૧% નો વધારો દર્શાવે છે. આ જ સમયગાળામાં વિદેશી કંપનીઓની નોંધણી પણ વધીને ૭૮ થઈ છે. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ એ પણ ભારતના નાણાકીય વર્ષ ૨૦૨૬ ના વિકાસ દરનો અંદાજ ૬.૬% થી વધારીને ૭.૩% કર્યો છે.

બીએમઆર લીગલના પાર્ટનર શંકી અગ્રવાલે કહ્યું કે, વેપાર શરૂ કરવાની પ્રક્રિયા સરળ અને સસ્તી થવાને કારણે નવી કંપનીઓની નોંધણી (રજિસ્ટ્રેશન) માં વધારો થયો છે. તેમણે વધુમાં જણાવ્યું કે, "કંપનીને લગતી નાની-મોટી ભૂલો માટે હવે જેલ જેવી સજા થતી નથી અને નિયમો હળવા થયા છે, જેના કારણે વેપારીઓમાં દંડનો ડર અને કાયદાકીય ખર્ચ ઘટી ગયો છે." અગ્રવાલે ઉમેર્યું કે આનાથી વેપારીઓનો આત્મવિશ્વાસ વધ્યો છે અને લોકો હવે પોતાના ધંધાની

(અનુ. આઠમા પાને)




- **જાન્યુઆરી-૨૦૨૫: ૬,૨૯૮ એલએલપી નોંધાઈ હતી.**
- **જાન્યુઆરી-૨૦૨૬: આ સંખ્યા વધીને ૧૦,૦૮૧ થઈ (અંદાજે ૬૦% નો વધારો).**
- **જાન્યુઆરી-૨૦૨૬ માં નવી કંપનીઓની નોંધણી પણ વધીને ૨૩,૨૭૬ પર પહોંચી ગઈ છે.**
- **નાણાકીય વર્ષ ૨૦૨૫: કુલ ૫૪,૫૪૬ એલએલપીની નોંધણી થઈ હતી.**
- **નાણાકીય વર્ષ ૨૦૨૬: ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ૧૦ મહિનામાં જ ૭૬,૬૯૬ એલએલપી નોંધાઈ ચૂકી છે.**
- **કંપનીઓની નોંધણીમાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો છે, જે ગત વર્ષના ૧,૪૨,૩૦૯થી વધીને ૨,૦૧,૧૮૪ થઈ છે.**

# ચોતરફ હરિયાળી: શેરબજાર, સોના-ચાંદીમાં તેજી, રૂપીયો સુધર્યો

## ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ, આરબીઆઈએ રેપોરેટ યથાવત રાખતા અને એસબીઆઈના સારા ક્વાર્ટરલી પરિણામોનાં કારણે સેન્સેક્સ નિફ્ટીમાં ઉછાળો

**ચાંદીના ભાવમાં રૂ.૧૧૫૦૦ અને સોનાના ભાવમાં રૂ.૧૫૦૦નો વધારો: ડોલર સામે રૂપીયો ૧૦ પૈસા મજબુત**



**અબતક, રાજકોટ**

ભારત અને અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલ ફાઈનલ થતા આરબીઆઈ દ્વારા વ્યાજદર યથાવત રાખવામાં આવતા અને એસબીઆઈ બેંકના સારા ત્રિ-માસિક પરિણામોના કારણે આજે ઉઘડતા સપ્તાહે ચોતરફ હરિયાળી જોવા મળી હતી. શેરબજારમાં ઉછાળો જોવા મળ્યો હતો. સોના અને ચાંદીના ભાવમાં વધારો નોંધાયો હતો. જ્યારે અમેરિકી ડોલર સામે ભારતીય રૂપીયો પણ મજબુત બન્યો હતો. રોકાણકારોના હૈયે હરખ દેખાયો હતો.

આજે ઉઘડતા સપ્તાહે સેન્સેકસે ફરીએકવાર ૮૪ હજારની સપાટી કુદાવી હતી ઈન્ટ્રાડેમાં સેન્સેકસની ઉપલી સપાટી ૮૪૩૧૪ રહેવા પામી હતી જયારે નીચલી સપાટી ૮૩૮૬૦ રહેવા પામી હતી. જયારે નિફ્ટીની દિવસ દરમિયાનની ઉપલી સપાટી ૨૫૯૨૨ રહેવા પામી હતી જયારે નીચલી સપાટી રૂ. ૨૫૭૯૧ રહેવા પામી હતી. એસબીઆઈ બેંકના સારા પરિણામોના કારણે આજે બેંકીંગ સેકટરમાં ઉછાળો જોવા મળ્યો હતો. બેંક નિફ્ટી ૪૭૫ પોઈન્ટથી વધુ વધી હતી જયારે નિફ્ટી મીડકેપ ૧૦૦માં પણ ૬૭૦થી વધુ પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો હતો. રિયાલીટી સેકટર પણ મજબૂત જણાતું હતુ. બુલિયન બજારમાં પણ મજબૂત જોવા મળી હતી. એમસીએકસ પર આજે ચાંદીના ભાવમાં ૧૨ હજારથી વધુનોવધારો રહ્યો હતો. જયારે સોનાના ભાવ ૧૭૫૦ રૂપીયાથી વધુ ઉછાળ્યા હતા. ચાંદીના ભાવ આજે રૂ.૨,૬૫,૦૦૦ની સપાટીએ પહોચી ગયા હતા જયારે વાયદા બજારમાં નીચલી સપાટી રૂ. ૨,૫૮,૦૦૦ રહેવા પામી હતી. સોનાના ભાવ રૂ.૧,૫૮,૫૦૦એ પહોચ્યા હતા નીચલી સપાટી રૂ.૧૫૫૫૪૬ રહેવા પામી હતી અમેરિકી ડોલર સામે ભારતીય રૂપીયો ૧૪ પૈસા મજબુત બન્યો હતો.

### સેન્સેક્સમાં ૫૦૦થી વધુ અને નિફ્ટીમાં ૧૭૦થી વધુ પોઈન્ટનો ઉછાળો

આ લખાય રહ્યું છે ત્યારે સેન્સેકસ ૩૮૫ પોઈન્ટના ઉછાળા સાથે ૮૩૯૬૬ પોઈન્ટ પર નિફ્ટી ૧૩૧ પોઈન્ટના ઉછાળા સાથે ૨૫૮૨૫ પોઈન્ટ પર કામકાજ કરી રહ્યા છે. જયારે ડોલર સામે રૂપીયો ૧૪ પૈસાની મજબૂતી સાથે ૯૦.૫૩ પર ટ્રેડ કરી રહ્યો છે.

# નીટ-પીજીમાં સિંગલ આંકડાનો સ્કોર પણ સુપર સ્પેશિયાલિસ્ટ બનાવવા કાફી?

## એમબીબીએસના ૫.૫ વર્ષના અભ્યાસ બાદ તરત જ પીજીની તૈયારી કરવી અને સાથે ઈન્ટર્નશિપમાં ૧૨-૧૨ કલાકની ડ્યુટી શારીરિક અને માનસિક રીતે તોડાય છે

**અબતક, દિલ્હી**

ભારતની આરોગ્ય વ્યવસ્થા જેને આપણે દેશની કરોડરજ્જુ ગણીએ છીએ, તે આજે એક વિચિત્ર અને ચિંતાજનક વળાંક પર ઉભી છે. એક તરફ આપણે વિશ્વસ્તરીય સ્વાસ્થ્ય સુવિધાઓના સપના જોઈ રહ્યા છીએ, તો બીજી તરફ દેશના સૌથી કઠિન ગણાતા મેડિકલ ક્ષેત્રમાં પ્રવેશના માપદંડો એટલી હદે કથળી રહ્યા છે કે જેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. NEET-PG 2025 ના કટ-ઓફમાં કરાયેલો તોતિંગ ઘટાડો એ માત્ર આંકડાનો ફેરફાર નથી, પરંતુ મેડિકલ શિક્ષણની ગરિમા સામે ઉઠેલો એક મોટો સવાલ છે.

જ્યારે ગંભીર સર્જરી અને સ્ત્રી રોગ જેવા અતિ સંવેદનશીલ વિષયોમાં નિપુણતા મેળવવા માટે 'બુદ્ધિપ્રતિભા' ને બદલે માત્ર 'હાજરી' જ પૂરતી બની જાય, ત્યારે વ્યવસ્થાની ગુણવત્તા પર પ્રશ્નો ઉઠવા લાજમી છે. આ આઘાતજનક સ્થિતિ પાછળનું મુખ્ય કારણ સરકારની 'સીટો ખાલી ન રાખવાની' જીદ છે. છેલ્લા વર્ષોમાં સીટોની સંખ્યામાં વધારો

(અનુ. આઠમા પાને)

### ન હોય... મુન્નાભાઈ એમબીબીએસ તમારા હાડકા સરખા કરી દેશે?

તાજેતરના NEET-PG ના કટ-ઓફમાં થયેલા ફેરફારે મેડિકલ જગતમાં ખળભળાટ મચાવી દીધો છે. જે પરીક્ષામાં પાસ થવા માટે વિદ્યાર્થીઓ રાત-દિવસ એક કરી દેતા હતા, ત્યાં હવે જાણે 'સેલ' લાગ્યો હોય તેવી સ્થિતિ છે. હાડકાના નિષ્ણાતમાં રોહતકમાં માત્ર ૪ માર્ક્સ લાવનારને પણ એડમિશન મળ્યું છે. ગાયનેકોલોજિસ્ટમાં દિલ્હીની ટોચની કોલેજમાં માત્ર ૪૪ માર્ક્સ લાવનાર હવે ડિલિવરી કેસ સંભાળશે. બાયોકેમિસ્ટ્રીમાં -૮ માર્ક્સ હોવા છતાં સીટ મળી છે. શું આ સાચું શિક્ષણ છે કે માત્ર સીટો ભરવાની રમત? સરકાર કહે છે કે સીટો ખાલી ન રહેવી જોઈએ, પણ શું ડિગ્રી આપવાથી કાબેલિયત આવી જશે? જો પાયાનું જ્ઞાન જ શૂન્ય હશે, તો ઓપરેશન થિયેટરમાં દર્દીના જીવનું શું? ૮૦૦ માંથી ૪ માર્ક્સ એટલે કે ૧% કરતા પણ ઓછી લાયકાત ધરાવતા વિદ્યાર્થીઓ હવે સ્પેશિયાલિસ્ટ બનશે.

### ૮૦૦ માંથી માત્ર ૪ માર્કસ: વિદ્યાર્થીની નબળાઈ કે પરીક્ષાની પદ્ધતિઓ એવી છે?

બધા વિદ્યાર્થીઓ નબળા નથી. દર વર્ષે લાખો વિદ્યાર્થીઓ ખૂબ મહેનત કરીને સારા માર્કસ લાવે જ છે. પરંતુ, આ નવી પદ્ધતિ 'નબળા વિદ્યાર્થીઓને પણ રક્ષણ' આપે છે. તમારે માત્ર ૪ માર્કસ લાવવાના છે, ત્યારે મહેનત કરવાની વૃત્તિ મરી જાય છે. મેડિકલ એડ્યુકેટર્સ કહે છે કે આ "વર્કફોર્સ પ્લાનિંગ" ની નિષ્ફળતા છે. આપણે સંખ્યા વધારી રહ્યા છીએ, પણ શક્તિ ગુમાવી રહ્યા છીએ. કટ-ઓફ એટલો નીચો કરી દેવામાં આવ્યો છે કે જો તમે પરીક્ષામાં માત્ર હાજર રહો અને થોડાક જ સાચા ટીક કરો, તો પણ તમે 'ક્વોલિફાય' થઈ જાઓ છો. આનાથી એવા વિદ્યાર્થીઓ પણ અંદર આવી જાય છે જેમનામાં પાયાનું મેડિકલ જ્ઞાન પણ હોતું નથી. સરકારે બેઠકો તો વધારી દીધી, પણ તેની સામે લાયક શિક્ષકો વધાર્યા નથી. ઘણી નવી કોલેજોમાં પૂરતા દર્દીઓ નથી હોતા, જેના કારણે વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ અનુભવ મળતો નથી. જ્યારે પાયો જ કાચો હોય, ત્યારે પ્રવેશ પરીક્ષામાં સ્કોર આવવો મુશ્કેલ છે.


# આજે વિશ્વ એપીલેપ્સી દિવસ

# મગજની વીજળી: એપીલેપ્સી (વાઈ)ની અજાણી સફર

## વાઈ એ એક સામાન્ય બીમારી છે, જે દુનિયાભરમાં લાખો લોકોને અસર કરે છે: આંચકી, તાણ કે ફીટ આવવી એ વાઈ ની બીમારીનું મુખ્ય લક્ષણ છે, વાઈના દર્દીઓને વારંવાર કે બે કે તેથી વધુ વખત અચાનક જ આંચકી-તાણ આવી જાય છે: ફક્ત એક જ વાર આવેલી આંચકીને વાઈ કહી શકાય નહીં

એપીલેપ્સી (વાઈ) એ એક ક્રોનિક ન્યુરોલોજીકલ ડિસઓર્ડર છે, જે મગજમાં અચાનક અસામાન્ય વિદ્યુત પ્રવૃત્તિને કારણે વારંવાર, બિનઉશ્કેરણીજનક હુમલાઓ દ્વારા વર્ગીકૃત થયેલ છે. આ સ્થિતિ તમામ ઉંમરના લોકોને અસર કરે છે અને વિશ્વભરમાં ચોથા સૌથી સામાન્ય ન્યુરોલોજીકલ સ્થિતિ તરીકે સ્થાન ધરાવે છે. આજે વિશ્વભરમાં લગભગ પાંચ કરોડ લોકોને અસર કરે છે. આજે વિશ્વ લેવલે તેની જન જાગૃતિ માટે દિવસ ઉજવાય રહ્યો છે. WHO દ્વારા બિન-ચેપી રોગોના નિવારણ અને નિયંત્રણમાં વાઈને ટોચની પ્રાથમિકતાઓમાંની એક તરીકે ઓળખવામાં આવી હતી, અને ૨૦૨૨-૨૦૩૧ માટે વાઈ અને અન્ય ન્યુરોલોજીકલ ડિસઓર્ડર પર એક ખાસ આંતર-મૌખિક વૈશ્વિક કાર્ય યોજના અપનાવવામાં આવી છે.એપીલેપ્સી એ મગજનો એક ક્રોનિક બિન-ચેપી રોગ છે જે તમામ ઉંમરના લોકોને અસર કરે છે.

એપીલેપ્સી એ વિશ્વભરમાં તમામ ઉંમરના વ્યક્તિઓને અસર કરતી સૌથી સામાન્ય ગંભીર મગજની સ્થિતિઓમાંની એક છે, સામાન્ય વસ્તીની તુલનામાં અકાળ મૃત્યુનું જોખમ ત્રણ ગણું વધારે છે, અને મગજમાં અસામાન્ય અતિશય અથવા સિંક્રનસ ચેતાકોષીય




પ્રવૃત્તિને કારણે વારંવાર, બિનઉશ્કેરણીજનક હુમલા દ્વારા વર્ગીકૃત થયેલ છે. આ રોગ આરોગ્ય પ્રણાલીઓ, સમાજો અને અસરગ્રસ્ત વ્યક્તિઓ અને તેમના પરિવારો પર નોંધપાત્ર આર્થિક, મનોસામાજિક, શારીરિક અને માનસિક બોજ લાદે છે.

વાઈ, આંચકી અને તાણ (EPILEPSY) માં વાઈ એ એક સામાન્ય બીમારી છે, જે દુનિયાભરમાં લાખો લોકોને અસર કરે છે.આંચકી,તાણ, ફીટ આવવી એ વાઈ ની બીમારીનું મુખ્ય લક્ષણ છે. વાઈના દર્દીઓને વારંવાર કે બે કે તેથી વધુ વખત અચાનક જ આંચકી-તાણ આવી જાય છે. ફક્ત એક જ વાર આવેલી આંચકીને વાઈ કહી શકાય નહીં.આ બીમારી મગજમાં વધુ પડતી કે અસામાન્ય વિદ્યુત પ્રવૃતિને લીધે ઉદભવે છે.આ બીમારી કોઈ પણ ઉંમરે શરૂ થઈ શકે છે.મોટા ભાગના દર્દીઓમાં વાઈ જીવનભર રહેતી નથી. વારંવાર આવતી ખેંચ મગજ ને નુકસાન પહોંચાડી શકે છે તથા અકસ્માતે શારીરિક હાની કરી શકે છે, તેથી આ બીમારીમાં દવાઓ લેવી ખૂબ જ જરૂરી અને હિતાવહ છે. નિયમિત દવાઓ અને જીવનશૈલીમાં સામાન્ય ફેરફાર કરીને વાઈગ્રસ્તોમાંથી લગભગ ૮૦ ટકા દર્દી તેમની આંચકીઓને નિયંત્રણમાં લઈ શકે છે. એપિલેપ્સીથી પીડાનારામાં ઘણા બધા મહાન રમતવીરો, સંગીતકારો,કલાકારો વગેરે પણ છે, અને તેમ છતાં તેઓ સંબંધિત ક્ષેત્રોમાં, સર્વોચ્ચતમ ઊંચાઈએ પહોંચી લક્ષ્યાંકો હંસલ કરી શક્યા છે. વિશ્વભરમાં અંદાજે પાંચ કરોડ લોકોને વાઈ છે, જે તેને વૈશ્વિક સ્તરે સૌથી સામાન્ય ન્યુરોલોજીકલ રોગોમાંનો એક બનાવે છે.વાઈના લગભગ ૮૦% લોકો ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોમાં રહે છે. એવો અંદાજ છે કે જો યોગ્ય રીતે નિદાન અને સારવાર



કરવામાં આવે તો વાઈથી પીડાતા ૭૦% લોકો હુમલા મુક્ત રહી શકે છે.વાઈના દર્દીઓમાં અકાળ મૃત્યુનું જોખમ સામાન્ય વસ્તી કરતા ત્રણ ગણું વધારે હોય છે.ઓછી આવક ધરાવતા દેશોમાં રહેતા વાઈના ત્રણ ચતુર્થાંશ લોકોને જરૂરી સારવાર મળતી નથી. વિશ્વના ઘણા ભાગોમાં, વાઈના દર્દીઓ અને તેમના પરિવારો કલંક અને ભેદભાવથી પીડાય છે. આ સમસ્યા હલનચલનના ટૂંકા ગાળાનો એપિસોડ છે, જેમાં શરીરના એક ભાગ (આંશિક) કે આખા શરીર (સામાન્યકૃત) સામેલ હોઈ શકે છે, અને ક્યારેક ચેતના ગુમાવવા અને આંતરડા કે મૂત્રાશયના કાર્ય પર નિયંત્રણ સાથે હોય છે.

મગજના કોષોના જૂથમાં અતિશય વિદ્યુત સ્રાવને કારણે હુમલાના હુમલા થાય છે. મગજના વિવિધ ભાગો આવા સ્રાવનું સ્થળ હોઈ શકે છે. હુમલામાં ધ્યાન ગુમાવવાથી લઈને સ્નાયુઓના ધક્કા ખાવાથી લઈને ગંભીર અને લાંબા સમય સુધી ખેંચાણ આવવા સુધીનો સમય લાગી શકે છે. હુમલાની આવર્તન પણ બદલાઈ શકે છે.

વિશ્વભરમાં ૧૦% જેટલા લોકોને તેમના જીવનકાળ દરમિયાન એક વાર હુમલો આવે છે. એપીલેપ્સીને બે કે તેથી વધુ ઉશ્કેરણી વગરના હુમલા તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. એપીલેપ્સી એ વિશ્વની સૌથી જૂની માન્યતા પ્રાપ્ત સ્થિતિઓમાંની એક છે, જેના લેખિત રેકોર્ડ ૪૦૦૦ બીસીઈનો છે. ભય, ગેરસમજ, ભેદભાવ અને સામાજિક કલંક સદીઓથી વાઈને ઘેરી રહ્યા છે. આ કલંક આજે પણ ઘણા દેશોમાં ચાલુ છે, અને આ રોગ ધરાવતા લોકો અને તેમના પરિવારોના જીવનની ગુણવત્તા પર અસર કરી શકે છે. સમસ્યા નિવારણ માટે ગ્લોબલ એક્શન પ્લાન અપનાવ્યો, જેનો ઉદ્દેશ્ય ન્યુરોલોજીકલ ડિસઓર્ડર ધરાવતા લોકો, તેમના સંભાળ રાખનારાઓ અને પરિવારોની સારવાર અને સંભાળ અને જીવનની ગુણવત્તામાં સુધારો કરવાનો તેમજ સમગ્ર જીવનકાળ દરમિયાન મગજના સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવાનો છે. તેમાં વૈશ્વિક લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે તમામ હિસ્સેદારો દ્વારા હાથ ધરવામાં આવનારી ક્રિયાઓનો સમાવેશ થાય છે. વૈશ્વિક કાર્ય યોજનાના વ્યૂહાત્મક ઉદ્દેશ્યો નીતિ અને શાસન, અસરકારક, સમયસર અને પ્રતિભાવશીલ નિદાન, સારવાર અને સંભાળ, પ્રોત્સાહન અને નિવારણ, સંશોધન, નવીનતા અને માહિતી પ્રણાલીઓ અને વાઈ માટે જાહેર આરોગ્ય પ્રતિભાવ જેવા મુદ્દાઓને સંબોધિત કરે છે. આ વર્ષની ઉજવણી થીમ EpilepsyPledge ઝુંબેશ પર કેન્દ્રિત છે, જે જાગૃતિને નક્કર કાર્યવાહીમાં રૂપાંતરિત કરવા માટે રચાયેલ પરિવર્તનશીલ પહેલ છે.

દુ:ખદ વાત એ છે કે, દર વર્ષે વાઈથી પીડાતા ૧૦૦૦ માંથી ૧ વ્યક્તિ વાઈ સંબંધિત કારણોથી અચાનક મૃત્યુ પામે છે, જે ઘણીવાર સારવારની અપૂરતી પહોંચને કારણે વધુ ખરાબ થાય છે. ભારતમાં, વાઈનો ફેલાવો દર એક હજાર લોકો દીઠ ૫-૧૦ હોવાનો અંદાજ છે, જે આશરે ૮૦ લાખ લોકોને અસર કરે છે. મર્યાદિત આરોગ્યસંભાળ સુવિધા અને વાઈની ઓછી જાગૃતિને કારણે ગ્રામીણ વિસ્તારોમાં આ ફેલાવો વધુ જોવા મળે છે. પ્રારંભિક હસ્તક્ષેપ મહત્વપૂર્ણ સાબિત થાય છે, કારણ કે અભ્યાસો દર્શાવે છે કે યોગ્ય સારવાર અને ચાલુ તબીબી સંભાળ દ્વારા ૭૦% કેસોને અસરકારક રીતે નિયંત્રિત કરી શકાય છે.

### મગજના તરંગો અને એપીલેપ્સીની કહાની

આ દિવસના વૈશ્વિક સંદેશમા લોકોને વાઈ શું છે તે શીખવામાં, દંતકથાઓને દૂર કરવામાં અને આ સ્થિતિ સાથે જીવતા લોકો દ્વારા સામનો કરવામાં આવતા પડકારોને વધુ સારી રીતે સમજવામાં મદદ કરે છે. ધ્યેય એવી જાગૃતિ લાવવાનો છે, જે સહાનુભૂતિ, સમાવેશ અને કાર્યવાહી તરફ દોરી જાય છે. હુમલાના વિકારોને સમજવા અને વાઈની જાગૃતિને ટેકો આપવાથી આપણા સમુદાયોમાં દરેકને ફાયદો થાય છે. ભલે તમે આંતરરાષ્ટ્રીય વાઈ દિવસ પર જાંબલી રંગ પહેરો, ઊાશહયાતુ હ્નયમલય બનાવો કે ફક્ત યોગ્ય હુમલાની પ્રાથમિક સારવાર શીખો તમારા દરેક કાર્યો વધુ સમાવિષ્ટ વિશ્વને પ્રોત્સાહન આપે છે.એપીલેપ્સી માટે વહેલા નિદાન અને તબીબી સંભાળનું મહત્વ ખુબજ ફાયદો કરે છે. EEG અને MRI દ્વારા સમયસર નિદાન સ્ટેટસ એપિલેપ્ટીકસનું જોખમ ઘટાડે છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

**૨૦૨૩-૩૧ માટે વાઈ અને અન્ય ન્યુરોલોજીકલ ડિસઓર્ડર પર એક ખાસ આંતર-મૌખિક વૈશ્વિક કાર્ય યોજના અપનાવવામાં આવી છે: આ બીમારી મગજ માં વધુ પડતી કે અસામાન્ય વિદ્યુત પ્રવૃતિને લીધે ઉદભવે છે: આ બીમારી કોઈ પણ ઉંમરે શરૂ થઈ શકે છે: મોટા ભાગના દર્દીઓમાં વાઈ જીવનભર રહેતી નથી: વિશ્વભરમાં લગભગ પાંચ કરોડ લોકોને આ સમસ્યા અસર કરે છે**

# ગોંડલ: શેમળા પ્રાથમિક શાળામાં યોજાયો દેશી રમતોત્સવ

**અબતક,**
**હરેશ ગણોદીયા, ગોંડલ**

ગોંડલની શ્રી શેમળા પ્રાથમિક શાળામાં નવરંગ નેચર કલબના સહયોગથી આધુનિક સમયમાં વિસરાય ગયેલી વિવિધ દેશી જૂની શેરી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવર્તમાન સમયમાં જ્યારે બાળકો મનોરંજન માટે જ્યારે મોટે ભાગે ટી.વી. અને મોબાઈલમાં જ સમય પસાર કરે છે ત્યારે શાળામાં આવા આયોજન થકી વિદ્યાર્થીઓમાં ખેલ ભાવના વિકસે અને સ્વાથ્ય સંબંધિત વિકાસ થાય તે ખૂબ જરૂરી બની ગયું છે. કુલ અલગ-અલગ ૧૫ પ્રકારની શેરી રમતોનું આયોજન કરવામાં આવ્યું અને આ કાર્યમાં નવરંગ નેચર કલબના પ્રમુખ વી. ડી બાળા સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. વી.ડી.બાલા અને પ્રકૃતિપ્રેમી હિતેષભાઈ દવેએ બાળકોને માર્ગદર્શન આપ્યું અને ત્યારબાદ સમગ્ર દિવસ દરમ્યાન વિવિધ દેશી રમતો રમાડવામાં આવી હતી. ગોંડલના જાણીતા પ્રકૃતિવિદ એવા હિતેષભાઈ દવે અને તેમના સાથી મિત્ર ભૂતપૂર્વ ચીફ એન્જિનિયર, જીઈબી એવા આર.ડી મહેતા સાહેબ પણ ઉપસ્થિત રહ્યા હતા.



**વિસરાતી રમતો પ્રત્યે બાળકોને સજાગ કરવાના પ્રયાસોની સરાહના**

# સોમનાથ રેલવે રીઝવેશન ટિકિટ કચેરી ત્રણ મહિનાથી બંધ

## સોમનાથ ટ્રસ્ટે જગ્યા ન ફાળવતા સેવાથી મુસાફરો રહ્યા વંચિત

**અબતક**
**જયેશ પરમાર, સોમનાથ**

સોમનાથ મહાદેવ મંદિરે દેશ-વિદેશના તેમજ સ્થાનીક યાત્રિકો રેલવેની ટિકીટ રીઝવેશન કરાવી શકે તે માટે તત્કાલીન રેલવે તંત્રે અને સોમનાથ ટ્રસ્ટના સહયોગથી રીઝવેન બુથ સોમનાથના શોપીંગ સેન્ટરમાં ફાળવાયેલ હતું. આજથી ત્રણ માસ પૂર્વે કોરીડોર યોજનાના ભાગરુપે શોપીંગ કોમ્પલેકસને પાડી નવા સ્થળે સ્થળાંતર કરાયું છે.

પરંતુ તેમાં રેલવે ટીકીટ રીઝવેશન બુથને સોમનાથ ટ્રસ્ટે જગ્યા જ ફાળવી નથી કે યાત્રિકોનું ધ્યાન તરત જાય તેવા સ્થળે જગ્યા જ આપી નથી જેથી કચેરી બંધ છે અને વરસોની જહેમત પછી મળેલી આ કચેરીની સુવિધા છીનવાઈ ગઈ છે.

ટ્રસ્ટ જો વહેલી તકે સારી જગ્યા ફાળવે તો આ ટીકીટ કચેરી શરુ થઈ શકે યાત્રિકો હેરાન પરેશાન હાડમારી ભોગી રહ્યા છે.

# શિવરાત્રી મેળાના રૂટ પર પગપાળા ફરી મંત્રી ડો. પ્રદ્યુમન વાજા-કૌશિક વેકરીયાએ કરી સમીક્ષા

**અબતક**
**દર્શન જોશી જુનાગઢ**

રાજ્યના સામાજિક અને ન્યાય અધિકારીતા મંત્રી તથા જૂનાગઢ જિલ્લાના પ્રભારી મંત્રી ડો. પ્રદ્યુમન વાજા અને ઊર્જા રાજ્યમંત્રી તથા જૂનાગઢ જિલ્લાના સહ પ્રભારી મંત્રી કૌશિકભાઈ વેકરીયા એ ૧૧મી ફેબ્રુઆરીએ શરૂ થવાથી રહેલા મહાશિવરાત્રીના મેળાની પૂર્વ તૈયારીઓનું ગિરનાર દરવાજાથી ભવનાથ મંદિર સુધી ચાલીને સમગ્ર રૂટનું નિરીક્ષણ કર્યું હતું. અને મેળામાં પધારતા ભાવિકોને કેન્દ્રમાં રાખીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઉભી કરવામાં આવી રહેલી સુવિધાઓ અને વ્યવસ્થાઓનું સ્થળ પરથી જ નિરીક્ષણ કરીને જાણકારીઓ મેળવી હતી. મંત્રીઓ સહિતના મહાનુભવોએ નિરીક્ષણ કર્યા બાદ ભવનાથ મંદિર ખાતે પહોંચ્યા હતા અને ભવનાથ મંદિર તથા મંદિર પરિસરમાં આવેલા મૃગીકુંડ અને શ્રદ્ધાળુઓ માટે જે વ્યવસ્થાગત ફેરફારો થયા છે તેની સાથે જ મંદિર પરિસરમાં શ્રદ્ધાળુઓને કેન્દ્રમાં રાખીને જે ફેરફાર કરવામાં આવ્યા છે, તે અંગે પ્રસન્નતા વ્યક્ત કરી હતી. ઉપરાંત મંદિર પરિસરમાં ભગવાન શિવજીના કલાત્મક પેઈન્ટિંગ્સ બનાવવામાં આવ્યા છે, તેના આર્ટિસ્ટની કલાને બિરદાવી મંત્રીઓએ અભિનંદન આપ્યા હતા.



# દ્વારકા જિલ્લામાં એસઆઈઆર અંગે સ્પેશ્યલ રોલ ઓબ્ઝર્વર કે.કે. મિશ્રાની રિવ્યુ બેઠક યોજાઈ

**અબતક**
**મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

કેન્દ્રીય ઈલેકશન કમીશન તરફથી નિયુક્ત કરાયેલ સ્પેશ્યલ રોલ ઓબ્ઝર્વર કે.કે.મિશ્રા દ્વારા ગઈકાલે દેવભૂમિ દ્વારકા જિલ્લાના વડા મથક ખંભાળીયાસ્થિત જિલ્લા સેવા સદનમાં જિલ્લાના તમામ ઈ.આર.ઓ. અને એ.ઈ.આર.ઓ. એસઆઈઆર-૨૦૨૬ સાથે કામગીરી સંદર્ભે રીવ્યુ બેઠક કરવામાં આવી હતી. આ બેઠકમાં મિશ્રા દ્વારા જરૂરી સુચના તથા માર્ગદર્શન પૂરું પાડયું હતું. આ બેઠકમાં જિલ્લાની દ્વારકા તથા ખંભાળીયા વિધાનસભાના ઈ.આર.ઓ.એ પોતાની વિધાનસભામાં હાલ સુધીમાં થયેલ સ્પેશ્યલ ઈન્ટેન્સીવ રીવીઝનની કામગીરીની વિગતો આપી હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટર રાજેશ તન્ના, નિવાસી અધિક કલેકટર ભૂપેશ જોટાણીયા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી એ.જે.રાજપૂત તથા તમામ એ.ઈ.આર.ઓ. ઉપસ્થિત રહયા હતા.




## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૯-૦૨-૨૦૨૬ સોમવાર**

૧૧:૦૦ થી ૦૨:૦૦ સંસદ બજેટ સત્ર (લાઈવ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (અપ્પમ)+(ચીઝ અંગુરી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.અર્ચના પીઠડીયા)
૦૪:૩૦ થી ૦૪:૫૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૪:૫૦ થી ૦૭:૨૦ ગુજરાતી નાટક (બૈરાઓનો બાહુબલી)
૦૭:૨૦ થી ૦૭:૪૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૪૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૦-૦૨-૨૦૨૬ મંગળવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા(પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ



**તા. ૧૦-૨ -૨૦૨૬ મંગળવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** મહા વદ આઠમ સીતાનોમ વિછુડો
**નક્ષત્ર** વિશાખા
**યોગ** ધ્રુવ **કરણ:** કૌલવ
**સુર્યોદય** ૭.૨૨ **સુર્યાસ્ત:** ૬.૪૧
**ચંદ્ર રાશી** વૃશ્ચિક
**રાશિ અક્ષર** ન.ય
**દિશાશૂળ** ઉત્તર દશા તરફ
**રાહુકાળ** બપોરે ૩ થી ૪.૩૦
**દિવસનાચોઘડીયા** રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ
**રાત્રીનાચોઘડીયા** કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૯ થી ૧.૨૪

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૫૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | | ૭ | | | | | | ૪ |
| | ૨ | | ૮ | | | ૫ | ૯ | |
| | | | | ૩ | | ૬ | | |
| ૪ | | | | | ૫ | ૧ | | |
| | ૬ | ૨ | | | | | ૫ | ૩ |
| | | | | ૨ | | ૭ | ૮ | |
| | ૮ | ૧ | ૭ | | ૪ | | | |
| | | | ૨ | | | | | |
| ૩ | | | | ૬ | ૧ | | | ૮ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૫૪ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૩ | ૪ | ૨ | ૫ | ૭ | ૧ | ૬ | ૯ |
| ૬ | ૫ | ૯ | ૩ | ૪ | ૧ | ૮ | ૭ | ૨ |
| ૭ | ૨ | ૧ | ૮ | ૯ | ૬ | ૩ | ૪ | ૫ |
| ૨ | ૪ | ૩ | ૫ | ૧ | ૯ | ૭ | ૮ | ૬ |
| ૯ | ૬ | ૮ | ૭ | ૨ | ૪ | ૫ | ૧ | ૩ |
| ૫ | ૧ | ૭ | ૬ | ૮ | ૩ | ૯ | ૨ | ૪ |
| ૪ | ૭ | ૫ | ૯ | ૬ | ૮ | ૨ | ૩ | ૧ |
| ૩ | ૯ | ૬ | ૧ | ૭ | ૨ | ૪ | ૫ | ૮ |
| ૧ | ૮ | ૨ | ૪ | ૩ | ૫ | ૬ | ૯ | ૭ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૦.૨.૨૦૨૬, મંગળવાર, સંવંત ૨૦૮૨, મહા વદ નોમ, આઠમ, વિશાખા નક્ષત્ર, ધ્રુવ યોગ, કૌલવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ વૃશ્ચિક (ન,ય) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** નજીકના ક્ષેત્રો માં મધ્યમ રહે પરંતુ દૂર દેશથી સારા સમાચાર મળે, આગળ વધવાની તક મળે.

**વૃષભ (બ,વ,ઉ) :** જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, નવા મિત્રો બનાવી શકો,શુભ દિન.

**મિથુન (ક,છ,ઘ) :** તબિયતની કાળજી લેવી, ખાવા-પીવામાં ખ્યાલ રાખવો પડે, જીવન પદ્ધતિમાં ફેરફાર કરવા પડે.

**કર્ક (ડ,હ) :** પ્રણયમાર્ગે આગળ વધી શકો, પ્રિયપાત્રથી મુલાકાત થાય, મનની વાત વ્યક્ત કરી શકો, આનંદદાયક દિવસ.

**સિંહ (મ,ટ) :** જમીન મકાન વાહન સુખ સારું રહે, પ્રોપર્ટી અંગે યોગ્ય નિર્ણય કરી શકો, દિવસ લાભદાયક રહે.

**કન્યા (પ,ઠ,ણ) :** મિત્રોની મદદ થી કાર્ય થાય, ભાઈ ભાંડુ સુખ સારું રહે,પરિવાર સાથે આનંદ કરી શકો.

**તુલા (ર,ત) :** તમારા સૌમ્ય વાણી વર્તનથી કાર્ય સિદ્ધ થાય,એકધારા પ્રયત્નોથી સફળતા મળે, આગળ વધી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** નોકરી ધંધો શોધતા મિત્રો માટે શુભ દિન, કામકાજમાં સફળતા મળે,દિવસ પ્રગતિકારક અને શુભ રહે.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** કામકાજમાં નુકસાની ના જાય એ જોવું,ભાગીદારીમાં સંભાળવું, નવા સાહસ માં કાળજી રાખવી, મધ્યમ દિવસ.

**મકર (ખ,જ) :** સગા સ્નેહી મિત્રોથી સારું રહે, લેખન વાંચન મંથન થી આનંદ મળે.રચનાત્મક કાર્ય કરી શકો.

**કુંભ (ગ ,સ,શ) :** વેપારીવર્ગને સારું રહે, સ્ત્રી વર્ગ માટે પણ દિવસ ઉત્સાહજનક રહે, નોકરિયાતવર્ગે સમજીને ચાલવું.

**મીન (દ,ચ,ઝ,થ) :** ધ્યાન યોગ મૌન થી લાભ થાય, ધાર્મિક કાર્યમાં સહભાગી થઈ શકો, આધ્યાત્મિક ચિંતન થાય, પવિત્ર વ્યક્તિને મળી શકો.

# સમૂહ લગ્નોત્સવ સમાજ માટે સંવેદના અને એકતા ઉત્તમનું ઉદાહરણ: મંત્રી પરષોત્તમ સોલંકી

## ઉના સમસ્ત કોળી સમાજનો ચોથો સમૂહ લગ્નોત્સવ ૧૩ યુગલોએ પ્રભુતામાં પગલાં માંડ્યા

### મારા પિતાએ સમૂહ લગ્ન માટેની વાવેલા બીજ આજે વટવૃક્ષ પ્રમુખ દિવ્યેશ સોલંકી



અબતક સાથેની વાતચીતમાં ગુજરાત કોળી સેના યુવા પ્રમુખ દિવ્યેશ સોલંકીએ જણાવ્યું હતું કે,કોળી સમાજના ભીષ્મ પિતા સમાન એવા તેમના પિતાએ તેમને હંમેશા શીખ આપી હતી કે તાલુકા-તાલુકાએ કોળી સમાજના સમૂહ લગ્ન યોજાવા જોઈએ.તેમણે જણાવ્યું હતું કે સૌપ્રથમ ૧૯૯૬માં રામપર ખાતે સમૂહ લગ્ન યોજાયા, ત્યારબાદ ૧૯૯૬માં ના ખાતે બીજા સમૂહ લગ્ન યોજાયા હતા. આ વિચાર પાછળનો મુખ્ય હેતુ એવો હતો કે સમાજની કોઈપણ વ્યક્તિને દીકરા કે દીકરીના લગ્ન સમયે આર્થિક કે સામાજિક કોઈ તકલીફ ન પડે અને સાથે સાથે સમાજનું સંગઠન મજબૂત બની રહે.દિવ્યેશ સોલંકીએ વધુમાં જણાવ્યું હતું કે,આજે મારા પિતાએ વાવેલું બીજ વટવૃક્ષ બની ગયું છે. દીપાબેન બાંભણિયાના સશક્ત નેતૃત્વ હેઠળ આજે માતા-પિતા વિહોણી ૧૩ દીકરીઓને ધામધૂમથી સાસરે વળાવવામાં આવી છે. સમાજ તરફથી તેમને લાયક કરિયાવર આપી સન્માનપૂર્વક વિદાય આપવામાં આવી છે, જે કોળી સમાજની એકતા અને સંવેદનશીલતાનું ઉત્તમ ઉદાહરણ છે.





### દીકરીઓને એક જ સંદેશ છે કે સમાજના કાર્યોમાં જોડાઓ: દીપાબેન બાંભણિયા



જૂનાગઢ તથા ગીર સોમનાથ જિલ્લા કોળી સેના પ્રમુખ દીપાબેન બાંભણિયાએ સમૂહ લગ્ન સમારોહ અંગે જણાવ્યું હતું કે,આ સમૂહ લગ્નમાં માતા-પિતાની છાયા ગુમાવેલી ૧૩ દીકરીઓ નવા જીવનમાં પ્રવેશ કરી રહી છે. આ ક્ષણ મારા માટે ભાવુક અને ગૌરવભરી છે. હું પણ એક દીકરી છું અને દીકરીઓ સમાજના દરેક ક્ષેત્રમાં આગળ આવી શકે છે.તેમણે વધુમાં કહ્યું કે, ''મારી દીકરીઓને એક જ સંદેશ છે કે સમાજના કાર્યોમાં જોડાઓ, શિક્ષણ અને સંસ્કાર સાથે આગળ વધો, માતા-પિતા, સાસુ-સસરા અને સમગ્ર સમાજનું નામ રોશન કરો. સમાજ હંમેશા તમારી સાથે ઊભો છે.

**અબતક, ભાવેશ ઠાકર, ઉના**

ઉના-ગીરગઢડા તાલુકા સમસ્ત કોળી સમાજ અને કોળી સેના દ્વારા આયોજિત તથા દીપસ્વી એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી ચોથો સમૂહ લગ્ન સમારોહ ભવ્ય અને શિસ્તબદ્ધ રીતે સંપન્ન થયો. આ સમારોહ સમાજ માટે માત્ર એક લગ્નોત્સવ નહોતો, પરંતુ સેવા, સંવેદના, એકતા અને સામાજિક જવાબદારીનો જીવંત દાખલો બની રહ્યો.આ સમૂહ લગ્ન સમારોહની માતા-પિતા વિહોણી ૧૩ દીકરીઓએ નવા જીવનમાં પગલાં માંડ્યા. જીવનની સંઘર્ષમય પરિસ્થિતિઓ વચ્ચે સમાજે આ દીકરીઓના હાથમાં હાથ આપી તેમને માનભેર નવી શરૂઆત અપાવી, જે સમગ્ર વિસ્તારમાં પ્રશંસાનું કેન્દ્ર બન્યું.

**દીપાબેન બાંભણિયાનાં માર્ગદર્શન હેઠળ આયોજન**

આ ભવ્ય સમૂહ લગ્ન સમારોહનું આયોજન જૂનાગઢ તથા ગીર સોમનાથ જિલ્લા કોળી સેના પ્રમુખ દીપાબેન બાંભણિયાના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું. તેમના પ્રયાસોથી સમારોહમાં વ્યવસ્થા, શિસ્ત અને માનવતાનો અનોખો સંગમ જોવા મળ્યો.

લગ્ન સમારોહમાં વર-વધુ માટે જરૂરી તમામ વ્યવસ્થાઓ સમાજ દ્વારા કરવામાં આવી હતી. મંડપ, ભોજન વ્યવસ્થા, વસ્ત્રો, ઘરગથ્થુ સામગ્રી અને આશીર્વાદરૂપે આપવામાં આવેલી ભેટો દ્વારા નવદંપતિઓને નવા જીવન માટે મજબૂત આધાર પૂરો પાડવામાં આવ્યો.આ સમારોહમાં રાજ્યના મંત્રી પુરસોતમભાઈ સોલંકી, રાજુલા- જાફરાબાદના ધારાસભ્ય હિરાભાઈ સોલંકી, વેરાવળના ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમા, ગુજરાત કોળી સેના યુવા પ્રમુખ દિવેશભાઈ સોલંકી સહિત સમગ્ર રાજયમાંથી કોળી સમાજના આગેવાનો, કાર્યકરો અને મોટી સંખ્યામાં સમાજબંધુઓ ઉપસ્થિત રહ્યા હતા.



આ તમામ આગેવાનોની હાજરીએ સમારોહને વિશેષ મહત્ત્વ આપ્યું હતું અને સમાજમાં એકતાનો સંદેશ વધુ મજબૂત બન્યો હતો.

રાજ્યમંત્રી પુરસોતમભાઈ સોલંકીએ સમારોહને સંબોધતા ૧૩ નવદંપતિઓને આશીર્વાદ પાઠવ્યા અને જણાવ્યું હતું કે સમાજ દ્વારા આયોજિત આવા સમૂહ લગ્ન સમારોહો આર્થિક રીતે નબળા પરિવારો માટે આશીર્વાદ સમાન છે.

તેમણે સમાજમાં એકતા જાળવવાની હાકલ કરતા જણાવ્યું હતું કે, ''જ્યારે સમાજ સંગઠિત રહેશે ત્યારે કોઈ પણ મુશ્કેલી સામે મજબૂતીથી ઊભો રહી શકશે. સમાજને જ્યારે પણ જરૂર પડશે, ત્યારે હું અને સરકાર સમાજની સાથે ખભે ખભા મિલાવી ઊભા રહીશું.''

રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય હિરાભાઈ સોલંકીએ સમાજને સંબોધતા જણાવ્યું હતું કે કોળી સમાજે સમયની સાથે પોતાનું મજબૂત બંધારણ ઊભું કરવું જરૂરી છે. તેમણે કહ્યું કે સમાજના સારા પ્રસંગોમાં હાજરી ન આપી શકાય તેવી પરિસ્થિતિ બની શકે, પરંતુ સમાજ પર દુઃખ આવે ત્યારે તેમનો પરિવાર હંમેશા સમાજની સાથે ઊભો રહ્યો છે અને આગળ પણ રહેશે.તેમણે સમાજને શિક્ષણ, સંગઠન અને સહકાર પર ભાર મૂકવા અપીલ કરી હતી. આ સમૂહ લગ્ન સમારોહને સફળ બનાવવા માટે ઉના શહેર તથા તાલુકા કોળી સેના ના યુવાનોએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. નગર સેવક મનોજભાઈ બાંભણિયા અને તેમની ટીમે આયોજન, વ્યવસ્થા અને સંકલન માટે ભારે જહેમત ઉઠાવી હતી.સમૂહ લગ્ન સમારોહ દરમિયાન સમાજના વડીલો, મહિલાઓ અને યુવાનોમાં ઉત્સાહ અને ગૌરવની લાગણી જોવા મળી હતી. માતા-પિતા વિહોણી દીકરીઓને સમાજે પોતાની દીકરી સમજી સન્માનપૂર્વક વિદાય આપી, જે સમાજની સંવેદનશીલતા અને સામૂહિક જવાબદારીને દર્શાવે છે.

---

## હર હર મહાદેવ જય ગીરનારીના નાદ વચ્ચે

# જૂનાગઢ: મહાશિવરાત્રીના મેળાને અલૌકિક બનાવવા સરકાર પ્રતિબદ્ધ



## મહાશિવરાત્રીના મેળામાં નવા આયામો ઉમેરાયા: કલેકટરની નેતૃત્વમાં ૨૦ કમીટીઓ કાર્યરત

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

જૂનાગઢના વિશ્વ પ્રસિધ્ધ મહા શિવરાત્રીનો મેળો આ વખતે અદભુત અલૌકિક બનશે મેળાનું કાઉન્ટ ડાઉન શરુ થઈ ચુક્યું છે. જૂનાગઢ ભણી સંતો અને ભાવિકોનો પ્રવાહ શરુ થઈ ચુક્યો છે.

રાજ્ય સરકારના પ્રયાસોથી જૂનાગઢ ભવનાથ ગીરી તળેટીમાં યોજાતા મહાશિવરાત્રીના મેળામાં નવા આયામો ઉમેરાયા છે, આ માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આશરે છેલ્લા બે મહિનાથી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. મેળામાં આવતા લાખો ભાવિકોને કેન્દ્રમાં રાખી સુવિધાઓ અને વ્યવસ્થાઓનો પણ વ્યાપ વધારવામાં આવ્યો છે. ઉપરાંત ભવનાથ મહાશિવરાત્રીના મેળામાં અલૌકિક સુશોભન- ડેકોરેશન અને લાઈટિંગ કરવામાં આવી રહ્યું છે. સાથે જ સમગ્ર મેળા વિસ્તારમાં આધ્યાત્મિક અને સંસ્કૃતિક પરંપરા જળવાઈ રહે અને શિવ ભક્તિમય માહોલ સર્જાય તેવા કલાત્મક ચિત્રો પણ કંડારવામાં આવ્યા છે.

ભવનાથગીરી તળેટીમાં યોજાનાર મહાશિવરાત્રીના મેળાનો મહાવદ ૯ થી એટલે તા.૧૧ ફેબ્રુઆરીના રોજ ભવનાથ મંદિર પર ધ્વજારોહણ સાથે વિધિવત પ્રારંભ થશે. ત્યારે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મહાશિવરાત્રીના મેળાનું ફલક વિસ્તરે તે માટે સવિશેષ કામગીરી કરવામાં આવી રહી છે. જિલ્લા કલેક્ટર અનીલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં ૨૦થી વધુ જેટલી કમિટીઓ મહાશિવરાત્રીના મેળામાં ભાવિકોલક્ષી સુવિધાઓ વધારવા અને મેળાની દિવ્યતા ભવ્યતા વધે તે માટે કામગીરી કરી રહી છે.

મહાશિવરાત્રીના મેળાનું જે મુખ્ય આકર્ષણ રહે છે તે દિગંબર સાધુઓની રવેડીનો રૂટ પર વધારવામાં આવ્યો છે. જેથી ભાવિકોને સરળ રીતે સાધુ સંતોના દર્શનનો લ્હાવો પણ મળી રહે.જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કુલ - ૨૫ પાર્કિંગ બનાવવામાં આવ્યા છે. પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, મહાનગરપાલિકા જૂનાગઢ અને માર્ગ અને મકાન વિભાગની કામગીરીથી તૈયાર થયેલા આ પાર્કિંગના તમામ સ્થળોએ ફ્લડ લાઈટ, સેનિટેશન, સફાઈ, પીવાના પાણીની વ્યવસ્થા, રાઉન્ડ ધી ક્લોક પોલીસ બંદોબસ્ત રહેશે. આ માટે જિલ્લા કક્ષાએ પાર્કિંગ સમિતિની રચના કરવામાં આવેલ છે અને પાર્કિંગની તમામ વ્યવસ્થાનું મોનિટરીંગ તેમના હસ્તક કરવામાં આવશે.પાર્કિંગના સ્થળોએથી મુખ્ય બે પોઈન્ટ ભરડાવાવ અને ગિરનાર દરવાજાથી લોકો ભવનાથ તરફ પ્રસ્થાન કરશે. અલગ અલગ વિભાગના કુલ-૯૬૪ કર્મચારીઓને રાઉન્ડ ધી ક્લોક ફરજ સોંપવામાં આવેલ છે. કુલ-૧૩ મીની બસ દવારા આ કર્મચારીઓને બહાઉદ્દીન કોલેજથી પીક-અપ કરી ભવનાથ ખાતે જિલ્લા પંચાયત ગેસ્ટહાઉસના પાર્કિંગ સુધી પહોંચાડવાની અને શીફ્ટ પુરી થયેથી બહાઉદ્દિન કોલેજ સુધી પરત લાવવાની વ્યવસ્થા રાખવામાં આવી છે.

**ભાવિકો માટે રૂટ પર વ્યવસ્થા :**ભરડાવાવથી ભવનાથ મંદિર સુધીનું કુલ અંતર ૩.૧ કીમી થાય છે. જ્યારે ગિરનાર દરવાજાથી ભવનાથ મંદિર સુધીનું કુલ અંતર ૩.૨ કિમી થાય છે.

ભરડાવાવ તથા ગિરનાર ગેઈટથી ભવનાથ મંદિર સુધી અને રવેડીના રોડ પર જનરલ અને ડેકોરેટિવ લાઈટિંગ વ્યવસ્થા, ભીંતચિત્રો તથા ૦૬ - સેલ્ફી પોઈન્ટ તૈયાર કરવામાં આવી રહ્યું છે. જે મેળાના આકર્ષણના મુખ્ય કેન્દ્ર બની શહેશે.

સ્વૈચ્છીક સંસ્થાઓ દવારા આ રૂટ પર છાસ, શરબત, લીંબુ પાણીના નિઃશુલ્ક ૦૯ કેન્દ્રો શરૂ કરવામાં આવશે.આ રુટ પર કુલ- ૨૪ પીવાના પાણીના પોઈન્ટ રાખવામાં આવેલ છે.

**સાંસ્કૃતિક કાર્યક્રમ :**ભવનાથ ખાતે જિલ્લા પંચાયત ગેસ્ટહાઉસની સામે આવેલા મેદાનમાં ૧૧ થી ૧૪ ફેબ્રુઆરી સુધી સાંસ્કૃતિક કાર્યક્રમ આયોજિત કરવામાં આવશે.સાંસ્કૃતિક કાર્યક્રમ માટે સ્થાનિક ૨૩ કલાકારો તથા અન્ય ખ્યાતનામ આમંત્રિત ૫ કલાકારો પોતાની કલા રજુ કરશે. જેમાં મૈથિલી ઠાકુર, રાજભા ગઢવી, સુરેશ વાડકર, પાર્થ ઓઝા અને ગીતાબેન રબારી પ્રસ્તુતિ આપશેઅંદાજિત ૫૦૦૦ જેટલા લોકો આ સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળી શકે તે મુજબની વ્યવસ્થા કરવામાં આવી છે.

**ઉતારા - અન્નક્ષેત્રો માટેની વ્યવસ્થા :**મહા શિવરાત્રી મેળામાં શ્રધ્ધાળુઓને સેવા પુરી પાડવાના હેતુથી ભવનાથ વિસ્તારમાં મહાનગરપાલિકા હસ્તકની જગ્યામાં ૧૩૬ તથા વન વિભાગ હસ્તકની જગ્યામાં ૮૫ એમ કુલ-૨૨૧ ઉતારા - અન્નક્ષેત્રો કાર્યરત થનાર છે. આ ઉતારાઓ - અન્નક્ષેત્રો ખાતે પાણીની વ્યવસ્થા તથા સેનીટેશનની જરૂરી સુવિધાઓ પુરી પાડવામાં આવશે. ઉપરાંત દુધ અને છાસ સરળતાથી મળી રહે તે માટે ભવનાથ વિસ્તારમાં દુધ-છાસના કુલ ૧૭ કેન્દ્રો શરૂ કરવામાં આવશે.

**યજ્ઞશાળા અને ધુણાની વ્યવસ્થા :**મેળા દરમિયાન સાધુ સંતો ધુણા ખાતે તેમની બેઠક રાખતા હોય છે. જ્યાં ભાવિકો તેમની પાસે દર્શન અર્થે જતા હોય છે. આ વર્ષે દત્ત ચોક ખાતે વિશાળ યજ્ઞશાળા અને સાધુ સંતોને એક સાથે ધુણા મળે તે બાબતે સાધુ સંતો સાથે થયેલી બેઠકોમાં નિર્ણય કરવામાં આવ્યો છે. તે મુજબ અંદાજિત ૫૬ જેટલા ધુણા દત્ત ચોકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. ઉપરાંત યજ્ઞશાળા ખાતે સેનિટેશન અને સફાઈની વ્યવસ્થા પણ કરવામાં આવશે.

**ડમરૂ યાત્રા :**જે રીતે અન્ય ધાર્મિક આધ્યાત્મિક મેળાઓમાં સાધુ સંતોની નગર પ્રવેશની જે યાત્રા યોજાય છે, તેમ જૂનાગઢમાં મહાશિવરાત્રીના મેળાનું આધ્યાત્મિક અને સાંસ્કૃતિક મહત્વ જળવાઈ તે રીતે સાધુ સંતોના સ્વાગત માટે ભવ્ય ડમરૂ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.મહાશિવરાત્રીના મેળામાં પ્રથમ વાર યોજાનાર આ ડમરૂ યાત્રામાં સર્વ સમાજની દીકરીઓ માથે કળશ લઈ સંતોનું સ્વાગત કરશે અને સર્વ સમાજના લોકો આ ડમરુ યાત્રામા સહભાગી બનશે. મહાશિવરાત્રીના પ્રથમ દિવસે તા.૧૧મી ફેબ્રુઆરીએ ભવનાથ પ્રવેશ દ્વારથી ભવનાથ મંદિર સુધી અંદાજીત ૪૦૦ મીટરની ડમરૂ યાત્રા યોજાશે. સાંજના ૭:૦૦ કલાકથી ડમરૂ યાત્રા, ભવનાથ મંદિર ખાતે મહાઆરતી વગેરે કાર્યક્રમ યોજાશે.દર્શનનો લાભ લઈ શકશે.

**મૃગીકુંડ ખાતે શાહી સ્નાન :**મૃગી કુંડ ખાતે મોટી સંખ્યામાં સાધુ-સંતો શાહી સ્નાન કરે છે. ભવનાથ મંદિરમાં બિનજરૂરી બાંધકામો હટાવી અને મૃગીકુંડની આસપાસની જગ્યામાં વધારો થયો છે. ઉપરાંત સાધુ સંતોના શાહી સ્નાનનું લાઈવ ટેલીકાસ્ટ થઈ શકે તે માટે પણ વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

**ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન :**ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ કંટ્રોલરૂમ અને પોલીસ કંટ્રોલ રૂમ કાર્યરત રહેશે. કર્મચારીઓને રાઉન્ડ ધી ક્લોક ડ્યુટી આપવામાં આવી છે.ગિરનાર પર્વત પર પણ આ વર્ષે ૯૦ જેટલા સીસીટીવી કેમેરા ઈન્સ્ટોલ કરવામાં આવ્યાં છે તેના દ્વારા સઘન દેખરેખ રાખી શકાશે.ઈમરજન્સી એક્ઝિટ રૂટ માટે રૂપાયતન-ઈટવા ગેટ-જાંબુડી નાકા થી ભેસાણ ચોકડી નો રસ્તો આઈડેન્ટીફાય કરવામાં આવ્યો છે.

અલગ અલગ ૬ સ્થળોએ ફાયર ફાઈટર ૨૪ * ૭ રાખવામાં આવશે તથા મ.ન.પા.ના ૯ ફાયર રેસ્કયુ વાહનો ફાયર સ્ટેશન ખાતે સ્ટેન્ડબાય રાખવામાં આવશે.

આ ઉપરાંત તમામ વિભાગ કચેરીઓના સંકલન માટે કોમ્યુનિકેશન પ્લાન પણ તૈયાર કરવામાં આવેલ છે.

ડીઝાસ્ટર કંટ્રોલરૂમ ખાતેના સંપર્ક નંબર (૦૨૮૫) ૨૬૩૩૪૪૬, ૨૬૩૩૪૪૭, ૨૬૩૩૪૪૮ તથા ફાયર કંટ્રોલરૂમ ખાતેના સંપર્ક નંબર ૧૦૧, (૦૨૮૫) ૨૬૨૦૮૪૧, ૨૬૫૪૧૦૧) જાહેર કરવામાં આવ્યા છે.

---

# ગીરગઢડાના સણોસરા - અંબાડા ગામોમાં અઢી કરોડના ખર્ચે બે પુલ બનશે

## ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના હસ્તે પુલોના કરાયા ખાતમુર્હુત





**અબતક, મનુભાઈ કવાડ, ગીરગઢડા**

ગીરગઢડા પંથકના ગ્રામ્ય વિસ્તારની પરિવહન સુવિધા સુદ્રઢ બનાવવા તાલુકાના સણોસરા ગામે ૧.૨૦ કરોડ અને અંબાડા ગામે ૧.૪૦ કરોડના ખર્ચે બનનારા પુલોનું ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના હાથે કરવામાં આવ્યું હતું.

ગીર ગઢડા તાલુકાના સણોસરી ગામે અંદાજે રૂ. ૧.૨૦ કરોડના ખર્ચે બનનાર આ પુલ ગામ તેમજ આસપાસના વિસ્તાર માટે સુવિધાજનક સાબિત થવાનો છે.

આ પ્રસંગે ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ સાથે આહિર અગ્રણી બીલ્ડર ડાયાભાઈ ગુદરાસીયા જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન ડાયાભાઈ ઝાલૌધરા, તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ પ્રવિણભાઈ ચાખટ, તાલુકા પંચાયત સદસ્ય મનુભાઈ કાતરીયા ઉપપ્રમુખ પ્રતિનિધિ ભીખાભાઈ કડેચા, ધોકડવા ગામના સરપંચ કાન્તિભાઈ માળવી, જિલ્લા પંચાયત સદસ્ય દ્વારકાદાસ દોમડીયા, તેમજ સણોસરી ગામના સરપંચ ઉપસ્થિત રહયા હતા.

તેમજ ગીર ગઢડા તાલુકાના અંબાડા ગામે રૂ. ૧.૪૦ કરોડના ખર્ચે પુલનું ખાતમુહૂર્ત કરાયું હતું.અંદાજે રૂ. ૧.૪૦ કરોડના ખર્ચે બનનાર આ પુલ ગામ તેમજ આસપાસના વિસ્તાર માટે સુવિધાજનક સાબિત થવાનો છે.


**-: જાહેર નોટીસ :-**

આથી હુ નીચે સહી કરનાર હસીનાબેન આરીફભાઈ બાંગા ઉ.વ. પુખ્ત ધર્મે: મુસ્લીમ ધંધો: ઘરકામ આ જાહેર નોટીસ આપીને જણાવવાનું કે મારી પુત્રી આસ્તાના નું તા.૨૨/૧૧/૧૯૮૩ ના રોજ રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી તાલુકાના કોટડાસાંગાણી ગામે જન્મ થયેલ છે. કાયદાકીય અજ્ઞાનતા તથા શરતચુકના કારણે આસ્તાનાનો જન્મ અંગેની કોઈ નોંધ સરકારી રેકર્ડમાં આદિન સુધી કરવામાં આવેલ નથી. આથી અમોએ તા.૭/૧૨/૨૦૨૫ ના રોજ જન્મ/મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ જન્મ નોંધણી કરી આપવા અંગે મામલતદાર સાહેબ, કોટડાસાંગાણી સમક્ષ દાદ મેળવા અરજદાર/એડવોકેટ મારફત અરજી કરેલ છે.

જેથી આ અંગે જણાવવાનું કે આ જન્મનોંધ સબંધે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-30 માં લેખિત આધાર પુરાવા સાથે શ્રી મામલતદાર સાહેબ, મામલતદાર કચેરી, કોટડાસાંગાણી તા.કોટડાસાંગાણી જી.રાજકોટ સમક્ષ રજુ કરવા જેની સર્વે લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી. જેની લાગતા વળગતાઓએ તથા સબંધકર્તાઓએ નોંધ લેવા વિનંતી.

તા.૭/૨/૨૦૨૬
મુ.કોટડાસાંગાણી

**અમારા અસીલની સુચનાથી**
હસીનાબેન આરીફભાઈ બાંગા
રહે. વાણીયાશેરી
મુ.કોટડાસાંગાણી-૩૬૦૦૩૦
મો.નં.૯૭૩૭૨ ૦૦૧૧૩

**અમારા મારફત**
આર.પી. જોશી
એડવોકેટ
ગુજરાત હાઈકોર્ટ



**-: જાહેર નોટીસ :-**

આથી હું નીચે સહી કરનાર હસીનાબેન આરીફભાઈ બાંગા ઉ.વ. પુખ્ત ધર્મે: મુસ્લીમ ધંધો: ઘરકામ આ જાહેર નોટીસ આપીને જણાવવાનું કે મારી પુત્રી અજીમાનું તા.૭/૦૩/૧૯૮૫ના રોજ રાજકોટ જિલ્લાના કોટડાસાંગાણી તાલુકાના કોટડાસાંગાણી ગામે જન્મ થયેલ છે. કાયદાકીય અજ્ઞાનતા તથા શરતચુકના કારણે અજીમાનો જન્મ અંગેની કોઈ નોંધ સરકારી રેકર્ડમાં આજદિન સુધી કરવામાં આવેલ નથી. આથી અમોએ તા.૭/૧૨/૨૦૨૫ના રોજ જન્મ/મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) મુજબ જન્મ નોંધણી કરી આપવા અંગે મામલતદાર સાહેબ, કોટડાસાંગાણી સમક્ષ દાદ મેળવા અરજદાર/એડવોકેટ મારફત અરજી કરેલ છે.

જેથી આ અંગે જણાવવાનું કે આ જન્મનોંધ સબંધે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-30 માં લેખિત આધાર પુરાવા સાથે શ્રી મામલતદાર સાહેબ, મામલતદાર કચેરી, કોટડાસાંગાણી તા.કોટડાસાંગાણી જી.રાજકોટ સમક્ષ રજુ કરવા જેની સર્વે લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી. જેની લાગતા વળગતાઓએ તથા સબંધકર્તાઓએ નોંધ લેવા વિનંતી.

તા.૭/૨/૨૦૨૬
મુ.કોટડાસાંગાણી

**અમારા અસીલની સુચનાથી**
હસીનાબેન આરીફભાઈ બાંગા
રહે. વાણીયાશેરી
મુ.કોટડાસાંગાણી-૩૬૦૦૩૦
મો.નં.૯૭૩૭૨ ૦૦૧૧૩

**અમારા મારફત**
આર.પી. જોશી
એડવોકેટ
ગુજરાત હાઈકોર્ટ


# અમરેલીના લાલાવદરમાં રૂ.૧.૪૭ કરોડના ખર્ચ બનશે નવી અદ્યતન પ્રાથમિક શાળા

## ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કરાયું ખાતમુહુર્ત



**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

રાજ્ય સરકાર દ્વારા શિક્ષણના માળખાકીય વિકાસને વેગ આપવાના અભિગમ સાથે અમરેલી તાલુકાના લાલાવદર ગામે પ્રાથમિક શાળાના નવા મકાનનું ભૂમિપૂજન કરવામાં આવ્યું છે. ઉર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયા દ્વારા આ નવા શૈક્ષણિક સંકુલનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

અંદાજિત રૂ. ૧.૪૭ કરોડના ખર્ચે બની રહેલી પ્રાથમિક શાળામાં આધુનિક કલાસરૂમ અને શૈક્ષણિક સાધનોથી સજ્જ થશે જેનાથી ગ્રામ્ય વિસ્તારના બાળકોને ઘરઆંગણે ગુણવત્તાયુકત શિક્ષણ મળશે. અમરેલી સહિત વડીયા અને કુંકાવાવ તાલુકામાં પણ શાળાઓનું આયોજનબદ્ધ નિર્માણ શરૂ કરાયું છે. આ પ્રસંગે ઉર્જા રાજ્યમંત્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર શિક્ષણને સર્વાંગી વિકાસ સાથે જોડવાની નીતિ પર કાર્ય કરી રહી છે. લાલાવદર ખાતે નિર્માણ પામનાર આ નવી શાળાથી વિદ્યાર્થીઓને ભણવા માટે અનુકૂળ વાતાવરણ મળશે. નવી માળખાકીય સુવિધાઓને કારણે ગ્રામ્ય સ્તરે શાળા પ્રવેશ વધશે અને ડ્રોપ-આઉટ રેશિયો ઘટાડવામાં મોટી મદદ મળશે.


**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

**ઈલેક્ટ્રિકલ પાવર અર્થિંગનું રિન્યુઅલ, ઈલેક્ટ્રિકલ જનરલ એસેટ્સ નું અપગ્રેડેશન, સુરક્ષા સુધારણા માટે MSDAC ની જોગવાઈ, રેલ નેટનું અપગ્રેડેશન/જોગવાઈ**

| અનું. નં. | કામનું નામ | અંદાજીત પડતર | ઈએમડી પડતર |
|---|---|---|---|
| ટેન્ડર નં. ડીઆરએમ/આરજેટી/ઈએલ/૨૦૨૫-૨૦૨૬/૪૭ | | | |
| ૧. | (a) રાજકોટ ડિવિઝન :- રાજકોટ ડિવિઝનના ઈલેક્ટ્રિકલ પાવર અર્થિંગનું રિન્યુઅલ અને (b) રાજકોટ ડિવિઝન - રાજકોટની ઈલેક્ટ્રિકલ જનરલ એસેટ્સ નું અપગ્રેડેશન. | ૮૩,૭૩,૨૦૫.૫૦/- | ૧,૬૭,૫૦૦/- |
| ટેન્ડર નં. ડીઆરએમ/આરજેટી/ઈએલ/૨૦૨૫-૨૦૨૬/૪૮ | | | |
| ૨. | (a) રાજકોટ ડિવિઝન :- રાજકોટ ડિવિઝનના સુરેન્દ્રનગર સ્ટેશન ખાતે સુરક્ષા અને ભરોસાપાત્રતા સુધારણા માટે MSDAC ની જોગવાઈ (b) રાજકોટ ડિવિઝન :- વિવિધ ઓફિસો અને રેલવે કોલોનીઓ ખાતે રેલ નેટ અને ટેલીકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું અપગ્રેડેશન/જોગવાઈ. | ૧૩,૦૧,૯૫૮.૬૨/- | ૨૬,૦૦૦/- |

**ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમય:** તા. ૦૨-૦૩-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી, **ઓફિસનું સરનામુ :** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડપ રાજકોટ-૩૬૦૦૦૧. **વેબસાઈટ વિગત :** www.ireps.gov.in

RJT-198

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

તંત્રી લેખ

# ક્રિકેટમાં ભારત શહેનશાહ

જેન્ટલ મેન ગેમ ગણાતી ક્રિકેટની શોધ ભલે ઈંગ્લેન્ડમાં થઈ હોય પરંતુ તેનું પાટનગર આજે ભારત બની ગયું છે. કોઈપણ જેન્ડર હોય કે એઈઝ ગ્રુપ ક્રિકેટ જગતમાં આજે ભારતની બાદશાહત જોવા મળી રહી છે. દોઢ દાયકા પહેલા જે રિતે ઓસ્ટ્રેલિયાનું ક્રિકેટ જગત પર અડિખમ વર્ચસ્વ જોવા મળતું હોય તેનું સામ્રાજય હાલ ભારતનું છવાયું છે. છેલ્લા ત્રણ વર્ષથી ટીમ ઈન્ડિયા ક્રિકેટ જગતમાં એક સક્રિય શાસન ચલાવી રહી છે. ભલે ૨૦૨૩માં રમાયેલા વન-ડે વર્લ્ડકપમાં ભારતની હાર થઈ પરંતુ ટુર્નામેન્ટની તમામ મેચમાં ટીમ ઈન્ડિયાએ હરિફોને ધુળ ચંટાવી હતી. ૨૦૨૪માં રમાયેલા ટી-૨૦ ક્રિકેટ વર્લ્ડ કપમાં ભારતે ચેમ્પિયન શીપ હાંસલ કરી હતી એક પણ મેચ ગુમાવ્યા વિના ૨૦07 બાદ બીજી વખત ટાઈટલ જીત્યું હતું. ૨૦૨૫માં રમાયેલી ચેમ્પીયન્સ ટ્રોફીમાં પણ ભારતે એક પણ મેચ હાર્યા વિના વિશ્વ વિજેતાનું બિરૂદ મેળવ્યું હતું. માત્ર ભારતની પુરૂષ ટીમ જ ક્રિકેટ જગત પર રાજ કરી રહી છે તેવું નથી મહિલાઓ પણ ઝાંસીની રાણી બની ચૂકી છે. ગત વર્ષ નવેમ્બર માસમાં મહિલા વન-ડે ક્રિકેટ વર્લ્ડકપમાં ભારતની મહિલા ટીમે સાઉથ આફ્રિકાને હરાવી પ્રથમ વખત વર્લ્ડ કપ જીત્યો હતો. ટબુડિયાઓ પણ જાણે પાછળ રહેવા માંગતા ન હોય તેમ અન્ડર -૧૯ ક્રિકેટ વર્લ્ડકપમાં સુકાની આયુષ મ્હાત્રેની આગેવાનીમાં ભારતે ટુર્નામેન્ટમાં એકપણ મેચ ગુમાવ્યા વિના છઠ્ઠી વખત ટાઈટલ પર કબ્જો કર્યો હતો. ભારતીય ક્રિકેટનું વર્તમાન તો ઉજજવળ છે જ પરંતુ ભવિષ્ય પણ સુરજ જેમ અત્યંત તેજસ્વી છે. આજે વિશ્વની કોઈ પણ ટીમ ભારત સામે ક્રિકેટના મેદાનમાં ઉતરતા ફફડી રહી છે. અભિષેક શર્મા અને વૈભવ સુર્યવંશી જેવા આક્રમક બેટસમેનો પ્રથમ બોલથી સિકસર મારવાની તાકાત ધરાવે છે. ભારતની નેશનલ ગેમ ભલે હોકી હોય પરંતુ ભારતીવાસીઓ ક્રિકેટ પાછળ ઘેલા છે. દેશનું એકપણ શહેર કે નાનામાં નાનુ ગામ એવું નહીં હોય જયાં ક્રિકેટ રમાતું ન હોય સામાન્ય ટુર્નામેન્ટ હોય કે વિશ્વકપ ભારતની ટીમ વિજેતા બનતાની સાથે જ દેશભરમાં ઉત્સવ જેવો માહોલ સર્જાય જાય છે. દેશમાં ૩૬૫ દિવસ ક્રિકેટ ફિવર છવાયેલો રહે છે. ભારતને ક્રિકેટ પ્રેમીઓને દેશ માનવામાં આવે છે.

## ખાડાનો વિકાસ નકશો જાહેર થતા

# ત્રણ વર્ષ બાદ ખંભાળીયામાં બિનખેતી અને બાંધકામની મંજુરીને લીલીઝંડી

### ખંભાળીયા, રામનગર, શકિતનગર, હર્ષદપુર, ધરમપુર, કંચનપુર, દાતા સહિતના ૮ ગામોને મળી મંજુરી

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળીયા જિલ્લાના વડા મથકનો વિકાસ નકશો તાજેતરમાં દ્વારકા જિલ્લા કલેકટર રાજેશકુમાર તન્નાએ જાહેર કરતા આ વિકાસ નકશો જાહેર થતાં જ લાંબા સમયથી અટકેલો વિકાસ ચાલુ થયો છે.

દ્વારકા જિલ્લાના ખંભાળીયા વિસ્તાર વિકાસ મંડળ 'ખાડા'માં ખંભાળીયા, રામનગર, શકિતનગર, હર્ષદપુર, ધરમપુર, કંચનપુર તથા હરિપુર અને દાંતા એમ આઠ ગામો આવતા હતા અગાઉ આ તમામ ગામોમાં બીનખષતી થતી હતી પણ ખંભાળીયાની નજીકના અત્યંત કિમંતી જમીનો વાળા આ ગામોમાં છેલ્લા ત્રણેક વર્ષથી બીન ખેતીની પ્રક્રિયા બંધ થ, ગયેલી જેથી બીન ખેતીના પ્લાન માત્ર જાહેર કરીને વેચાણ થતા હતા પછી બીનખેતી થવાની જવાબદારી લઈને તો ગત દીવાળી પહેલા એટલેકે સવા વર્ષથી પહેલાના સમયથી ખાડા હેઠળ આવતા વિસ્તારોમાં બાંધકામ મંજુરીઓ પણ ખાડાએ આપવાની બંધ કરી દેતા અનેક સ્થળે મંજુરી વગર બાંધકામ અટકી ગયુય હતુ તો કેટલાક ઈમ્પેકટ બાંધકામો પણ બંધ થઈ ગયા હતા તથા તેમની અરજીઓ પણ લેવાતી નહતી જે હવે આ વિકાસ નકશો જાહેર થતા આ તમામ બાંધકામોની બીનખેતી, બાંધકામ મંજુરી તથા ઈમ્પેકટ અરજી ઓ શરૂ થઈ જશે.

# ઉનાઃ સમસ્ત બ્રહ્મસમાજ સમુહલગ્નોત્સવમાં ૩ યુગલોએ પ્રભુતામાં પગલા માંડયા



**અબતક, ઉના**

ઊના તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજની સમૂહ લગ્ન અને સમૂહયજ્ઞનોપવિત સમિતિ દ્વારા ૩૪મો સમૂહ લગ્ન ઉત્સવ અને સમૂહ જનોઈ નાથલીયા ઉનેવાળ બ્રાહ્મણ બોર્ડિંગ માં યોજાયેલ હતો જેમાં આચાર્ય ચેતનભાઈ જાની, રમેશ ભાઈ દિક્ષિત, મુકેશભાઈ જોશી અને શુક્લજી એ પ્રથમ પાંચ ઋષિ પુત્રોને યોજ્ઞોપવિત સંસ્કાર આપી જનોઈ ધારણ કરાવી હતી ત્યાર બાદ સમાજના ત્રણ યુગલોને વિધિ પૂર્વક લગ્ન સંસ્કાર આપી પ્રભુતામાં પગલા પાડ્યા હતા. આ પ્રસંગે યોજાયેલ સત્કાર સમારોહમાં સમૂહ લગ્ન ઉત્સવ ના આજીવન ભોજન દાતા બાબુભાઈ રામજીભાઈ ગજેરા મૂળ કાંધી ગામ હાલ સુરત રહેતાનું શીલ્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું તેમજ આ પ્રસંગે હાજર રહેલ ભરતભાઈ ભટ્ટ, ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ,રામભાઈ વાળા વિગેરે દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યોજાયેલ સમૂહ ભોજન સમારોહ માં શહેર અને તાલુકા માંથી મોટી સંખ્યામાં બ્રાહ્મણો સહ પરિવાર ભોજન લીધું હતું. આ કાર્યક્રમ સફળ બનાવવા સમસ્ત બ્રહ્મ સમાજ ઊના, સમૂહ લગ્ન સમિતિ,પરશુરામ યુવા સંસ્થાન, બ્રહ્મ કર્મચારી મંડળ, સમસ્ત બ્રહ્મ સમાજ મહિલા મંડળ ,સમાજ ના અગ્રણીઓ, યુવાનો, અને દરેક બ્રહ્મ સમાજ ના કાર્યકરો એ જહેમત ઉઠાવી હતી.

# ગાંધીધામઃ અંજાર પોલીસ દ્વારા ગુનેગારો સામે ચેકીંગ ડ્રાઈવ, અસામાજીક તત્વોમાં ભારે ફફડાટ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



અંજાર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહી તથા જુગાર તેમજ શરીર સંબંધીત, છેતરપિંડી/ ચિંટીગના ગુનાઓમાં અગાઉ સંડોવાયેલ આરોપીઓને તેઓના રહેણાંક તથા આશ્રય સ્થળની તથા હાલની પ્રવૃતીઓ બાબતે તપાસ કરવા, ગુનાઓને અટકાવવા ડ્રાઈવનુ આયોજન કરવામાં આવ્યું.અંજાર પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારીઓની કુલે- ૦૬ ટીમો બનાવી ડ્રાઈવ દરમ્યાન અસરકારક કામગીરી કરવામાં આવી છે. જેમાં એમ.વી.એક્ટ કલમ- ૨૦૭ મુજબ એક વાહન ડિટેઈન,એમ.વી.એક્ટ એન.સી. ના ૧૧ કેસ સાથે ૫,૫૦૦ નો દંડ, કુલ ૬૮ વાહનો ચેક કરાયા,પ્રોહીબીશનના એક કેસમાં ૯૯,૬૦૦ નો મુદ્દામાલ કબજે,જી.પી.એકટ-૧૩૫ ના બે કેસ,જાણીતા જુગારીઓ પર ૨ નીલ રેઈડ,એમ.સી.આર ચેક ૩૫, હિસ્ટ્રી સિટર ૬ અને જાણીતા ૧૫૬ આરોપીઓ ચેક કરવામાં આવ્યા હતા. આ કામગીરી અંજાર પોલીસ સ્ટેશનના અજમાયશી નાયબ પોલીસ અધિક્ષક પ્રતિક ચૌધરી, પીઆઈ એ.આર.ગોહિલ તથા અંજાર પોલીસ સ્ટેશનના અધિકારી/કર્મચારીઓ દ્વારા કરવામાં આવેલ છે.

# ધોરાજી પાલિકાના કારોબારી ચેરમેન સી.સી.અંટાળાનો જન્મદિવસ



ધોરાજી શહેર ભાજપ અગ્રણી અને ધોરાજી નગર પાલિકા કારોબારી ચેરમેન સી.સી. અંટાળાને જન્મ દિવસની ખુબ ખુબ શુભકામનાઓ સહ આપ તમામ ક્ષેત્રમાં ઉતરોતર પ્રગતિ કરી દીર્ઘઆયુષ્ય પ્રાપ્ત કરો એવી ઠાકોરજીના ચરણોમાં પ્રાર્થના પત્રકાર કૌશલભાઈ સોલંકી તથા પત્રકાર રમણીકભાઈ ટોપીયા તરફથી જન્મદિવસની ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવી છે.

# રાજુલાઃ થોરડીમાં કોમ્યુનીટી હોલનું લોકાર્પણ કરતા મંત્રીઓ

### સ્થાનિક અગ્રણીઓ દ્વારા મંત્રી ઓનું સ્વાગત સત્કાર કરવામાં આવ્યું

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**



અમરેલી તાલુકાના થોરડી મુકામે શિક્ષણ તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી ડો.પ્રધુમનભાઈ વાજા તથા ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ રાજ્યમંત્રી અને અમરેલી વડિયા-કુંકાવાવના ધારાસભ્ય , કૌશિકભાઈ વેકરીયાના કરકમળે નવનિર્મિત કોમ્યુનિટી હોલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સ્થાનિક અગ્રણીઓ, ગ્રામજનો તથા આગેવાનો દ્વારા મંત્રીશ્રીઓનું ભાવભર્યું સ્વાગત અને સત્કાર કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ આશરે રૂ. ૧૦ લાખના ખર્ચે નિર્મિત કોમ્યુનિટી હોલનું લોકાર્પણ કર્યુ હતું. આ કોમ્યુનિટી હોલના નિર્માણથી ગામના સામાજિક, સાંસ્કૃતિક તથા વિકાસલક્ષી કાર્યક્રમોને નવી દિશા મળશે તેમ ઉપસ્થિત મહાનુભાવોએ જણાવ્યું હતું.

તાલુકા પંચાયતના પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા દ્વારા મંત્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મંત્રી ડો.વાજા અને વેકરીયાએ ગામના સ્થાનિક આસ્થાના કેન્દ્ર સમાન શિવ મંદિરમાં દર્શન કરી અને આશિર્વાદ મેળવ્યા હતા.

આ પ્રસંગે અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ સુરેશભાઈ પાથર, જિલ્લાના પંચાયતના સભ્ય, મુકેશભાઈ બગડા, શંભુભાઈ મહિડા, જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યઓ, ગામના સરપંચઓ તેમજ સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જાફરાબાદ તાલુકા કોંગ્રેસ પ્રમુખ પદે અનકભાઈ સાખટની વરણી

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**



જાફરાબાદ તાલુકા કોંગ્રેસ પ્રમુખ પદે બાબરકોટ ગામના યુવા, ઉત્સાહી અને લોકસેવી સરપંચ અનકભાઈ સાખટની નિમણૂંક કરવામાં આવતા સમગ્ર જાફરાબાદ પંથકમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે.

તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતની ચૂંટણીને ધ્યાને લઈ કોંગ્રેસ પક્ષના સંગઠનને મજબૂત બનાવવાની કામગીરી શ્રી પ્રતાપભાઈ દુધાતની આગેવાની હેઠળ સતત આગળ વધી રહી છે. તેવા સમયે છેલ્લા દસ વર્ષથી બાબરકોટ ગામમાં સરપંચ તરીકે નાનામાં નાના લોકોના કામ માટે સદાય પ્રતિબદ્ધ રહેલા યુવા નેતા અનકભાઈ સાખટને જાફરાબાદ તાલુકા કોંગ્રેસ પ્રમુખ તરીકે જવાબદારી સોંપવામાં આવતા કોંગ્રેસ પક્ષમાં નવો ઉત્સાહ અને જુસ્સો જોવા મળ્યો છે.

આ નિમણૂંક બદલ જાફરાબાદ તાલુકાના કોંગ્રેસ આગેવાનો ટીકુભાઈ વરૂ, નાથાભાઈ પરમાર, ઘનશ્યામભાઈ શેખડા, કાદરભાઈ જાડેજા, બાબુભાઈ મકવાણા, લાલાભાઈ જાદવ, હરેશભાઈ કોટીલા, યુવરાજભાઈ વરૂ, કેશુભાઈ ગોહિલ, વિનુભાઈ સરવૈયા, બુધાભાઈ સોલંકી, આરીફભાઈ ટીબી, વિઠલભાઈ સોલંકીને શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# સોમનાથ દર્શને આવેલા ચાપરડા આશ્રમના મહંત સહજાનંદજી મહારાજનું કરાયું ભાવભેર સન્માન



**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

સોમનાથ મહા શિવરાત્રી પર્વની ઉત્સાહભેર ઉજવણી રૂપે ચાપરડા આશ્રમ ના મહંત સહજાનંદજી નુ આગમન થતા ગુજરાત પ્રદેશ મહીલા મોરચા મહામંત્રી મીના બા આર જાદવ નવરંગ રેસ્ટોરન્ટ ની મુલાકાત માટે સમય ફાળવી આવેલા સહજાનંદજી મહારાજભાવ ભેર સ્વાગત મહ આપ મીના બા આર જાદવ દ્વારા સાલ ઓઢાડી પુષ્પ ગુંચ આપીને કરવામાં આવ્યું હતા આ અવસરે ઉપસ્થિત એક્સ આર્મી મુકેશ સિંહ ઝાલા અને સ્વ સોની હીરાબેન પ્રભુદાસ સતીકુવર સેવા ટ્રસ્ટ ના યોગેશ સતીકુવર સહિત અન્ય સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# કચ્છ જિલ્લા ભાજપના હોદેદારો વરાયાઃ સર્વત્ર આવકાર

### મહામંત્રી પદે ધવલ આચાર્ય રિપીટ- પ્રભારી કાર્યકરોને અપાય તક

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

કચ્છ ભાજપની સંગઠન ટીમની જાહેરાત કરવામાં આવી છે. મહામંત્રી પદે ધવલ કાંતિલાલ આચાર્યને રિપીટ કરાયા છે, તો હિતેશ હિંમતલાલ ખંડોર અને ભીમજી હરજી જોધાણીને પણ મહામંત્રી પદે નિયુક્તિ અપાઈ છે. જિ. ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ દ્વારા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની અનુમતિ બાદ સંગઠન ટીમની વિધિવત જાહેરાત કરી હતી. ટીમ કચ્છ ભાજપમાં ઉપપ્રમુખપદે મશરુભાઈ રીણાભાઈ રબારી, અશોકભાઈ ભીમજીભાઈ હાથી, મૂળજીભાઈ રામજીભાઈ મ્યાત્રા, રેશ્માબેન જીતુભાઈ ઝેવેરી, પ્રફુલ્લસિંહ ગોવુભા જાડેજા, આશિકાબેન પરેશભાઈ ભટ્ટ, સુરેશભાઈ વલ્લભજી સંઘાર, વિકાસભાઈ મોહનલાલ રાજગોર, મંત્રી તરીકે પરેશભાઈ વાલજી ભાનુશાલી, છાયાબેન વિશ્રામભાઈ ગઢવી, નયનાબેન ધીરજલાલ પટેલ, ઉમેશભાઈ મૂળજીભાઈ સોની, રાજેશભાઈ દામજીભાઈ પલણ, રૂપલબેન યુવરાજ દેસાઈ, રસિલાબેન રાજભાઈ બારી, કંચનબેન અતુલભાઈ વાઘેલા, કોષાધ્યક્ષ સુરેશભાઈ અનિલભાઈ ટાંક, કાર્યાલય મંત્રી હરેશ માવજીભાઈ પટેલ, સોશિયલ મીડિયા વિભાગમાં પીયૂષભાઈ જયંતીલાલ ભોજાણી, આઈટી વિભાગમાં ભૌમિકભાઈ અરુણભાઈ વછરાજાની, મીડિયા વિભાગમાં સાત્વિકદાન મહેશભાઈ ગઢવી. યુવા મોરચામાં પ્રમુખ રામભાઈ ભીમશીભાઈ ગીલવા, મહામંત્રી ભાર્ગવભાઈ શશીકાંતભાઈ શાહ અને રાહુલભાઈ સુરેન્દ્રભાઈ ગુંસાઈ, મહિલા મોરચામાં પ્રમુખ પારૂલબેન રમેશભાઈ કારા, મહામંત્રી પારસબા કૃષ્ણસિંહ જાડેજા અને રચનાબેન પ્રણવભાઈ જોષી, નિયુક્તિ કરવામાં આવી હતી.

# ગાંધીધામમાં હિટ એન્ડ રન અકસ્માતના આરોપીઓ સામે પોલીસે તપાસ વધુ કડક બનાવી

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

રોટરી સર્કલ પાસે થયેલ ભયંકર અકસ્માત મામલે પોલીસ દ્વારા ઘટનાનું રી-કન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું. આરોપીઓને ઘટના સ્થળે લઈ જઈ સમગ્ર ઘટનાક્રમ અંગે વિગતવાર માહિતી મેળવવામાં આવી છે. આ કાર્યવાહી દરમિયાન અકસ્માત કેવી રીતે બન્યો? વાહનની ગતિ કેટલી હતી ? તેમજ ઘટના બાદ આરોપીઓએ કઈ રીતે ફરાર થવાનો પ્રયાસ કર્યો હતો તેની વિસ્તૃત તપાસ કરવામાં આવી. પોલીસ તપાસ મુજબ અકસ્માત સમયે કાર નીતિન ગોસ્વામી ચલાવી રહ્યો હતો જ્યારે તેની સાથે મનીષ ખેમચંદાણી, દીપક ધુલાણી અને તરુણ રીઝવાની કારમાં સવાર હતા. રિકન્સ્ટ્રક્શનના આધારે પોલીસ દ્વારા મહત્વપૂર્ણ પુરાવા એકત્ર કરી આગળની કાયદેસર કાર્યવાહી ઝડપથી હાથ ધરવામાં આવશે. પૂર્વ કચ્છ પોલીસની આ કામગીરીથી મૃતકના પરિવાર અને સમાજમાં ન્યાયની આશા વધુ મજબૂત બની છે.

# આદિપુર પોલીસે ડિજિટલ એરેસ્ટના ફરિયાદીને રૂ. ૪.30 લાખ પરત અપાવ્યા

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



આદિપુર પોલીસે ડિજિટલ એરેસ્ટના નામે છેતરપિંડીનો ભોગ બનેલા અરજદારને તેમના ગુમાવેલા રૂ. ૪,૩૦,૦૦૦ પરત અપાવી પ્રશંસનીય કામગીરી કરી છે. પી.આઈ. એમ.સી. વાળાના માર્ગદર્શન હેઠળ પોલીસે ટેકનિકલ તપાસ કરી વડોદરાથી આરોપીઓને ઝડપી પાડયા હતા અને સંડોવાયેલા બેંક ખાતા ફ્રીઝ કરાવી રકમ રિકવર કરી હતી. એસપી સાગર બાગમારની સૂચનાથી સાયબર ફ્રોડ સામે લાલ આંખ કરતા પોલીસે નાગરિકોને અજાણ્યા કોલ કે ઓનલાઈન ધમકીથી ન ડરવા અને તુરંત ૧૯૩૦ પર સંપર્ક કરવા અપીલ કરી છે.

# કેશોદઃ નવનિર્મિત મોડલ ફાયર સ્ટેશનની મુલાકાત લેતા કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયા

### કેન્દ્રીય મંત્રી એ ફાયર સ્ટેશનની આધુનિક સુવિધાઓ અને અગ્નિશમન સાધનોનું નિરીક્ષણ કર્યું

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**



કેન્દ્રીય સ્પોર્ટ્સ મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયાએ શનિવારે જૂનાગઢ જિલ્લાના કેશોદ ખાતે નવનિર્મિત અગ્નિશામનની આધુનિક સુવિધાઓ અને સાધનોથી સજ્જ મોડલ ફાયર સ્ટેશનની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે ફાયર સ્ટેશનની આધુનિક સુવિધાઓ, અગ્નિશમન સાધનો અને કર્મચારીઓની તૈયારીઓનું નિરીક્ષણ કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, આપત્તિ સમયે ઝડપી અને અસરકારક પ્રતિસાદ આપવા માટે આ આધુનિક ફાયર સ્ટેશન મહત્વપૂર્ણ ભૂમિકા બની રહેશે.

આ તકે જિલ્લા ભાજપ પ્રમુખ ચંદુભાઈ મકવાણા, કેશોદ નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયા, સાવજ ડેરી ચેરમેન દિનેશભાઈ ખટારીયા સહિતના પદાધિકારી-અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ઉદ્યોગ-શિક્ષણના સેતુથી કચ્છમાં રોજગાર ક્રાંતિનો થયો શંખનાદ

# ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કૌશલ્ય અભિયાનને વેગવાન બનાવવા લેવાયા સંકલ્પ

### ગાંધીધામ ચેમ્બર દ્વારા સ્કીલ ડેવલપમેન્ટ દ્વારા સ્થાનીક યુવાનોને કરાશે પગભર

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ચેમ્બર ભવન ખાતે આયોજિત અને ગાંધીધામ કોલેજિયેટ બોર્ડ-તોલાણી વિદ્યામંદિર, આદિપુર તેમજ દીનદયાળ પોર્ટ ઓથોરિટી (ડીપીએ)ની પહેલના સહયોગથી યોજાયેલી ઉદ્યોગકેન્દ્રિત સ્કીલ ડેવલોપમેન્ટ બ્રેઈન સ્ટોર્મિંગ બેઠક કચ્છના રોજગારક્ષેત્ર માટે દિશાદર્શક સાબિત થઈ હતી. ઉદ્યોગ, શિક્ષણ અને કૌશલ્ય વિકાસના ત્રિવેણી સંગમરૂપ આ કાર્યક્રમમાં પોર્ટ, શિપિંગ, લોજિસ્ટિક્સ, મેરિન, ઊર્જા તથા સહાયક ક્ષેત્રોના અગ્રણીઓએ ઊંડી ચર્ચા કરી ભવિષ્યલક્ષી માર્ગચિત્ર તૈયાર કરાયું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં ચેમ્બરના પ્રમુખ તેજાભાઈ કાનગડે સૌનું સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, આજનો યુગ માત્ર ડિગ્રીનો નથી, પરંતુ કૌશલ્ય અને વ્યવહારુ જ્ઞાનનો છે. કચ્છ પોર્ટ આધારિત ઉદ્યોગોનું વૈશ્વિક કેન્દ્ર બની રહ્યું છે,પરંતુ ઉદ્યોગોની જરૂરિયાત અને ઉપલબ્ધ માનવ સંસાધન વચ્ચે હજી સ્કીલ ગેપ જોવા મળે છે.આ અંતર દૂર કરવા ગાંધીધામ ચેમ્બર સતત પ્રયત્નશીલ છે. તેમણે આદિપુરની તોલાણી કોમર્સ કોલેજ ખાતે ચેમ્બરની પહેલથી ચાલતા ટેલી અને એકાઉન્ટન્સીના કૌશલ્યવર્ધક કોર્સોની સફળતાનું ઉદાહરણ આપ્યું હતું અને જણાવ્યું કે, હવે મેરિન, પોર્ટ ઓપરેશન્સ, લોજિસ્ટિક્સ, મશીન મેન્ટેનન્સ, સેટી, ડિજિટલ ટેક્નોલોજી તથા ગ્રીન એનર્જી જેવા ક્ષેત્રોમાં નવા અભ્યાસક્રમો ઘડવામાં આવશે.ચેમ્બર ઉપપ્રમુખ દીપક પારેખે જણાવેલ કે. ચેમ્બરે ઉદ્યોગ અને શિક્ષણ વચ્ચે સેતુ તરીકે કાર્ય કરતાં, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ઓટોમેશન, ડિજિટલ લોજિસ્ટિક્સ, ગ્રીન એનર્જી ટેક્નોલોજી અને સ્માર્ટ પોર્ટ ઓપરેશન્સ જેવા નવીનતમ ક્ષેત્રોમાં ઈન્ડસ્ટ્રી અને ભાવી જરૂરિયાતોને અનુરૂપ કૌશલ્ય વિકાસ કાર્યક્રમો તૈયાર કરવા માટે વ્યાપક ચર્ચાનું આયોજન કર્યું છે.આ પહેલ દ્વારા પ્રદેશમાં રોજગારલક્ષી, ટેક્નોલોજી સંચાલિત અને વૈશ્વિક ધોરણોને અનુરૂપ કુશળ યુવાશક્તિ તૈયાર કરવાના ચેમ્બરના વિઝનને મૂર્ત સ્વરૂપ મળશે અને પ્રદેશનો ઔદ્યોગિક વિકાસ વધુ વેગ પકડશે. તેવો આશાવાદ વ્યક્ત કરેલ.

માનદ મંત્રી મહેશ તીર્થાણીએ ચેમ્બરના ભવિષ્ય આયોજનની રૂપરેખા રજૂ કરતાં કહ્યું હતું કે, કચ્છ આજે ફક્ત ગુજરાત રાજ્યનું નહીં, પરંતુ સમગ્ર રાષ્ટ્રનું ગ્રોથ એન્જીન બની ગયું છે.

ગાંધીધામ કોલેજિયેટ બોર્ડના સ્કીલ ડેવલોપમેન્ટ અને પ્રોજેક્ટ હેડ કે. વેંકટેશ્વરલુએ વિગતવાર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન રજૂ કરતાં જણાવ્યું કે ડીપીએના ચેરમેન સુશીલકુમાર સિંહના માર્ગદર્શન હેઠળ ગ્રીન હાઈડ્રોજન,સોલાર-વિંડ એનર્જી, ઈ.વી. ટેક્નોલોજી, ૩ડી પ્રિન્ટિંગ, શિપ બિલ્ડિંગ, લોજિસ્ટિક્સ તથા પોર્ટ મેનેજમેન્ટ જેવા ક્ષેત્રોમાં તાલીમ કાર્યક્રમો ચલાવવામાં આવી રહ્યા છે.

ઉદ્યોગોની માંગ આધારે નવા કોર્સ બેઠકમાં ઉદ્યોગ પ્રતિનિધિઓએ કેન ઓપરેશન, કન્ટેનર હેન્ડલિંગ, મેરિટાઈમ સેફ્ટી, વેરહાઉસ મેનેજમેન્ટ, ઈલેક્ટ્રિકલ-મેકેનિકલ મેન્ટેનન્સ, રિન્યુએબલ એનર્જી અને ડિજિટલ લોજિસ્ટિક્સ જેવા પ્રાયોગિક કોર્સોની તાતી જરૂરિયાત રજૂ કરી. ઉદ્યોગ-શિક્ષણ સંકલનથી બેરોજગારી ઘટાડવા અને સ્થાનિક ઉદ્યોગોને કુશળ માનવબળ પૂરું પાડવા સર્વાનુમતે સંકલ્પ વ્યક્ત થયો હતો.

બ્રેઈન સ્ટોમીંગ સેશનમાં ચેમ્બર તરફથી પ્રમુખ તેજાભાઈ કાનગડ, ઉપપ્રમુખ દીપક પારેખ, માનદ મંત્રી મહેશ તીર્થાણી, ખજાનચી કૈલેશ ગોર, કારોબારી સભ્યો અનિમેષ મોદી, હરીશ માહેશ્વરી, કમલેશ રામચંદાની, રાજીવ ચાવલા, લક્ષ્મણભાઈ આહિર, યોગેશ ઠક્કર, ડીપીએ તરફથી એમ.કે. ખુશાલાની, તોલાણી કોલેજિયેટ બોર્ડ તરફથી પ્રો. વેંકટેશ્વરલુ પોલીટેકનિક પ્રિન્સીપાલ એચ.જી. સાગર, ટીમ લીડર પ્રો. ઉત્પલ મહિચા, ટ્રાન્સપોર્ટ એસોસિએશનના પ્રકાશ ઠક્કર, કીર્તિ ભીંડે, રાજેશ મઢવી, યોગેશ ઠક્કર, રાજુભાઈ ઠક્કર, વેપન ગ્રુપના વાઈસ પ્રેસિડેન્ટ મેજર ભગીરથ સિંહ જાડેજા અને સીનીયર મેનેજર દેવેન્દ્ર સિંહ ઝાલા, અગ્રવાલ ટિમ્બર્સના સુભાષ ગોયલ, વિનસ ઈન્ડસ્ટ્રીઝના સીનીયર મેનેજર એચ.આર., રીટા પ્રધાન તથા કોર્પોરેટ એડવાઈઝર એડીસન થોમસ સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

# પિસ્તોલની અણીએ પરિણીતાનું અપહરણ કરી દેહ ચૂંથનાર બુટલેગર હથિયાર સાથે પકડાયો

## પાંચેક વર્ષ પૂર્વે પરિચય થયાં બાદ હરેશ જાદવે પોતાના ઘરે બર્થડે પાર્ટીમાં બોલાવી કેફી પીણું પીવડાવી ગાંધીગ્રામની પરિણીતા પર દુષ્કર્મ ગુજાર્યુ'તુ

### ચાર દિવસ પૂર્વે ફરીવાર હથિયારની અણીએ કારમાં ઈન્દોર ખાતે ઉઠાવી જઈ શિયળ લૂંટ્યું'તું : બગોદરા ખાતે ધમકી આપી ઉતારી દઈ નાસી છૂટ્યો'તો



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતી મહિલાને પિસ્તોલ બતાવી અપહરણ કરી દુષ્કર્મ આચરનાર બુટલેગરને એસઓજીની ટીમે હથીયાર સાથે દબોચી કાર્યવાહી કરી હતી. મહિલાને પાંચ વર્ષ પહેલાં મળેલ કુખ્યાત શખ્સે પહેલીવાર પોતાના ઘરે કેફી પીણું પીવડાવી દેહ ચૂંથ્યો હતો. જે બાદ ચારેક દિ' પહેલા કારમાં અપહરણ કરી ઈન્દોર લઈ જઈ ત્યાં દેહ અભડાવ્યો અને બાદમાં ધમકી આપી બગોદરા ખાતે ઉતારી દઈ નાશી ગયો હતો.

બનાવ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકમાં દુષ્કર્મ, આર્મ્સ એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયા બાદ એસઓજીની ટીમે પણ આર્મ્સ એકટ હેઠળ બીજો ગુનો નોંધ્યો હતો. મામલામાં ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતી ૩૮ વર્ષીય મહિલાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે હરેશ મોતી જાદવ (રહે. વાછકપર બેડીગામ, રાજકોટ) નું નામ આપતાં ગાંધીગ્રામ પોલીસે દુષ્કર્મ, આર્મ્સ એકટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓને આરોપી હરેશ જાદવે પાંચેક વર્ષ પહેલા તેની રિક્ષામા ઘરે મુકવા આવી ઓળખાણ કરી મોબાઈલ નંબરની આપ-લે કરી હતી. જે બાદ બંને વચ્ચે વાતચીત થતી હતી. ત્રણેક વર્ષ પહેલા આરોપીનો બર્થડે હોય જેથી તેના ઘરે વાછકપર બેડી ગામે બોલાવી મહિલાને પરાણે કેફી પીણુ પીવડાવી તેણી સાથે પરાણે શરીર સબંધ બાંધેલ હતો. જેથી મહિલાએ આરોપી સાથે સબંધ તોડી નાખેલ હતો. જે બાદ ત્રણેક દીવસ અગાઉ આરોપીએ તેની સફેદ કલરની કારમાં આવી પિસ્તોલ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી શરીરે મુંઢ માર મારી બળજબરીથી અપહરણ કરી ઈંદોર તેના ઓળખીતાના ઘરે લઈ જઈ ત્યાં કેફી પીણુ પીવડાવી અર્ધ બેભાન કરી પરાણે શરીર સબંધ બાંધ્યો હતો. બીજા દિવસે બગોદરા પાસે કારમાંથી ઉતારી જો આ વાત કોઈને કહીશ કે મારી સામે ફરિયાદ કરીશ તો તારા આખા ખાનદાનને પતાવી દઈશ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી તરછોડી આરોપી નાસી છૂટ્યો હતો.જે બાદ તે યેનકેન પ્રકારે રાજકોટ પહોંચી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી પીઆઈ એસ આર મેઘાણી અને ટીમે તપાસ આદરી હતી. જે ગુનાની ગંભીરતા જોઈ ઉચ્ચ પોલીસ અધિકારીઓએ તુરંત આરોપીને હથિયાર સાથે પકડવાની આપેલ સૂચનાથી એસઓજી પીઆઈ એસ.એમ. જાડેજાની રાહબરીમાં પીએસઆઈ વી.કે. ઝાલા ટીમ સાથે આરોપીની તપાસમાં હતાં. ત્યારે એએસઆઈ રાજેશભાઈ બાળા, હેડ કોન્સ્ટેબલ સિધ્ધરાજસિંહ જાડેજાને મળેલ ચોક્કસ બાતમી આધારે બેડી (વાછકપર) ગામથી જાહેરમાં ગેરકાયદેસર દેશી બનાવટની પીસ્ટલ નંગ-૦૧, જીવતા કાર્ટીસ નંગ - ૦૩ તથા ફુટેલ ખાલી કાર્ટીસ નંગ ૦૧ સાથે હરેશ ઉર્ફે ભુરો મોતી જાદવ (ઉ.વ. ૩૦ રહે. બેડી વાછકપર) ને પકડી પાડી તેની સામે ક્રાઈમ બ્રાન્ચ પોલીસ મથકમાં આર્મ્સ એક્ટ હેઠળ ગુન્હો દાખલ કરવામાં આવેલ હતો.

ઉલ્લેખનીય છે કે, આરોપી લિસ્ટેડ બુટલેગર છે અને તેમના વિરુદ્ધ શહેરના અલગ અલગ પોલીસ મથકમાં દારૂ, મારમારી સહિતના અનેક ગુના પણ નોંધાયેલ છે.

### એસઓજી પીઆઈ એસ એમ જાડેજાની ટીમે આરોપીને પિસ્તોલ, જીવતા અને ફુટેલ કાર્ટીસ સાથે દબોચ્યો

# કાલાવડના ખીમાણી સણોસરા ગામે અગાશી પરથી નશાની હાલતમાં ખેડૂત પટકાતા મોત

## પ્રોઢના મોતથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું

**અબતક, રાજકોટ**

કાલાવડ તાલુકાના ખીમાણી સણોસરા ગામમાં હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. જેમાં ૪૨ વર્ષીય પ્રોઢનું પોતાના જ ઘરની અગાશી પરથી પટકાઈ જતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. નશાની હાલતમાં બેલેન્સ ગુમાવવાને કારણે આ અકસ્માત સર્જાયો હોવાનું પ્રાથમિક વિગતોમાં જાણવા મળ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ખીમાણી સણોસરા ગામમાં રહેતા અનિરુદ્ધસિંહ ફતેસિંહ જાડેજા (ઉં.વ.૪૨) ગત રાત્રિના આઠેક વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા. ત્યારે દારૂ પીધેલી હાલતમાં ઘરના પહેલા માળે અગાશી પર ગયા હતા. નશામાં હોવાને કારણે અચાનક સંતુલન બગડતા તેઓ અગાશી પરથી નીચે પટકાયા હતા. જમીન પર પટકાતા અનિરુદ્ધસિંહને માથા તેમજ શરીરના ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક સારવાર માટે સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે, હોસ્પિટલમાં સારવાર દરમિયાન જ તેમનું મોત નીપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે મૃતક અનિરુદ્ધસિંહ ખેતીકામ કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. તેઓ પરિવારના બે ભાઈઓમાં મોટા હતા. મૃતક હજુ અપરિણીત હતા. પોલીસે આ અંગે જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જેતપુરના પીઠડીયા નજીકથી રૂ.૫૭.૧૯ લાખનો દારૂ-બિયર ભરેલું કન્ટેનર ઝડપાયું

## રાજસ્થાનના બાડમેરથી ટ્રકનો હવાલો સંભાળી ચાલક જૂનાગઢની ઝાંઝરડા ચોકડી પાસે સપ્લાય કરે તે પહેલાં જ એલસીબી ત્રાટકીઃ દારૂ તથા બીયરની નાની-મોટી બોટલો ૧૪,૧૮૪ અને ટ્રક મળી કુલ રૂ.૭૭.૭૧ લાખનો મુદામાલ કબ્જે







**અબતક, રાજકોટ**

જેતપુરના પીઠડીયા પાસેથી રૂ.૫૭.૧૯ લાખનો દારૂ-બિયર ભરેલ ટ્રક રૂરલ એલસીબીની ટીમે પકડી રાજસ્થાની ટ્રક ચાલકની ધરપકડ કરી હતી. રાજસ્થાનના બાડમેરથી ટ્રક સંભાળી ચાલક જૂનાગઢની ઝાંઝરડા ચોકડી પાસે સપ્લાય કરે તે પહેલાં જ દબોચાયો હતો. દારૂ તથા બીયરની નાની-મોટી બોટલો ૧૪,૧૮૪ અને ટ્રક મળી કુલ રૂ.૭૭.૭૧ લાખનો મુદામાલ જપ્ત કરી સપ્લાયર અને રિસીવરની શોધખોળ આદરી હતી.

દરોડાની વિગત મુજબ, રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા ગ્રામ્ય જીલ્લામાં દારૂના ગણનાપાત્ર કેશો શોધી કાઢવાની આપેલ સુચનાથી એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરાની રાહબરીમાં પીએસઆઈ એચ.સી. ગોહીલ, કે.એમ.ચાવડા અને આર.વી.ભીમાણી સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન ટ્રક (કન્ટેનર) નં.એનએલ-૦૧-એબી-૫૬૮૩ માં તેનો ચાલક ગેરકાયદેસર ઈંગ્લીશ દારૂનો જથ્થો લઈ રાજકોટથી જુનાગઢ તરફ વેંચાણ કરવાના ઈરાદે લઈ પસાર થનાર છે, તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે ટીમ પીઠડીયા ગામ પાસે વોચમાં હતી ત્યારે ત્યાંથી પસાર થયેલ દારૂ ભરેલ ટ્રકને અટકાવી ટ્રક ચાલકને અટકમાં લઈ તેનું નામ પૂછતા પોતાનું નામ ધોલારામ લુંભારામ બિશ્નોઈ (ઉ.વ.૩૫, ધંધો- ડ્રાઈવીંગ, રહે. પાનલ કી બેરી,બાડમેર રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું. એલસીબીની ટીમે ટ્રકમાં તપાસ કરતાં તેમાંથી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂ તથા બીયરની નાની-મોટી બોટલો ૧૪,૧૮૪ મળી આવતાં કુલ રૂા. ૫૭,૧૯,૬૮૦ નો બિયર અને દારૂ તેમજ ટ્રક મળી કુલ રૂ.૭૭.૭૧ લાખનો મુદામાલ કબ્જે કરી પૂછતાછ આદરી હતી. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પકડાયેલ શખ્સને પંજાબથી દારૂ ભરેલ ટ્રક બાડમેર પાસે સોંપવામાં આવ્યો હતો. જે દારૂ ભરેલ ટ્રક તેને જૂનાગઢની ઝાંઝરડા ચોકડી પાસે પહોંચાડી તેને આગળનું લોકેશન મળવાનું હતી. હાલ પોલીસે દારૂ-બિયરના સપ્લાયર અને રિસીવરના નામ ખોલાવવા તજવીજ આદરી છે.

### સપ્લાયર અને રિસીવરની શોધખોળઃ રૂરલ એલસીબી પીઆઈ વી વી ઓડેદરા ટીમનો દરોડો

# જેતપુરથી ૫૨૨ ગ્રામ ગાંજા સાથે ભરત ઝડપાયોઃ સપ્લાયર પિયુષની ધરપકડ

## ઝડપાયેલો શખ્સ પોતે બંધાણી હોય શિવરાત્રીએ નશો કરવા માદક પદાર્થ મંગાવ્યાનું રટણઃ ઉદ્યોગનગર પોલિસનો દરોડો

**અબતક, રાજકોટ**

શિવરાત્રી પર્વ નજીક આવતા જ ગાંજા સહિતના નશાકીય પદાર્થોની હેરાફેરી શરૂ થઈ ગઈ છે સામે પોલિસે પણ નશાના પદાર્થની હેરાફેરી અટકાવવા મેદાને આવી છે. ત્યારે જેતપુર ઉદ્યોગનગર પોલિસની ટીમે પેઢલા ગામના રહેણાંક મકાને દરોડો પાડી ૫૨૨ ગ્રામ ગાંજા સાથે ભરત ભટ્ટ નામના શખ્સની ધરપકડ કરી હતી. બાદમાં સપ્લાયર તરીકે પિયુષ વાલાણીનું નામ ખુલતા તેને પણ દબોચી લેવાયો હતો.

રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં નાર્કોટિક્સ પદાર્થોનું વેચાણ કરનાર તથા હેરાફેરી કરનારા શખ્સો ઉપર વોચ રાખી વધુમાં વધુ કેસો કરવા તેમજ યુવાધનને ડ્રગ્સના વ્યસને ચડતા અટકાવવા માટે સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને ડીવાયએસપી રોહિતસિંહ ડોડીયાના માર્ગદર્શન હેઠળ જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથકના પીઆઈ ડો. એમ.એમ. ઠાકોરની રાહબરી હેઠળ સર્વેલન્સ ટીમના પીએસઆઈ એલ ડી મેતાની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલ રિઝવાનભાઈ સિંજાત અને કોન્સ્ટેબલ ચેતનભાઈ ઠાકોરને ખાનગી રાહે હકીકત મળી હતી કે, જેતપુરના પેઢલા ગામે ખાનપરાના મઢવાળી શેરીમાં રહેતા ભરત જયંતીભાઈ ભટ્ટ નામના શખ્સે પોતાના રહેણાંક મકાને ગેરકાયદે વનસ્પતિજન્ય ગાંજાના જથ્થાનો સંગ્રહ કરેલ છે. જે હકીકત મળતાની સાથે ઉદ્યોગનગર પોલીસની ટીમે એનડીપીએસ રેઈડનું આયોજન કરી હકીકત વાળા મકાને દોડી જઈ સર્ચ કરતા રૂમમાં લાકડાની ટીપાઈ નીચેથી વનસ્પતિજન્ય ગાંજાના ઘટકો વાળો પદાર્થ મળી આવ્યો હતો. જેથી એફએસએલ અધિકારીને સ્થળ ઉપર બોલાવી માદક પદાર્થનું પરીક્ષણ કરાવતા તે ગાંજો હોવાનું સ્પષ્ટ થયું હતું. જેથી પોલિસે ૫૨૨.૫૪૦ ગ્રામ ગાંજો જેની કિંમત રૂ.૨૬,૧૨૭ કબ્જે કરી ઉદ્યોગનગર પોલીસની ટીમે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી ભરત જયંતભાઈ ઉર્ફે જયંતીભાઈ ભટ્ટ (ઉવ ૩૧ રહે. પેઢલા ગામ, ખાનપરાના મઢવાળી શેરી, જેતપુર, રાજકોટ)ની ધરપકડ કરી ગાંજો, મોબાઈલ મળી કુલ રૂ ૩૧, ૧૨૭ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ગાંજાના ગુનાની તપાસ વિરપુર પોલિસ મથકના પીઆઈ એસ જી રાઠોડ અને તેમની ટીમને સોંપવામાં આવી હતી. જે તપાસમાં ઝડપાયેલો શખ્સ પોતે ગાંજાનો બંધાણી હોય તે શિવરાત્રીએ નશો કરવા માટે જેતપુરના પિયુષ પરસોતમભાઈ વાલાણી પાસેથી ગાંજો લઈ આવ્યો હતો તેવી કબૂલાત આપતાં જ વિરપુર પોલિસ મથકના પીઆઈ એસ જી રાઠોડ અને રાઈટર વિજયભાઈ ગોહેલ સહિતના પિયુષ પરસોત્તમભાઈ વાલાણી (ઉવ ૩૭ રહે. જેતપુર)ની ધરપકડ કરી હતી. બાદમાં પિયુષની પૂછપરછમાં તે ગાંજાનો જથ્થો જેતપુરના મિલન પાસેથી લઈ આવ્યાની કેફીયત આપતાં મિલન નામના સપ્લાયરની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

### વિરપુર પોલિસની તપાસમાં નશાકીય પદાર્થનું સપ્લાય રેકેટ ખુલ્લું પડ્યું: પિયુષ વાલાણીએ જેતપુરના મિલનનું નામ ખોલાવતા શોધખોળ

# પીપલાણાની પરિણીતાને ચારિત્ર અંગે શંકા કરી પતિ, નણંદ અને જેઠાણીનો ત્રાસ

## પતિ અવાર નવાર માર મારતોઃ પરિણીતા માવતરે ચાલી જતાં ત્યાં ધસી જઈ મારકૂટ કરતા ભાડલા પોલિસમાં ફરિયાદ

**અબતક, રાજકોટ**


જસદણના રાણીંગપર ગામે માવતરના ઘરે રહેતી પરિણીતાએ કોટડા સાંગાણીના પીપલાણા ગામે રહેતા પતિ અને બેડલા ગામે રહેતી નણંદ તથા જેઠાણી વિરુદ્ધ શારીરિક-માનસિક ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાવી છે. પરિણીતા અહીં માવતરના ઘરે આવી હતી. દરમિયાન ત્રણયે અહીં વાડીએ આવી પરિણીતાતાને મારમાર્યો હતો.

જસદણ તાલુકાના રાણીંગપર ગામે રહેતી નીતાબેન (ઉ.વ ૩૨) નામની પરિણીતાએ ભાડલા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પતિ મહેશ રઘુભાઈ કુકડીયા તથા બેડલા ગામે રહેતા નણંદ દયાબેન વિશાલભાઈ સોરાણી અને જેઠાણી વસંતબેન સોરાણીના નામ આપ્યા છે. પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગઈ તા. ૧૯/૧૦/૨૦૧૯ ના કોટડા સાંગાણી તાલુકાના પીપલાણા ગામે રહેતા મહેશ કુકડીયા સાથે તેના લગ્ન થયા હતા.લગ્નજીવન થકી સંતાનમાં ૭ મહિનાનો પુત્ર શિવાન્સ છે. લગ્નના એકાદ વર્ષ સુધી પતિએ સારી રીતે રાખ્યા બાદ પતિ ચારિત્ર બાબતે શંકા કરી અને ઘરકામ બાબતે અવારનવાર કહેતો હતો કે તું ઘરનું કામ સરખું કરતી નથી તેમ કહી બોલાચાલી કરી માથાકૂટ કરતો હતો. નણંદ દયાબેન પણ ઘરે અવારનવાર આવતા અને પતિને કહેતા હતા કે આને ઘરનું કામ સરખું આવડતું નથી તેમ કહી પરિણીતા વિરુદ્ધ પતિની ચડામણી કરતી હતી.

પતિ બોલાચાલી અને માથાકૂટ કરી ઢીકાપાટુનો માર મારતો હતો પરંતુ પરણીતાને ભવિષ્યમાં સારૂ થઈ જશે તેવું માની આ બધું સહન કર્યું હતું. ત્રણેક મહિના પૂર્વે પરિણીતાથી દુઃખ ત્રાસ સહન ન થતાં પોતાના પુત્રને લઈ માવતરના ઘરે આવી ગઈ હતી. દરમિયાન પતિ અને નણંદ દયાબેન તથા જેઠાણી વસંતબેન બધા અહીં આવ્યા હતા અને કહ્યું હતુ કે ક્યાં ગયો મારો છોકરો? તેમ કહી બોલાચાલી કરી ત્રણેય ઢીકાપાટુનો મારમાર્યો હતો. પરિણીતાએ બૂમાબૂમ કરતા તેની માતા તથા પિતા આવી જતા આ ત્રણે અહીંથી જતા રહ્યા હતા જેથી અંતે પરણીતાએ પતિ નણંદ અને જેઠાણી વિરુદ્ધ ભાડલા પોલીસ સ્ટેશનમાં આ ફરિયાદ નોંધાવી હતી.

# હિંમતનગરના હાથમતી ઓવરબ્રિજ પર ટેલિફોનના કેબલમાં આગ લાગતા અફરાતફરી

**અબતક, સંજય દિક્ષીત, સાબરકાંઠા**



સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર શહેરમાં હાથમતી ઓવરબ્રિજ પર રવિવારે સાંજે ટેલિફોનના કેબલમાં અચાનક આગ લાગી હતી આ ઘટનાની જાણ થતાં ફાયર વિભાગ તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી ગયું હતુ અને પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લીધી હતી.આગ એન.જી સર્કલથી ન્યાયમંદિર તરફ જતા માર્ગ પર હાથમતી ઓવરબ્રિજની બાજુમાં આવેલા ટેલિફોન વિભાગના કેબલમાં લાગી હતી કેબલ નીચે એકઠા થયેલા પ્લાસ્ટિકના કચરામાં આગ લાગ્યા બાદ તે કેબલ સુધી ફેલાઈ હતી આગની જાણ થતાં ટેલિફોન વિભાગના કર્મચારીઓ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને વધુ નુકસાન અટકાવવા માટે અસરગ્રસ્ત કેબલ કાપી નાખ્યો હતો ફાયર વિભાગે સમયસર કાર્યવાહી કરીને મોટી દુર્ઘટના ટાળી હતી હાથમતી ઓવરબ્રિજથી ધાણધા રેલવે ફાટક સુધીના વિસ્તારમાં મોટા પ્રમાણમાં કચરો ઠલવાય છે અજાણ્યા ઈસમો દ્વારા આ કચરામાં વારંવાર આગ લગાવવામાં આવે છે

### અજાણ્યા ઈસમો દ્વારા આ કચરામાં વારંવાર આગ લગાવવામાં આવતી હોવાનો પટસ્ફોટ

# જસદણના આંબરડી ગામે આંખમાં મરચાનો પાવડર છાંટી યુવકના હાથ-પગ ભાંગી નાખ્યાં

### વારસાઈ જમીનમાં થ્રેસર ચલાવતા કાકાને અટકાવવા ગયેલા ભત્રીજા પર કૌટુંબિકો લોખંડના પાઈપ વડે તૂટી પડ્યાઃ બે મહિલા સહિત ચાર વિરૂદ્ધ ગુનો

**અબતક, રાજકોટ**

જસદણના આંબરડી ગામે વારસાઈ જમીનમાં હક્ક હિસ્સા અંગે ચાલતા મનદુઃખમાં ભત્રીજા પર કાકાના પરિજનોએ હુમલો કર્યો હતો. જમીનમાં થ્રેસર ચલાવતા કાકાને અટકાવવા જતાં કાકી અને તેમની પુત્રીએ યુવકના આંખમાં મરચાની ભૂંકી છાંટી દીધી હતી. બાદમાં કાકા અને પિતરાઈએ પાઈપના ઘા ઝીંકી માથું ફોડી હાથ-પગ ભાંગી નાખ્યા હતા. બનાવ અંગે જસદણ પોલિસ મથકમાં ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે જસદણના આંબરડી ગામે કાંસકોલીયા રોડ પર રહેતા ૪૧ વર્ષીય ખેડૂત દિનેશભાઈ વલ્લભભાઈ ઓતરાદીએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે કાકા હિંમતભાઈ ઓતરાદી, કાકી હેમુબેન, પિતરાઈ રાહુલ અને કાજલબેનનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગત તા. ૦૭/૦૨/૨૦૨૬ના સવારથી હું આંબરડી ગામે મારા કૌટુંબિક ભાઈ ઘનશ્યામભાઈ ભીમજીભાઈના દીકરાના લગ્ન હોય ત્યાં રસોડે કામકાજમાં મદદ કરાવતો હતો. બાદ લગ્ન પતાવી બપોરે ૨:૩૦ વાગ્યાના અરસામાં હું કાંસકોલીયા રોડ પર આવેલ દુકાને મસાલો ખાવા જતો હોય ત્યારે મને જાણવા મળેલ કે, અમારી સંયુકત વારસાઈની જમીનમાં મારા કાકા થ્રેસર ચલાવતા હતા. આ જમીન મારા પિતા તથા મારા કાકા હિંમતભાઈ તથા ફઈઓના ભાગમાં હોય જેથી હું ઘરે જઈને જમીનના વારસાઈના કાગળ લઈ મારા મોટર સાયકલમા પાછળ મારા ભાઈના દીકરા વિવેકને બેસાડીને મારા કાકાને જમીનના કાગળ બતાવવા ગયેલ હતો. ત્યાં અમે બંને અમારી ટુકડીવાડીએ જતા ત્યા નવાગામનો કરમશીભાઈ શિયાળ તેનું ટ્રેક્ટર અમારી ભાગની જમીનમાં ચલાવતો હતો. જેથી મેં તેને ટ્રેક્ટર બંધ કરવા કહેતા મારા કાકા હિંમતભાઈના ભાઈના પત્ની હેમુબેન અને તેમની દીકરી કાજલબેને ઉશ્કેરાઈને અમારી આંખોમાં મરચાનો પાવડર નાખી દીધેલ હતો. બાદ થોડીવારમાં મારા કાકા હિંમતભાઈ લઘરાભાઈ ઓતરાદી, તેમનો દીકરો રાહુલ લોખંડના પાઈપ લઈને ધસી આવેલ હતા અને લોખંડના પાઈપ વડે મને માર મારવા લાગેલ હતા. જેમાં મને આંખમાં મરચાનો પાવડર જતા બળતરા થવા લાગતા મને ખબર પડેલ નહીં કે કોણે કોણે ઘા મારેલ હતા. હુમલામાં મને માથામાં, હાથમાં અને પગમાં પાઈપના ઘા વાગતા ઈજાઓ થયેલ હતી અને લોહી નીકળવા લાગેલ હતું.

હુમલાને પગલે દેકારો થતા આજુબાજુમાંથી લોકો ભેગા થઈ જતા સામાવાળા ગાળો બોલતા ત્યાંથી જતા રહેલ હતા. મને ઈજા થયેલ હોય ગામના સરપંચ સહિતના દોડી આવ્યા હતા અને મને રિક્ષામાં ઘરે પહોંચાડેલ હતો અને ત્યાંથી સારવાર અર્થે જસદણ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે પ્રાથમિક સારવાર આપી રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે રીફર કર્યો હતો. જયા મને માથામાં ત્રણ ટાકા અને ડાબા હાથ-પગમાં ફ્રેક્ચર થયાનું તબીબે જાહેર કર્યું હતું.

બનાવ અંગે ખેડૂતે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, અમારી વારસાઈ જમીન મારા કાકા હિંમતભાઈ લઘરાભાઈ ઓતરાદી ઘણા વર્ષોથી વાવતા હોય જે જમીનના ભાગ બાબતે અમારે તેઓની સાથે જૂનું મનદુઃખ ચાલતું હોય અને તે જમીનમાં હિંમતભાઈ વાવેતર કરીને ટ્રેક્ટર ચલાવતા હોય જે રોકવા જતા મારી ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. જેથી જસદણ પોલિસે ગુનો નોંધી કાર્યવાહી આરંભી હતી.

# જેતપુરના દારૂના ગુનામાં ફરાર જૂનાગઢના શખ્સને એલસીબીની ટીમે ઝડપી લીધો

**અબતક, રાજકોટ**

જેતપુર સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દારૂના ગુનામાં ત્રણ માસથી નાસતા ફરતા જુનાગઢના શખસને રાજકોટ ગ્રામ્ય એલસીબીની ટીમે અમરનગર રોડ પરથી ઝડપી લઈ જરૂરી કાર્યવાહી કરી હતી.

રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડી લેવા માટે સૂચના આપવામાં આવી હોય જેને લઈ રાજકોટ ગ્રામ્ય એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ આર.વી. ભીમાણી તથા એચ.સી. ગોહિલ અને કે.એમ.ચાવડાના રાહબરીમાં સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન કોન્સ્ટેબલ શક્તિસિંહ ઝાલાને મળેલી બાતમીના આધારે જેતપુર સિટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દારૂના ગુનામાં



ફરાર આરોપી લખમણ ઉર્ફે લખન રાજુભાઈ કોડીયાતર (ઉ.વ ૨૨ રહે.લીરબાઈપરા રામચોક, જુનાગઢ)ને જેતપુર સરદાર ચોકથી આગળ અમરનગર રોડ પરથી ઝડપી લઈ જરૂરી કાર્યવાહી કરી હતી.પોલીસે જણાવ્યું હતું કે, આરોપી લખમણ ઉર્ફે લખન સામે જેતપુર સિટી પોલીસ સ્ટેશનમાં દારૂનો ગુનો નોંધાયા બાદ છેલ્લા ત્રણ માસથી તે નાસતો ફરતો હતો આરોપીને ઝડપી લેવાની આ કામગીરીમાં એલસીબીના એએસઆઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, અનિલભાઈ બડકોદિયા, ભાવેશભાઈ ચાવડા, હેડ કોન્સ્ટેબલ અર્જુનભાઈ ડવેરા, મનીષભાઈ વરૂ, ધર્મેન્દ્રભાઈ ચાવડા, રમણીકભાઈ મણવર, મનદીપસિંહ જાડેજા, કોન્સ્ટેબલ શક્તિસિંહ ઝાલા ભરતભાઈ ગમારા અને અબ્દુલભાઈ શેખ સાથે રહ્યા હતા.

# અખાદ્ય પદાર્થ, લાયસન્સ સહિતના મુદ્દે ૧૭ મીઠાઈ ફરસાણાના ધંધાર્થી, હોટેલ-રેસ્ટોરન્ટને નોટિસ

## ફૂડ સેફટી ઈન્સ્પેક્ટરે અનહાઈજેનિક ૫ લીટર કલરનો સ્થળ પર નાશ કર્યો

અબતક, ઋષી મહેતા

મોરબી મહાનગરપાલિકાની ફુડ શાખા દ્વારા શહેરના મીઠાઈ ફરસાણના વિક્રેતાઓ, હોટલ-રેસ્ટોરન્ટમાં ખાદ્ય પદાર્થનું નિરીક્ષણ કર્યું હતું, જે દરમિયાન લાયસન્સ, સ્વચ્છતા સહિતની બાબતોની ચેકિંગ કામગીરી કરવામાં આવી હતી.

મોરબી મહાનગરપાલિકાની ફુડ શાખા દ્વારા શહેરમાં મીઠાઈ-ફરસાણના ધંધાર્થી હોટલ રેસ્ટોરન્ટ સહિત ૨૯ જગ્યા પર ફૂડ સેફટી ઈન્સ્પેક્ટરે વિઝીટ કરી હતી, લાઈસન્સ, અખાદ્ય સામગ્રી, સહિતની બાબતોની તકેદારી ન રાખનાર ૧૭ દુકાન ધારકોને મોરબી મહાનગરપાલિકાની ફૂડ



શાખાએ નોટિસ પાઠવી હતી, ફૂડ સેફટી ઈન્સ્પેક્ટરની વિઝીટ દરમિયાન ભક્તિનગર સર્કલ વિસ્તારમાં આવેલ વિરાટ પાંવભાજી એન્ડ ચાઈનીઝમાં અખાદ્ય કલરના ૩ લીટર જથ્થાનો નાશ કરાયો હતો, ધ ચોકલેટ રૂમ અને ભોલે બાબા ડેરી ફાર્મમાંથી ૨ લીટર જેટલા અખાદ્ય કલરનો નાશ કરાયો હતો, મોરબી મહાનગરપાલિકાની ફુડ શાખાએ ફૂડ ચેકિંગ તથા નિરીક્ષણ કામગીરી દરમિયાન કુલ ૫ લીટર અખાદ્ય કલરના જથ્થાનો નાશ કર્યો હતો. મોરબી મનપાની ફુડ શાખા દ્વારા લાયસન્સ ચેકિંગ કામગીરી અને હોટલ રેસ્ટોરન્ટના ધંધાર્થીઓને ત્યાં સ્વચ્છતા સહિતનું ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું.

# વાંકાનેરના પંચાસીયા ગામે માથાભારે શખ્સનો આતંક: ઘરમાં આગ લગાડી કરી તોડફોડ

## બહેનનો પીછો કર્યા અંગેની નોંધાવેલી ફરિયાદનો ખાર રાખી, નામચીન શખ્સે વધુ એક વખત આચર્યું કૃત્ય

અબતક, ઋષિ મહેતા

વાંકાનેર તાલુકાના પંચાસીયા ગામે પિતરાઈ બહેન સાથે પ્રેમ સંબંધને લઈને ચાલતા વિવાદમાં એક શખ્સે બદલો લેતા યુવતીના પિતરાઈ ભાઈના ઘરમાં આગ લગાવી દીધી હતી. આ આગમાં મોટરસાઈકલ તથા રસોડાની ઘરવખરી બળીને ખાક થઈ ગઈ. આ પહેલા પણ ઉપરોક્ત માથાભારે શખ્સે આગ લગાવ્યાનો ઈતિહાસ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

વાંકાનેર તાલુકાના પંચાસીયા ગામે નિલેશભાઈ પિતામ્બરભાઈ વાઢેર ઉવ.૨૩ એ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં આરોપી વિજયભાઈ મોહનભાઈ ચાવડા વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. જે મુજબ તા. ૦૫/૦૨/૨૦૨૬ ના રોજ સાંજના આશરે ૮ વાગ્યે ફરિયાદી પોતાના ઘરની બહાર બેઠા હતા ત્યારે તેમની જ્ઞાતિના જ માથાભારે શખ્સ આરોપી વિજયભાઈ ચાવડાએ ચોવીસ કલાકમાં ધા આવશે તેવી ધમકી આપી હતી. બાદમાં રાત્રિના આશરે પોણા બાર વાગ્યે ઘરમાંથી અવાજ આવતા ફરિયાદી બહાર આવ્યા ત્યારે રસોડામાંથી ભારે ધુમાડો નીકળતો હોવાનું જણાયું હતું. આ સમયે રસોડામાં રાખેલ હીરો સ્પ્લેન્ડર મોટરસાઇકલ રજી. નં. જીજે-૩૬-ક્યુ-૫૮૪૯ તેમજ ફ્રિજ, ચોખા, ઘઉં સહિતની ઘરવખરી આગમાં બળીને નાશ પામી હતી. મોટરસાઇકલની પેટ્રોલ નળી કાપેલી હોવાનું પણ સામે આવ્યું છે.

પરિવારજનો અને આસપાસના લોકોની મદદથી પાણી છાંટી આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો. ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે આરોપી વિજયભાઈએ અગાઉ ફરિયાદીના કાકાની દીકરી સાથે પ્રેમસબંધ હતો અને તેની સગાઈ તૂટી જવાના કારણે અદાવત રાખતો હતો. અગાઉ પણ તારીખ ૨૦/૦૧/૨૦૨૬ ના રોજ ફરિયાદીના કાકાના ઘરના દરવાજા અને તોરણ સળગાવ્યાની ઘટના બની હોવાનું જણાવાયું છે. હાલ વાંકાનેર તાલુકા પોલીસે ફરિયાદના આધારે આરોપી સામે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# પાનેલી ગામે બાઈકની સાઈડ કાપવા જેવી બાબતે મિત્ર પર હુમલો

## તું અમારાથી આગળ કેમ નીકળ્યો ગયો તેમ કહી ૪ શખ્સોએ ધોકા અને પાઈપથી માર માર્યો

અબતક, રાજકોટ

મોરબી જિલ્લાના પાનેલી ગામમાં નજીવી બાબતે થયેલી તકરારે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. પોતાના મિત્રના બાઈક કરતા પોતાનું મોટરસાયકલ આગળ નીકળી જવા જેવી સામાન્ય વાતમાં ઉશ્કેરાયેલા શખ્સોએ ૧૮ વર્ષીય યુવકને ધોકા અને પાઈપ વડે માર માર્યો હતો. ઈજાગ્રસ્ત યુવકને હાલ સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.પ્રાપ્ત વિગતો અનુસાર, પાનેલી ગામમાં રહેતા જેન્તીભાઈ રાજેશભાઈ કટેશિયા (ઉં.વ. ૧૮) નામના યુવક ગામમાં પોતાનું મોટરસાઈકલ લઈને જઈ રહ્યા હતા, ત્યારે રસ્તામાં જેન્તીભાઈનું બાઈક તેમના મિત્રના બાઈક કરતા આગળ નીકળી ગયું હતું. ત્યારે તેના મિત્રએ ''તું અમારાથી આગળ કેમ નીકળ્યો?'' તેમ કહી જગડો કરી સંજયભાઈ, તુલાશ્રી, મનીષ અને રાજદીપ સહિતના શખ્સોએ જેન્તીભાઈ સાથે ઝઘડો શરૂ કર્યો હતો. જોતજોતામાં મામલો બિચક્યો હતો અને આ શખ્સોએ ધોકા તથા પાઈપ વડે જેન્તીભાઈ માર માર્યો હતો. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા જેન્તીભાઈને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, ઈજાગ્રસ્ત યુવકના પિતા મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે.

આ ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસે હોસ્પિટલ પહોંચી ઈજાગ્રસ્તનું નિવેદન નોંધવાની તજવીજ હાથ ધરી છે. પોલીસે હુમલાખોરો સામે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ શરૂ કરી છે.

# વાંકાનેર: દારૂના ગુનામાં વોન્ટેડ બુટલેગર હુસેન ખોળ ઝડપાયો

અબતક, ઋષી મહેતા



વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહીબીશનના ગુનામાં નાસતા ફરતા આરોપીને મોરબી એલ.સી.બી./પેરોલ ફર્લો સ્કોડ દ્વારા ઝડપી લેવામાં આવ્યો છે.

મોરબી જીલ્લાના નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હોય તે અનુસંધાને મોરબી એલસીબી/પેરોલ સ્કવોડ ટીમ કાર્યશીલ હોય તે દરમિયાન મોરબી પેરોલ ફર્લો સ્કવોડ ટીમ દ્વારા વાકાંનેર તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહીબીશનના ગુનાના કામનો આરોપી હુશેનભાઈ સીદીકભાઈ ખોળ રહે.મોરબી લાતી પ્લોટ તા.જી.મોરબી વાળા નાસતા ફરતા આરોપીને હ્યુમનશોર્સ તથા ટેકનીકલ માધ્યમથી મળેલ હકીકત આધારે મોરબી જીલ્લામાંથી પકડી પાડી વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમા સોંપી આપેલ છે.

# પાર્ટિકલ બોર્ડના કારખાનામાં ભીષણ આગ

## ફાયર બ્રિગેડે પાણીનો મારો ચલાવી પાંચ કલાકના અંતે આગ પર કાબુ મેળવ્યો

અબતક, ઋષી મહેતા

મોરબીના ભરતનગર આઈટીઆઈ નજીક આવેલ પાર્ટિકલ બોર્ડના કારખાનામાં આગ લાગ્યાની ઘટનાએ ચકચાર મચાવી હતી. મોરબી અને હળવદ ફાયર ટીમની સંયુક્ત કાર્યવાહીથી લાંબી જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબુ મેળવાયો હતો, સદનસીબે કોઈ જાનહાની નોંધાઈ નથી.



મોરબીના ભરતનગર આઈટીઆઈ પાસે આવેલ એક્સપર્ટ પાર્ટિકલ બોર્ડ નામના કારખાનામાં ગઈકાલ બપોરે ૧૫:૧૬ વાગ્યે આગ લાગ્યાનો કોલ મોરબી ૧૦૧ ફાયર કંટ્રોલ રૂમને મળ્યો હતો. જાણ થતા જ મોરબી ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી આગ બુઝાવવાની કામગીરી શરૂ કરી હતી. આગ વધુ ફેલાતી જણાતાં હળવદ ફાયર ટીમને પણ મદદ માટે બોલાવવામાં આવી હતી. બંને ફાયર ટીમની સંયુક્ત અને ભારે જહેમત બાદ રાત્રે ૮:૩૦ વાગ્યે આગ પર સંપૂર્ણ કાબુ મેળવવામાં આવ્યો હતો. આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાની નોંધાઈ નથી, જ્યારે આગ લાગવાનું કારણ હાલ અકબંધ છે.

# મોરબીના જોધપર નદી ગામે બીમારીથી કંટાળી આધેડનો આપઘાત

## લાંબા સમયથી પગના દુખાવાથી પીડાતા ૫૧ વર્ષીય પ્રૌઢે એસિડ પી જીવન ટૂંકાવ્યું

અબતક, રાજકોટ

મોરબી તાલુકાના જોધપર નદી ગામે એક અત્યંત કરૂણ ઘટના સામે આવી છે. જેમાં લાંબા સમયથી પગની બીમારીથી પીડાતા એક આધેડે બીમારીના કંટાળામાં એસિડ પી લેતા સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું છે. આ બનાવને પગલે પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.મળતી માહિતી મુજબ, જોધપર નદી ગામના રહેવાસી સંજયભાઈ માધવદાસ દેવમુરારી (ઉં.વ. ૫૧) છેલ્લા કેટલાક સમયથી પગની બીમારીથી પીડાતા હતા અને તેમની દવાઓ પણ ચાલુ હતી. જોકે, આ સતત રહેતા દુખાવાથી તેઓ માનસિક રીતે કંટાળી ગયા હતા. ગઈકાલે બપોરે ૫ વાગ્યાની આસપાસ જ્યારે તેઓ પોતાના ઘરે હતા, ત્યારે આ બીમારીના કંટાળામાં તેમણે એસિડ પી લીધું હતું. ઘટનાની જાણ થતા જ પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ તેમનું મોત નીપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે મૃતક સંજયભાઈ ત્રણ ભાઈ અને બે બહેનોમાં સૌથી મોટા હતા. તેઓ દૂધની ડેરીમાં કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા. સંતાનમાં તેમને ૧ દીકરો અને ૩ દીકરીઓ છે. પરિવારના મોભીના અવસાનથી શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસે આ મામલે પ્રાથમિક નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# ગેરકાયદે દબાણો સામે મનપાની કડક કાર્યવાહી

## શહેરના મુખ્ય માર્ગો પર ૫૦ દબાણો હટાવ્યા: અનઅધિકૃત્ત હોર્ડિંગ અને કિયોસ્ક દુર કર્યા

અબતક, ઋષિ મહેતા

મોરબી મહાનગરપાલિકાની એસ્ટેટ અને દબાણ શાખાએ વિવિધ વિસ્તારોમાં વ્યાપક કાર્યવાહી કરી ગેરકાયદે દબાણો દૂર કર્યા હતા. મુખ્ય જાહેર માર્ગો પરથી અંદાજે ૫૦ જેટલા દબાણો હટાવી વાહનવ્યવહાર સુગમ બનાવાયો, સાથે દંડ વસુલાત અને અનઅધિકૃત હોર્ડિંગ તથા કિયોસ્ક પણ દૂર કરવામાં આવ્યા હતા.

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના હદમાં આવતા વિસ્તારોને અનઅધિકૃત દબાણોથી મુકત કરવા માટે એસ્ટેટ તથા દબાણ શાખાની ટીમ દ્વારા સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. આ કાર્યવાહી અંતર્ગત નહેરુ ગેટ, જુનો બસ સ્ટેન્ડ, પંચાસર રોડ, વાવડી રોડ, નટરાજ ફાટક, ગેંડા સર્કલ સહિત શહેરના હાર્દ સમા વિસ્તારોમાં ૫૦ જેટલા જાહેર માર્ગો પર કરવામાં આવેલા ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

આ કાર્યવાહીમાં જાહેર માર્ગો પર દબાણ કરતા વેપારીઓ પાસેથી અંદાજિત રૂ.૩,૦૦૦ જેટલો દંડ પણ વસુલ કરવામાં આવ્યો હતો. આ સાથે ભક્તિનગર સર્કલ અને લીલાપર ગામ પાસે અનઅધિકૃત રીતે લગાવવામાં આવેલા ૬ હોર્ડિંગ તથા ૫૫ કિયોસ્ક દૂર કરવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરીની સાથે મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાએ શહેરના લારી-ગલ્લા ચલાવતા વેપારીઓને વાવડી રોડ પર કબીરધામ આશ્રમ પાસે કાર્યરત કરાયેલા નવા હોકર્સ ઝોન અંગે માહિતી આપી હતી. સંબંધિત ફેરિયાઓને મહાનગરપાલિકાની મંજૂરી મેળવી આ નિર્ધારિત સ્થળ પર પોતાનો ધંધો વ્યવસાય સુવ્યવસ્થિત રીતે આગળ વધારવા માટે સમજ અને માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

# ચરાડવા ગામે કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો: આરોપીઓ ફરાર

## કાર અને ૧૧૮૮ બોટલ શરાબ મળી ૯ લાખનો મુદામાલ કબ્જે

અબતક, ઋષિ મહેતા

હળવદ તાલુકાના ચરાડવા ગામની સીમમાં હળવદ પોલીસે ઈનોવા કારમાંથી વિદેશી દારૂની કુલ ૧૧૮૮ બોટલો ઝડપી પાડી છે. દારૂ તથા કાર મળી કુલ રૂ.૮.૯૮ લાખનો મુદામાલ કબ્જે લેવામાં આવ્યો છે, આ સાથે પોલીસે આરોપી કારચાલક તથા તપાસમાં ખુલ્લે તેની શોધખોળ શરૂ કરી છે.હળવદ પોલીસ સ્ટેશનના પીઆઈ ડી.વી. કાનાણીની સૂચના મુજબ પોલીસ સ્ટાફે મળેલ બાતમીના આધારે ચરાડવા ગામની સીમ, દેવળીયા રોડ ઉપરથી એક સફેદ કલરની ઈનોવા કાર રજી. નં. જીજે-



૧૨-બીઈ-૧૧૧૧ માંથી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૧૧૮૮ બોટલો કિ.રૂ.૩,૯૮,૪૦૦/-ઝડપી લીધી હતી. આ સાથે પોલીસે ઈનોવા કાર કિ.રૂ.૫ લાખ સહિત રૂ.૮,૯૮,૪૦૦/-નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. રેઈડ દરમિયાન આરોપીઓ હાજર નહી મળી આવતા તેને ફરાર દર્શાવી હળવદ પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ટંકારા નજીક રીક્ષામાંથી મહિલાના ગળામાંથી સોનાનો હાર ઝૂંટવી બાઈક ચાલક ફરાર

અબતક, ઋષિ મહેતા

ટંકારા તાલુકાના મિતાણા ગામ નજીક ચાલુ સીએનજી રીક્ષામાં બેઠેલી મહિલાના ગળામાંથી અજાણ્યા મોટરસાઈકલ ચાલકે સોનાનો હાર ઝૂંટવી ફરાર થઈ ગયો હતો. ચિલઝડપની આ ઘટનામાં આશરે સવા બે તોલા કિ.રૂ.૧.૨૫ લાખનો હાર લઈને અજાણ્યો મોટર સાયકલ ચાલક નાસી ગયો હતો. હાલ મહિલાની ફરિયાદને આધારે ટંકારા પોલીસે આરોપી અજાણ્યા મોટર સાયકલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

ટંકારા તાલુકાના મિતાણા ગામ નજીક મિતાણા ઓવરબ્રિજ પાસે ચાલુ સીએનજી રીક્ષામાં ચિલ ઝડપની ઘટના બની હતી. જેમાં પલાસ ગામ તા. વાંકાનેર ખાતે રહેતા ધુનાબેન હકાભાઈ ગમારા ઉવ.૩૦ ગઈ તા.૦૪/૦૨ના રોજ સવારે આશરે ૧૧ વાગ્યે પોતાના પરિવારજનો સાથે પિતાની સીએનજી રીક્ષા નં. જઈને-૩૬-ડબલ્યુ-૭૬૭૧ માં હડાળા ખાતે લગ્ન પ્રસંગમાં જઈ રહ્યા હતા. આ દરમિયાન એક અજાણ્યો કાળા રંગની મોટરસાઈકલ ઉપર આવેલ ઈસમ, લાલ મરૂન રંગનું ટી-શર્ટ, માથે ટોપી અને મોઢે સફેદ રૂમાલ બાંધેલો, રીક્ષાની બાજુમાં આવી બળજબરીથી ધુનાબેનના ગળામાં પહેરેલ સોનાનો ટીલી વાળો હાર ઝૂંટવી ફરાર થયો હતો. હારનો અડધો ભાગ મહિલાના હાથમાં રહી ગયો, જ્યારે આશરે બે સવા બે તોલા વજનનો ચગદા વાળો ભાગ કિ.રૂ.૧,૨૫,૦૦૦/- આરોપી લઈ ગયો હતો. જ્યારે આરોપીના બાઈકમાં નંબર પ્લેટ ન હતી. બનાવ બાદ તુરંત પરિવારજનોએ બાઈકનો પીછો કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ આરોપી ભાગી ગયો હતો. હાલ ટંકારા પોલીસે અજાણ્યા આરોપી વિરુદ્ધ બીએનએસ કલમ હેઠળ ગુનો ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ટંકારા: રિપેરીંગની મજૂરી માગતા ગેરેજ કર્મચારી પર હુમલો

## ટ્રક માલિક સહિત સાત શખ્સોએ ધોકા-પાઈપથી મારમાર્યો

અબતક, ઋષિ મહેતા

ટંકારા: રાજકોટ હાઈવે ઉપર બાની વાડી નજીક લાભ મોટર્સ નામની ગેરેજમાં ટ્રકના રિપેરીંગની મજૂરીના રૂપિયા માગતા ત્રણ ગેરેજ કર્મચારીઓ ઉપર ત્રણ કારમાં આવેલ ટ્રક માલિક સહિત અજાણ્યા શખ્સોએ લાકડાના ધોકા અને લોખંડના પાઈપથી હુમલો કર્યો હતો.

મોરબી-રાજકોટ રોડ પર બાની વાડી સામે આવેલા લાભ મોટર્સ ગેરેજમાં મજૂરી કામ કરતા પ્રતિકભાઈ ઈશ્વરભાઈ કણઝરીયા ઉવ. ૨૧ દ્વારા આ મામલે ટંકારા પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી જાહેર કરવામાં આવ્યું કે, ગઈ તા.૦૨/૦૨/૨૦૨૬ ના રોજ ટ્રક રિપેરીંગના કામ માટે ટંકારાથી આગળ એચપી પેટ્રોલ પંપ પાસે બંધ થયેલ લેલન ટ્રકનો ડાંડો કાઢી રાજકોટ મોકલવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. જે બાબતે ગેરેજ માલીક અને ટ્રક માલિક વચ્ચે ભાડા અને મજૂરી કામના રૂપિયા બાબતે વિવાદ થયો હતો. બાદમાં ટ્રક માલિકે મજૂરીના રૂપિયા રૂબરૂ આવીને આપી જવાનું જણાવ્યું હતું. જે બાદ ટ્રક રાત્રિના સમયે ટ્રક માલિકનો ફોન આવતા, મજૂરીના રૂપિયા લેવા ફરિયાદી ગેરેજ કર્મચારી સહિત ત્રણેય ગેરેજ ખાતે પહોંચ્યા હતા. જ્યાં પહેલા એક સ્કોર્પિયો અને ત્યારબાદ એન્ડોવર કાર રજી.નં. જીજે-૦૩-એલએમ-૫૬૩૪ સહિત બીજી એક કાર આવી હતી. જેમાંથી ઉતરેલા અંદાજે સાત જેટલા શખ્સોએ ગેરકાયદેસર મંડળી બનાવી, લાકડાના ધોકા અને લોખંડના પાઇપ વડે ફરિયાદી પ્રતિકભાઈ, તેમના ભાઈ ભાવેશભાઈ અને સાથી કર્મચારી મેહુલભાઈ ઉપર હુમલો કર્યો હતો. આ હુમલામાં પ્રતિકભાઈને જમણા હાથમાં અને માથાના ભાગે ગંભીર ઈજાઓ, ભાવેશભાઈને ડાબા હાથમાં ફ્રેક્ચર તથા મેહુલભાઈને પગમાં ઈજાઓ થઈ હતી. આ મામલે ટંકારા પોલીસે આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ તથા જી.પી. એક્ટ કલમ મુજબ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# માળીયા(મી): સુરજબારી પુલ નજીક ટેન્કર પલટી જતા ચાલકનું મોત

અબતક, ઋષિ મહેતા

ગત તા.૦૬/૦૨ના રોજ કંડલાથી પામોલીન તેલ ભરી છતરાલ(કડી) જઈ રહેલ ટેન્કર રજી.નં. જીજે-૧૨-બીએક્સ-૩૮૭૦ કંડલા-મોરબી નેશનલ હાઈવે ઉપર પલટી મારી જવાનો બનાવ સામે આવ્યો છે, જેમાં ટેન્કર ચાલક મુકેશ લાલા મીણા ઉવ.૨૮ રહે. ઉમેદા ફળીયું જી.ડુંગરપુર દેવલ સીસોદ રાજસ્થાન વાળાએ પોતાનું વાહન ફુલસ્પીડમાં ચલાવી જતા હોય તે દરમિયાન સુરજબારી પુલ તથા ચેક પોસ્ટ વચ્ચે કંડલા-મોરબી નેશનલ હાઈવે રોડ ઉપર સ્ટેરિંગ ઉપર કાબુ ગુમાવતા ટેન્કર પલટી મારી જતા, ચાલક મુકેશ મીણા ટેન્કર નીચે દબાઈ જતા તેમનું સ્થળ ઉપર મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે સમગ્ર અકસ્માતના બનાવ અંગે મૃતકના મોટાભાઈની ફરિયાદને આધારે માળીયા(મી) પોલીસે આરોપી મૃતક ટેન્કર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદના ગોલસણ ગામેથી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ

અબતક, ઋષિ મહેતા

પ્રાપ્ત વિગત મુજબ, હળવદ તાલુકાના ગોલાસણ ગામે રહેતો વિક્રમભાઈ સુરેલા બ્રાહ્મણી નદીના કાંઠે દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ચલાવે છે. જેથી તુરંત પોલીસે ઉપરોક્ત સ્થળે રેઈડ કરતા, જ્યાં નદીના ઓગાનમાં બાવળની કાંટમાં દેશી દારૂની બંધ હાલતમાં ભઠ્ઠી ઝડપી લેવામાં આવી હતી. આ સાથે પોલીસે દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતી સાધન સામગ્રી તથા જમીનમાં દાટેલા બે ટાંકા તેમજ એક બેરલમાંથી કુલ ૧૨૦૦ લીટર દેશી દારૂ બનાવવાનો ઠંડો આથો કિ.રૂ.૩૦,૦૦૦/- આ સિવાય સ્થળ ઉપરથી એક સિલ્વર કલરનું સ્પ્લેન્ડર રજી.નં. જીજે-૩૬-એએમ-૮૭૧૫ સહિત રૂ.૬૦,૦૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. રેઈડ દરમિયાન આરોપી વિક્રમભાઈ ચંદુભાઈ સુરેલા રહે. ગોલસણ ગામ વાળો હાજર નહિ મળી આવતા તેને આ કેસમાં ફરાર જાહેર કરી પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નાગરિક બેંકની ચૂંટણીમાં ફૂલના નિશાનવાળી પેનલના પાંચ ઉમેદવારો વિજયી

## માત્ર ૩૧.૨૫% મતદાન વચ્ચે મોડી રાત્રે ગણતરી બાદ પરિણામોમાં સિંહ પેનલને ઝટકો

અબતક, ઋષી મહેતા

મોરબી નાગરિક સહકારી બેંકની ભારે રસાકસીભરી ચૂંટણીમાં ફૂલના નિશાન સાથે ચૂંટણી લડી રહેલી પેનલે બહુમતી મેળવી છે. મોડી રાત્રે મત ગણતરી બાદ ફૂલ પેનલના છમાંથી પાંચ ઉમેદવારો વિજયી થયા છે, જ્યારે ક્રમ નં-૧૨ પરના હિમાંશુભાઈ ભૂપતભાઈ રવેશીયાનો પરાજય થયો છે. કુલ ૬૫૯૬ મતદારોમાંથી માત્ર ૨૦૪૯ સભાસદોએ મતદાન કરતા ૩૧.૨૫% જેટલું નીચું મતદાન નોંધાયું હતું.

મોરબી નાગરિક સહકારી બેંક લી.ની બોર્ડ ઓફ ડાયરેક્ટરોની ચૂંટણીનું સાંજે ૫ વાગ્યે મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મતગણતરી શરૂ કરવામાં આવી હતી. મોડી રાત સુધી ચાલેલી ગણતરી દરમિયાન ફૂલના નિશાન સાથે મેદાને ઉતરેલી પેનલે સ્પષ્ટ બહુમતી સાથે વિજય મેળવ્યો હોવાનું સામે આવ્યું છે. ફૂલ પેનલના કુલ છ ઉમેદવારોમાંથી ક્રમ નં-૧૨ પરના ઉમેદવાર હિમાંશુભાઈ ભૂપતભાઈ રવેશીયા સિવાય બાકીના તમામ પાંચ ઉમેદવારો એ જીત મેળવી છે. બીજી તરફ, સિંહના નિશાન સાથે ચૂંટણી લડી રહેલી પેનલ માટે આ પરિણામ મોટો ઝટકો સાબિત થયો છે.આ ચૂંટણીમાં સિંહ પેનલ તરફથી અજયકુમાર અમૃતલાલ કોટક, અશ્વિનભાઈ ત્રિકમજીભાઈ કોટક, કુશલ મુકેશભાઈ હીરાણી, દિપકભાઈ મનસુખભાઈ સોમૈયા, નિલેશભાઈ પ્રભુદાસ ખખ્ખર અને ભરતભાઈ રામજીભાઈ મીરાણી જેવા અનુભવી અને જાણીતા ઉમેદવારો મેદાને હતા. જ્યારે તેમની સામે ફૂલ પેનલમાંથી દિપકભાઈ રમણીકભાઈ પોપટ, પરેશભાઈ ઘનશ્યામભાઈ કચોરીયા, ભૂપતભાઈ પરમાનંદભાઈ રવેશીયા, મનિષકુમાર પ્રાગજીભાઈ ઓગણજા, સંજયભાઈ રમણીકભાઈ ધોળકીયા અને હિમાંશુ ભૂપતભાઈ રવેશીયા ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા હતા. સવારથી બંને પેનલોએ વિધાનસભાની ચૂંટણી જેવો માહોલ ઉભો કર્યો હોવા છતાં મતદાનની ટકાવારી અપેક્ષા કરતા ઘણી ઓછી રહી હતી. મતદાન ઓછું હોવા છતાં પરિણામોએ સહકારી રાજકારણમાં નવી ચર્ચાઓ જગાવી છે. હવે મોરબી નાગરિક બેંકની આગામી પાંચ વર્ષની દિશા નક્કી થશે.

# ભુગર્ભ ગટર યોજનામાં ગેરરીતિના આક્ષેપો, શહેર કોંગ્રેસ દ્વારા તપાસની માંગણી

અબતક, ઋષી મહેતા

મોરબી નગરપાલિકા સમયગાળા દરમિયાન ભુગર્ભ ગટર યોજનામાં થયેલા કરોડોના ખર્ચ અને નિષ્ક્રિય પંપિંગ સ્ટેશનો મુદ્દે શંકા વ્યક્ત કરી મોરબી શહેર કોંગ્રેસે મહાનગરપાલિકાને લેખિત ફરિયાદ કરી તપાસની માંગ કરી છે.

મોરબી નગરપાલિકા સમયગાળા દરમિયાન વર્ષ ૨૦૧૬માં પૂર્વ મુખ્યમંત્રી સ્વ.વિજયભાઈ રૂપાણી દ્વારા અંદાજિત રૂ.૧૫૦ કરોડની રકમ ભુગર્ભ ગટર યોજનાના કામોમાં ખર્ચવામાં આવી હતી. આ યોજનાના ભાગરૂપે શહેરમાં નવા ૧૦ પંપિંગ સ્ટેશન બનાવવામાં આવ્યા હતા. તાજેતરમાં આ પંપિંગ સ્ટેશનોની રૂબરૂ મુલાકાત લેતા જાણવા મળ્યું હતું કે તેમાંથી મોટાભાગના પંપિંગ સ્ટેશન છેલ્લા પાંચ વર્ષથી કાર્યરત નથી, જેને લઈ અનેક પ્રશ્નો ઊભા થયા છે.



મોરબી શહેર કોંગ્રેસના પ્રમુખ પુષ્પરાજસિંહ જાડેજાએ આ મુદ્દે સવાલ ઉઠાવતા જણાવ્યું હતું કે જ્યારે પંપિંગ સ્ટેશનો કાર્યરત જ નથી ત્યારે કામ કરનાર કંપનીને એકતરફી હવાલા કરીને ચૂકવણી શા માટે કરવામાં આવી? આ સમગ્ર કામગીરીમાં કોઈ પ્રકારની ગેરરીતિ અથવા ભ્રષ્ટાચાર થયો છે કે કેમ તેની તપાસ થવી જરૂરી છે. આ અંગે મોરબી મહાનગરપાલિકાને લેખિત ફરિયાદ કરીને યોગ્ય તપાસની માંગ કરવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતું.

# હિંમતનગર નજીક ડમ્પરની બ્રેક ફેઈલ થતા અકસ્માતની હારમાળા

## અકસ્માતમાં ૭ જેટલા લોકોને ઈજા જ્યારે ૧૦ જેટલા વાહનોને નુકસાન

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**



સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર- ગાંભોઈ નેશનલ હાઈવે નંબર-૪૮ પર કરણપુર ગામ નજીક બપોરના સમયે એક ડમ્પરની બ્રેક ફેલ થતા ગંભીર અકસ્માત સર્જાયો હતો ગાંભોઈથી હિંમતનગર તરફ જઈ રહેલા ડમ્પરના ચાલકે બચાવવાનો પ્રયાસ કરતા તે રોડ સાઈડમાં વળ્યું હતું આ ઘટનામાં સામેથી આવતા અને રોડ પર પાર્ક કરેલા કુલ ૧૦ જેટલા વાહનોને નુકસાન થયું હતું. અકસ્માતમાં સાત લોકોને સામાન્ય ઈજાઓ થઈ હતી.

ગાંભોઈ પોલીસના સૂત્રોના જણાવ્યા મુજબ ડમ્પર ચાલકે પોલીસને કહ્યું કે તેની આગળ એક ઈકો કાર જઈ રહી હતી અને રોડ પર લોકો હતા બ્રેક મારતા તે ફેલ થઈ ગઈ હતી લોકો અને વાહનોને બચાવવા માટે તેણે ડમ્પરને ટર્ન માર્યો હતો જેના કારણે તે સામેના રોડ પર જઈને હિંમતનગર તરફથી આવતી એક કાર અને પીકઅપ ડાલા સાથે અથડાયું ત્યારબાદ પાર્ક કરેલા વાહનો સાથે પણ ટકરાયું હતું.

ચાલકે એવો પણ દાવો કર્યો હતો કે અકસ્માત બાદ લોકોએ તેને માર માર્યો હતો ગાંભોઈ પોલીસે ઘટનાસ્થળે પહોંચી ડમ્પર ચાલકને કસ્ટડીમાં લીધો હતો અને તેને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો ચાલકે નશો કર્યો છે કે કેમ તે જાણવા માટે તેના સેમ્પલ લેવામાં આવ્યા છે પોલીસે આ અકસ્માત અંગે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# સુરેન્દ્રનગર, થાન, મુળી પંથકમાં ગેરકાયદે કોલસાની ખાણો ધમધમાવનારા પાસેથી રૂ.૧૫.૪૮ કરોડનો દંડ વસુલાયો

## ગુગલીયાણા - નવખંભા અભેપર આસુંન્દ્રાયીની સીમમાંથી ૧૬ કુવા પર દરોડા

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર જીલ્લાના થાન અને મુળી તાલુકામાં ગેરકાયદેસર કાર્બોસેલ (કોલસા)નું ખનન થતું હોવાની ફરિયાદોને ધ્યાને લઈને ચોટીલા ડેપ્યુટી કલેક્ટર એચ.ટી.મકવાણા તેમજ સ્થાનિક મામલતદારની ટીમ દ્વારા થાન તાલુકાના ગુગલીયાણા, નળખંભા, અભેપર તેમજ મુળી તાલુકાના આસુંન્દ્રાળી ગામમાં અગાઉ રેઈડ કરી હતી અને સ્થળ પરથી કરોડો રૂપિયાનો મુદામાલ કબજે કર્યો હતો.

જે રેઈડ બાદ ગેરકાયદેસર રીતે ખનન કરેલ કુવાઓની માપણી તેમજ સ્થળ ચકાસણી કરી કડક વસૂલાત હાથ ધરી છે. જેમાં થાન તાલુકાના ગુગલીયાણા ગામની સીમમાં ગેરકાયદેસર ૦૩ કુવામાંથી ખનન બદલ હરીભાઈ મોહનભાઈ મારુ, સોનાબેન મોહનભાઈ મારુ, બુટાભાઈ હરીભાઈ મારુ, નાગજીભાઈ મોહનભાઈ મારુ, હિતેશભાઈ મોહનભાઈ મારુ અને વિજયભાઈ મોહનભાઈ મારુ પાસે થી રૂ.૨,૯૦,૪૦,૦૦૦ , અભેપર ગામની સીમમાં ગોરધનભાઈ છનાભાઈ ઝેઝરીયા પાસે થી રૂ.૯૬,૮૦,૦૦૦, નળખંભા ગામની સીમમાં ગેરકાયદેસર ૦૨ કુવામાંથી ધીરુભાઈ તેજાભાઈ કોળી, રામાભાઈ તેજાભાઈ કોળી, ખાખરાથાળ પાસે થી રૂ.૧,૯૩,૬૦,૦૦૦, મુળીના આસુંન્દ્રાળી ગામની સીમમાં ૦૪ કુવામાંથી ખનન બદલ હીમાબેન દેવાભાઈ સાનીયા, ડાયાભાઈ દેવાભાઈ સાનીયા, લીલુબેન દેવાભાઈ સાનીયા, નવઘણ દેવાભાઈ સાનીયા, ગંગાબેન દેવાભાઈ સાનીયા, જશુબેન દેવાભાઈ સાનીયા, બાલાભાઈ દેવાભાઈ સાનીયા, ધુડીબેન માત્રાભાઈ સાનીયા, જાનીબેન માત્રાભાઈ સાનીયા, બાયાબેન કુકાભાઈ ભરવાડ, માનુબેન કુકાભાઈ ભરવાડ, ઘેલાભાઈ કુકાભાઈ ભરવાડ, લક્ષ્મીબેન કુકાભાઈ ભરવાડ, ગોવિંદભાઈ કુકાભાઈ ભરવાડ અને ગોપાલભાઈ કુકાભાઈ ભરવાડ પાસે થી રૂ.૩,૮૭,૨૦,૦૦૦ અને મુળીના આસુંન્દ્રાળી ગામની સીમમાં ભોપાભાઈ કુકાભાઈ કોળી પરમાર, નાગરભાઈ ગાંડાભાઈ રંગપરા, રૂપાબેન કુકાભાઈ કોળી પરમાર, વિજુબેન જેસાભાઈ કોળી, બાયાબેન કુકાભાઈ કોળી પરમાર, મંજુબેન ગાંડાભાઈ રંગપરા, જગાભાઈ ગાંડાભાઈ રંગપરા, શોભનાબેન જેસાભાઈ પરમાર, કૈલાશબેન જેસાભાઈ કોળી, શોભાબેન ગાંડાભાઈ રંગપરા, જીવણભાઈ ગાંડાભાઈ રંગપરા, ભાનુબેન જેસાભાઈ કોળી પરમાર, ધર્મેન્દ્રભાઈ જેસાભાઈ પરમાર, સુરાભાઈ જેસાભાઈ કોળી પરમાર પાસે થી રૂ.૫,૮૦,૮૦,૦૦૦ની વસૂલાતની તજવીજ હાથ ધરી છે. આમ તંત્ર દ્વારા થાન અને મુળી તાલુકામાં થી ૧૬ ગેરકાયદેસર કુવાઓમાં થયેલ ગેરકાયદેસર કાર્બોસેલના ખનન બદલ ફૂલ રૂ.૧૫,૪૮,૮૦,૦૦૦ જેટલી રકમની કડક વસૂલાતની કાર્યવાહી હાથ ધરવામાં આવતા અન્ય ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

# પાટડી: ટેન્કર ચાલકની બેદરકારીના સીસીટીવી સામે આવ્યા

## અચાનક વળાંક લેતા ટેન્કર સાથે બાઈક અથડાતા પ્રૌઢનું મોત નિપજ્યું'તું

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



દસાડા તાલુકાના પાટડીમાં બે દિવસ પહેલા સેડલા ગામના અતુલભાઈ ગેડીયા નામના આધેડ બાઈક લઈને પાટડી તરફ આવી રહ્યા હતા ત્યારે બજાણા રોડ પર આવેલ આઈ.ટી.આઈના બોર્ડ પાસે ટેન્કર ચાલકે અડફેટે લીધા હતા.

જે તમામ ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે.

જેમાં ટેન્કર ચાલક ગફલત ભરી રીતે ટેન્કરનો વળાંક લીધો હતો જેના કારણે બાઈક ચાલક ધડાકાભેર અથડાયો હતો. જો ટેન્કર ચાલકે બ્રેક લગાવી હોત તો આધેડનો જીવ બચી શકતો હતો પરંતુ ટેન્કર ચાલકે નિર્દયતાથી ટેન્કરના પાછળના વ્હીલ પણ આધેડ અને બાઈક પર ચઢાવી દીધા હોવાનું સીસીટીવીમાં કેદ થયું છે. આટલું જ નહીં ત્યારબાદ ફુલ સ્પીડમાં ટેન્કર ચલાવી પાણી પુરવઠાની ઓફિસે પાર્ક કર્યા બાદ ઓફિસની અંદર આ ચાલક જાય છે અને થોડી મિનિટો બાદ બહાર આવી છે અન્ય એક વ્યક્તિ તેને બાઈકમાં બેસાડી ફરાર થયો હતો. પુરવઠાની ઓફિસમાં ગયા બાદ જાણે કોઈએ ભાગી જવાની સલાહ આપી હોય તેવી ચર્ચાઓએ પણ જોર પકડ્યું છે. ત્યારે હાલ તો પોલીસે સીસીટીવીના આધારે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ઉનાના કેસરીયા ગામે મંદિરમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

## એલસીબીએ બેલડીની ધરપકડ કરી મુદામાલ કબ્જે કર્યો

**અબતક, ઉના**



ઉના તાલુકાના કેસરીયા ગામે શિવ મંદિરમાં થયેલી ચોરીનો એલસીબીએ ભેદ ઉકેલી બેદડીને ઝડપી લઈ ૧૦૦૦૦નો મુદામાલ કબ્જે કર્યો છે.

ઊના તાલુકાના કેસરિયા ગામ અગાઉ એક શંકર દાદાના મંદિરમાંથી ત્રાંબાના નાગ દાદા અને અન્ય વસ્તુની ચોરી થયાની ઊના પોલીસ સ્ટેશનમા ફરિયાદ નોંધાઈ હતી. ગીર સોમનાથ એલ. સી. બી.ના પેટ્રોલિંગમાં હતા ત્યારે ગફાર ઉર્ફે કાળુ નૂરા ભાઈ કાતિયાર (રે. ગડુ) માંગરોળ અને ઊનામા ભંગાર ની ફેરી કરતો હાજીભાઈ ઉર્ફે ઈસ્માઈલભાઈ હાસમભાઈ મન્સૂરી રે. ઊનાને અટક કરી તેમની પાસેથી મંદિરમાં શંકર દાદાના મંદિરમાં રાખવામાં આવતા ત્રાંબા જેવી ધાતુના નાગદાદા ટુકડા જેનું વજન પાંચ કિલો હોય રૂપિયા ૧૦૦૦૦/ની કિંમત નો કબ્જે કરી મંદિર ની ચોરી નો ભેદ ઉકેલી સફળતા મેળવી હતી. ઊના પોલીસ ને આરોપી મુદામાલ સાથે સોંપેલ હતો.

# ધ્રાંગધ્રા: વરઘોડામાં મહિલાઓ સાથે રાસ રમાવાની ના પાડતા યુવાન પર હુમલો

## લગ્નપ્રસંગમાં મારામારીના બનાવથી અફરાતફડી: ત્રણ શખ્સ સામે નોંધાતો ગુનો

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધ્રાંગધ્રા શહેરમાં લગ્ન પ્રસંગ દરમિયાન મહિલાઓ પાસે ગરબા રમવાની ના પાડતા ત્રણ શખ્સે યુવાન પર હુમલો કર્યો હતો. સિટી પોલીસે હુમલાખોરો વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ધ્રાંગધ્રામાં લુખ્ખા તત્વોનો ત્રાસ વધી રહ્યો છે ત્યારે ધ્રાંગધ્રા શહેરના કોળીપરા વિસ્તારમા લગ્નના વરઘોડામાં સગા અને સંબંધીઓ ગરબે રમી રહ્યા હતા. ત્યારે આરોપી રસુલ ઉર્ફે ડાડો મોવર, હસન મોવર અને અમૃદિન ઉર્ફે અમલો મોવર નામના ૩ શખસ વરઘોડામાં ઘૂસીને મહિલાઓ પાસે ગરબા રમવા લાગ્યા હતા જે અંગે ઘરના સભ્યે તેમને મહિલાઓથી દૂર રહેવા અને ગરબા ન રમવા જણાવ્યું હતું લગ્ન પ્રસંગના સંબંધીની વાત સાંભળીને ત્રણેય શખસ ઉશ્કેરાઈ ગયા હતા. તેમણ રમેશ ઉર્ફે કાળુ મહેશભાઈ કડોરીયા સહિત સંબંધી પર હુમલો કર્યો હતો તેમને જાનથી મારી નાખવાની ધમકી આપીને બનાવને લઈને ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સિટી પોલીસે જાણ કરતા ઘટના સ્થળે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા તાત્કાલિક ઈજાગ્રસ્તને સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા ત્યારે ફરિયાદી દશરથ ઉર્ફે કાળુ મહેશભાઈ કડોરીયા દ્વારા ધ્રાંગધ્રા સિટી પોલીસમાં ૩ શખસ સામે ફરિયાદ નોંધાવી હતી ઉલ્લેખનીય છે.

# બગદાણાના કોળી યુવાન પર હુમલામાં જયરાજ આહીર સહિત છ શખ્સના જામીન મંજૂર

## મુંબઈના કાર્યક્રમમાં બગદાણા ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટીના નામનો ઉલ્લેખનો માફી માગતો વીડિયો મોકલાયાનો ખાર રાખી હુમલો કારણભૂત હતું !

**અબતક, રાજકોટ**


સૌરાષ્ટ્ર ભરમાં ચકચાર મચાવનાર બગદાણા ગામના પૂર્વ સરપંચ નવનીત બાલધિયા નામના કોળી યુવાન પર હુમલાના પ્રકરણમાં જેલ હવાલે રહેલા જાણીતા લોકસાહિત્યકાર માયાભાઈ આહીર ના પુત્ર અને યુવા ભાજપના આગેવાન જયરાજ આહીર સહિત છ આરોપીઓને મહુવા કોર્ટે શરતી જામીન અરજી મંજૂર કરી છે.વધુ વિગત મુજબ મુંબઈના જાહેર કાર્યક્રમમાં માયાભાઈ આહીરે બગદાણા ટ્રસ્ટમાં મેનેજિંગ ટ્રસ્ટી તરીકે યોગેશભાઈ સાગરના નામનો ઉલ્લેખ કર્યો હતો, જેથી મેં માયાભાઈ આહીરને ફોન કરી જાણ કરી હતી કે બગદાણાના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે કોઈ નથી.જેથી માયાભાઈએ કહ્યું હતું કે, હું માફી માગતો વીડિયો મોકલી આપું છું. તે વીડિયો મારા ચાર પાંચ મિત્રોને મોકલ્યો હતો. માયાભાઈએ માફી માગતાં તેના પુત્ર જયરાજને લાગી આવ્યું હતું, જેથી તેને મને ફોન કરી મળવા માટે કહ્યું હતું. બગદાણાના પૂર્વ સરપંચ નવનીત બાલધિયા નામના કોળી યુવા પર તા.૨૯ ડિસેમ્બર, ૨૦૨૫ના રાત્રિ કલાકે આઠ શખસે હુમલો કર્યો હતો. આ હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા નવનીત બાલધિયાની તા.૧ જાન્યુઆરીએ હીરા સોલંકી સાથેની મુલાકાત લીધી હતી. બાદ ઘટનાએ સામાજિક રંગ લાગ્યો હતો. નવનીત બાલધિયાએ પોતાના પર થયેલા હુમલામાં માયાભાઈ આહીરના પુત્ર જયરાજ આહીરનો હાથ હોવાનો આક્ષેપ કર્યો છે. કોળી સમાજના રાજકીય અને સામાજિક આગેવાનો દ્વારા મુખ્યમંત્રીને આ મામલે રજૂઆત કરતા તુરત એસઆઈટીની રચના.કરવામાં આવી હતી. પર હુમલા કેસમાં અંતે લોકગાયક માયાભાઈ આહીરના પુત્ર જયરાજ આહીરને સીટ દ્વારા ધરપકડ કરી હતી. જેલ હવાલે રહેલા જયરાજ આહીર, નાજુ કામળીયા, કાના ભીખાભાઈ કામળિયા, સંજય બેચરભાઈ ચાવડા, દિનેશ ઉર્ફે દાદુ લોમાભાઈ સોલંકી અને અજય ઉર્ફે મોટો મનજીભાઈ ભાલીયા મહુવા કોર્ટમાં જામીન અરજી કરી હતી. જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ બચ્ચાઓ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલો અને દસ્તાવેજી પુરાવા તેમજ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદાઓને ધ્યાને લઈ બચાવ પક્ષની દલીલોને ગ્રાહ્ય રાખીને કોર્ટે આજે શરતી જામીન પર મંજૂર કર્યા છે.

**તા.૨૯ ડિસેમ્બરની રાત્રિના સમીર પૂર્વ સરપંચ નવનીત બાલધિયા પર આઠ શખસે હુમલો કર્યો હતો**

# ધ્રાંગધ્રામાં લુખ્ખાઓ બેખોફ: પાંચ કારના કાચ ફોડ્યા

## સીસીટીવી ફૂટેજના આધારે અસામાજીક તત્વોની શોધખોળ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધ્રાંગધ્રા શહેરમાં લુખ્ખા તત્વોનો ત્રાસ દિવસેને દિવસે વધતો જઈ રહ્યો હોવાની વધુ એક ઘટના સામે આવી છે શહેરના બસસ્ટેન્ડ નજીક આવેલ રોકડીયા સર્કલ સહિતના વિસ્તારમાં મોડી રાત્રિના સમયે અજાણ્યા લુખ્ખા તત્વોએ ઈકો કાર સહિત અંદાજે પાંચ જેટલા વાહનોના કાચ ફોડી નાખવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરવામાં આવી હતી વાહન માલિકોની અરજીઓ આધારે ફરિયાદ નોંધવાની કાર્યવાહી કરવામાં આવી રહી છે તેમજ કારોના કાચ ફોડનાર લુખ્ખા તત્વોને ઝડપવા માટે પોલીસ દ્વારા આસપાસના વિસ્તારોના સીસીટીવી ફૂટેજની તપાસ સહિત વિવિધ દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે શહેરમાં વધતી આવી અસામાજિક પ્રવૃત્તિઓને લઈ નાગરિકોમાં ચિંતા ફેલાઈ છે.

# ઉપલેટા: કારે મોટર સાયકલને અડફેટ લેતા યુવાન ગંભીર

## ચાલક અકસ્માત સર્જી ગાડી મૂકી ફરાર: ઘાયલ રોડ ઉપર કણકસતી હાલતમાં હોય અન્ય રાહદારીએ ૧૦૮ ને જાણ કરી

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**



ઉપલેટા ના આસ્થા એપાર્ટમેન્ટમાં રહેતા અને સબમર્સીબલના ધંધા સાથે સંકળાયેલા અખિલ ભરતભાઈ ચનિયારા મોટર સાયકલ લઈને આવી રહ્યા હતા ત્યારે કાર નં. જીજે ૦૩ પીજે ૯૧૦૯ ના ચાલકે મોટર સાયકલને અડફેટ લેતા ચાલકને ગમીજા થતાં રસ્તા ઉપર ફંગળાઈ ગયા હતા અને કારચાલક અકસ્માત સર્જી ઘાયલને દવાખાને લઈ જવાને બદલે કાર ચાલક ઈજા નાસી છૂટ્યા હતા

પ્રાપ્ત થતી વિગતો મુજબ ઉપલેટાના કોલકી રોડ ઉપર આવેલ આસ્થા એપાર્ટમેન્ટમાં રહેતા અને સબમરસીબલ નો વેપાર કરી તેમના પરિવાર નું ગુજરાન ચલાવતા અખિલ ભરતભાઈ ચનીયારા મોટરસાયકલ લઈને ઘર તરફ આવતા હતા ત્યારે રિલાયન્સ પેટ્રોલ પંપ પાસે કાર ચાલકે એટલી હદે ઠોકર મારી હતી કે પગ માં ત્રણ ફ્રેક્ચર અને મગજના ભાગમાં હેમરેજ જેવી ગંભીર ઈજા પહોંચી હતી કારચાલક ઘાયલને રસ્તા ઉપર છોડી ફરાર થઈ જતા અખિલ ચનીયારા કણકસતી હાલતમાં રોડ ઉપર પડ્યા હોય અન્ય રાહદારી ત્યાથી નીકળતા ૧૦૮ ને ઘટનાની જાણ કરતા ૧૦૮ ઘટના સ્થળે પહોંચી ઘાયલ અખિલને શહેરની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરેલ હતા ત્યાં તેને વધુ સારવારની જરૂર જણાતાં રાજકોટની ખાનગી હોસ્પિટલમાં રિફર કરાયા હતા અકસ્માત નજરે જોનાર લોકોએ જણાવ્યું હતું કે અકસ્માત સર્જનાર કારચાલક સભાન અવસ્થામાં ન હતો ઈજાગ્રસ્ત અખિલ ભરતભાઈ ચનિયારા ને માથામાં અને પગના ભાગમાં ગંભીર થતા સિરિયસ હોય તેવું જાણવા મળી રહ્યું છે અકસ્માત સર્જી ફરાર થઈ ગયેલા લોકો ની સ્થાનિક પોલીસે શોધખોળ હાથ ધરી છે અકસ્માત સર્જનાર કારચાલક ઘાયલને દવાખાને લઈ જવાને બદલે કાર મૂકીને ભાગી જતા લોકોમાં રોષ ની લાગણી જોવા મળી હતી

# ધ્રાંગધ્રાના સોલડી ગામની સીમમાંથી ૮૧૧ બોટલ દારૂ પકડાયો

## તાલુકા પોલીસે દરોડો પાડી રૂા.૫.૦૭ લાખનો મુદ્દામાલ કબ્જે: ખેડુત ફરાર

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધાંગધ્રા તાલુકાના સોલડી ગામે વાડી વિસ્તારમાં તાલુકા પોલીસે વિદેશી દારૂની નાની બોટલ ૮૧૧ સહીત કુલ રૂપિયા ૫,૦૭,૩૦૦ મુદ્દામલ ઝડપી પાડ્યો છે.

ધ્રાંગધ્રા તાલુકાના સોલડી ગામે પેથાભાઈ ખીમજીભાઈ વેલાભાઈ પરમારની વાડીએ વિદેશી દારૂની અલગ - અલગ બ્રાન્ડની કુલ ૮૧૧ નંગ બોટલો સહિત કુલ રૂપિયા ૫,૦૭,૩૦૦ મુદ્દામાલ તાલુકા પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો હતો. જેમાં હાજર નહીં મળી આવેલા આરોપી પેથાભાઈ ખીમજીભાઈ વેલાભાઈ પરમાર રહે સોલડી વાળા સામે તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# જેતલસરના આરબટીંબડી ગામેથી દારૂ સાથે લીસ્ટેડ બુટલેગર ઝડપાયો

## ૪૩ જેટલા ગંભીર ગુનાનો રીઢો બુટલેગર ફરી કાયદાના સંઘર્ષમાં આવતા કડક સજાની કાર્યવાહી

**અબતક,જેતલસર**



જેતલસર પંથકના આરબ ટીંબડી ગામે રહેતા રીઢા બુટલેગર પર પોલીસ ત્રાટકી ૧.૨૮લાખનો દેશી દારુ ઝડપી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.બુટલેગર યુવકે ભૂતકાળમાં પોલીસ પર હુમલો કરી ગંભીર ઈજાઓ પહોચાડી હતી.યુવક આશરે ૪૩ જેટલા ગુનાઓમાં સંકળાયેલો છે.

પ્રાપ્ત વિગતો મુજબ જેતપુર તાલુકા પોલીસ સ્ટાફ જેતલસરનાં આરબ ટીંબડી ગામમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે સર્વેલન્સ -સ્ટાફને બાતમી મળી હતીકે આરબ ટીંબડી ગામે રહેતો ધર્મેશ ઉર્ફે ધમો બાવનજીભાઈ મકવાણા પોતાના ખેતરે દેશીદારૂનું વેંચાણ કરી રહ્યો છે.બામીના આધારે પોલીસે ધમો બાવનજી મકવાણાના ખેતરે દરોડો પાડી ચેકિંગ કરતા ખેતરમાં સંતાડેલો ૬૪૦ લીટર દેશી દારુ જેની કિંમત ૧.૨૮ લાખ ગેરકાયદેસર વેચાણ માટે રાખેલો હતો,પોલીસે દારુ સહિતનો મુદ્દામાલ કબજે કરી બુટલેગર ધમાની ધરપકડ કરી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.પોલીસના જણાવ્યા મુજબ આરોપી ભૂતકાળમાં અનેક વખત ગુનાઓ આચરી ચુક્યો છે અને એક વાર પાસા જેવી ગંભીર સજાઓ પણ ભોગવી ચુક્યો છે અને થોડા સમય પહેલા પ્રોહીબીશનના ચેકિંગ માટે ગયેલા પોલીસ સ્ટાફ પર હુમલો કરી પોલીસ સ્ટાફના એક ઓફિસરને ગંભીર ઈજાઓ પણ પહોચાડી હતી પોલીસે રીઢા ગુનેગારને ઝડપી કડક કાર્યવાહી કરી કાયદાનું ભાન કરાવા તજવીજ હાથ ધરી છે.

# માળીયા (હા.) જુથળ સેવા સહકારી મંડળીના મંત્રીએ રૂ. ૨.૦૯ કરોડની ઉચાપત કરી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

માળિયા હાટીના તાલુકાના જુથળ સેવા સહકારી મંડળીના મંત્રીએ ૧૫ વર્ષના તેના ફરજ સમયગાળા દરમિયાન રૂા. ૨,૦૯,૪૯,૬૦૯ ની ઉચાપત કરી, હોવાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાતા, સહકારી મંડળીના મંત્રીના કાગળ ઉપરના કારનામા અંગે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

જૂનાગઢ જિલ્લાના માળીયા હાટીના તાલુકાના જૂથળ સેવા સહકારી મંડળીના મંત્રી કાન્તીભાઈ નરશીભાઈ હિંગરાજીયા (રહે.કણેરી ગામ તા. કેશોદ) એ તા. ૦૯/૦૫/૨૦૦૯ થી ૧૪/૦૪/૨૦૨૪ સુધીના સમય દરમ્યાન ખોટા પત્રકો તથા રસીદો બનાવી તથા યોગ્ય હિસાબો નહી રાખી તેમજ પોતાના લાભ માટે ખોટા ધિરાણો જાણીજોયને મંજુર કરાવી તેમજ મંડળીના ચોપડા, કાગળ, જામીનગીરી સાથે ચેડા કરી, તેમા ફેરફાર કરી મંડળીના પ્રમુખ સહિતની કમીટી તથા ખેડુત સભાસદો સાથે છેતરપીંડી તથા વિશ્વાસઘાત કરેલ જેમા (૧) રોકડ ઘટ ઉચાપત રૂા. ૫૯,૪૨,૯૮૯ (૨) સ્ટોક ઘટ ઉચાપત રૂા. ૨૬,૭૮,૯૯૧ (૩) ધિરાણ ઉચાપત રૂા.૭૦,૬૭,૧૦૦ (૪) થાપણ ઉચાપત રૂા. ૩૦,૪૪,૦૦૦ (૫) બેન્ક ખાતા ઉચાપત રૂા. ૧૩,૨૬,૪૩૦ (૬) અંગત લોન ઉચાપત રૂા.૮,૯૦,૦૯૯ મળી કુલ રકમ રૂા. ૨,૦૯,૪૯,૬૦૯ ની ઉચાપત કરી હોવાની જુથળ સેવા સહકારી મંડળીના પ્રમુખ કનૈયાલાલ ઉર્ફે કનુભાઈ દેવશીભાઈ કનેરીયા એ માળીયા હાટીના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદીની ફરિયાદના આધારે માળિયા હાટીના પોલીસે આરોપી કાન્તીભાઈ નરશીભાઈ હિંગરાજીયા સામે ગુન્હો નોંધ્યો છે, જેની વધુ તપાસ માળિયા હાટીના પી.આઈ. એમ.એન. કાતરીયા ચલાવી રહ્યા છે.

# ધ્રાંગધ્રા ગ્રામ્ય પંથકમાં ઓટો રિક્ષામાં દેશી-વિદેશી દારૂની હેરાફેરી ઝડપાઈ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકા પોલીસે રાજ ચરાડીથી રામગઢ જવાના રોડ પર રિક્ષામાં દેશી દારૂ અને વિદેશી દારૂની હેરાફેરી કરતી સીએનજી રીક્ષા રજીસ્ટર નંબર GJ 13 AZ 0204 નંબરની ઝડપી પાડી હતી. ધ્રાંગધ્રા શહેરમાં છેલ્લા થોડા સમયથી વિદેશી દારૂની ખેપ નો ધંધો ફુલ્યો ફાલ્યો છે ત્યારે રીક્ષાને રોકવાનો પ્રયત્ન કરતાં રીક્ષા ચાલક ભાગવાની કોશિશ કામયાબ રહ્યો હતો. જેમાં તાલુકા પોલીસ દ્વારા રીક્ષાનો કબ્જો લઈ તેમાંથી દેશી દારૂ અને વિદેશી દારૂની બોટલ અને રીક્ષા સહીત કુલ મુદ્દામાલ કિંમત રૂપિયા ૩૪,૮૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ રીક્ષા ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ તાલુકા પોલીસે હાથ ધરી હતી.

# રાજકોટ: ચંપકનગરથી ચોરાયેલી ચાંદી સાથે પ્રદીપ પ્રજાપતિ અમદાવાદથી ઝડપાયો

## રૂ.૧.૬૨ કરોડની ચાંદી ચોરીમાં કમલેશ પ્રજાપતિ નામનો શખ્સ મુખ્ય સૂત્રધાર નીકળ્યો : ક્રેટા કારનું પગેરું સુરત પંથકમાં નીકળતા રાજકોટ-અમદાવાદ પોલિસ દોડી

**અબતક, રાજકોટ**

રાજકોટના સામાકાંઠે ચંપકનગરમાંથી થયેલી રૂ. ૧.૬૨ કરોડની ચાંદી ચોરી પ્રકરણમાં અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પ્રદીપ પ્રજાપતિ નામના શખ્સની ૪૦ કિલો ચાંદી સાથે ધરપકડ કરી છે. ઝડપાયેલા શખ્સને કમલેશ પ્રજાપતિએ ચાંદીનો જથ્થો વેચાણ કરવા અર્થે આપ્યો હોવાનું સામે આવતા ચોરી પ્રકરણમાં કમલેશ પ્રજાપતિ જ મુખ્ય સૂત્રધાર હોવાનું ફલિત થઈ રહ્યું છે. ચોરીને અંજામ આપી તસ્કરો જે ક્રેટા કારમાં નાસી ગયા હતા તેનું પગેરું સુરત પંથકમાંથી મળતા હવે રાજકોટ-અમદાવાદ પોલિસ સુરત તરફ દોડી ગઈ છે.

### ૧૩૦ કિલો ચાંદી ચોરી કમલેશે પ્રદીપને ૪૦ કિલો વેંચવા આપી’તી મહેસાણામાં રોકડી કરે તે પૂર્વે જ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે દબોચી લીધો

બનાવ અંગે રૈયા સર્કલ પાસે રામેશ્વર પાર્ક-૦૧ શેરી નં.૧ માં રહેતા મૂળ પડધરીના વિમાસણ ગામના વતની અતુલભાઈ લિંબાભાઈ બુસા (ઉ.વ.૩૯) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓને પેડક રોડ ચંપકનગર-૦૧ ખત્રીની વાડીની પાસે બીપીનભાઈના મકાનમાં શકિત સિલ્વર નામની પેઢી આવેલ છે. જ્યાં તેઓએ ગઈ તા. ૦૩ ના સાંજે ચારેક વાગ્યે પેઢીને તાળુ મારી ચાવી સાથે લઈ લગ્ન પ્રસંગમાં જતો રહેલ હતો. બાદ ગઈકાલે સવારના તેઓ ઘરે હતા ત્યારે પોણા નવેક વાગ્યાની આસપાસ કાકા જયેશભાઈ બુસાનો ફોન આવેલ કે, તારી પેઢીના દરવાજા ખુલ્લા છે, તેમ જણાવતા તુરત જ ત્યાં ગયેલ તો ત્યાં કાકા જયેશભાઈ અને બીપીનભાઈ હાજર હતા, પેઢીમાં જોયેલ તો પેઢીના દરવાજા પર લોખંડની જાળી પરનો લોક જોવામાં આવેલ નહી તેમજ દરવાજા પાસે આશરે બે ફુટનો લોખંડનો સળીયો પડેલ જોવામાં આવેલ હતો.જાળી પછીના રૂમમાં તપાસ કરતા ચાંદીના વિંછીયા તેમજ સાંકળા આશરે ૫૦ ટચના તૈયાર કરેલ દાગીના પ્લાસ્ટીકના બોક્ષમાં ભરેલ હતા, તે બોક્ષની ૧૧ બોરી જોવામાં આવેલ નહી જેમાં આશરે ૧૩૦ થી ૧૪૦ કિલો ગ્રામ જેટલા તૈયાર ચાંદીના દાગીના હતા, જેની કિંમત આશરે રૂ. ૧,૬૨,૫૦,૦૦૦ ગણાય. જે કોઈ અજાણ્યા ચોર પેઢીના જાળીના ભાગે મારેલ તાળુ તોડી ચોરી કરી લઈ જતાં બી. ડિવિઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી હતી. બનાવની જાણ થતા ધારાસભ્ય ઉદય કાનગડ સહિતના અગ્રણીઓ અને બાદમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે દોડી ગયાં હતાં. બનાવની ફરીયાદ પરથી ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને બી. ડિવિઝન પોલીસ મથકની અલગ અલગ ટીમોએ તપાસનો ધમધમાટ આદર્યો હતો.

જો કે, રાજકોટ શહેર પોલીસ તસ્કરોનું પગેરું મેળવવામાં નિષ્ફળ નિવડી હતી ત્યારે જ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમને મળેલ ઈનપુટના આધારે અમદાવાદમાં મોબાઈલ દુકાનમાં નોકરી કરતાં પ્રદિપ ચંપાલાલ પ્રજાપતિ નામના શખ્સની ધરપકડ કરી તેની પાસેથી ૪૦ કિલો ચાંદી કબ્જે કર્યું હતું.

પોલીસની પૂછતાછમાં તેને ચાંદીનો જથ્થો ચોરીને અંજામ આપનાર મુખ્ય સૂત્રધાર કમલેશ પ્રજાપતિ નામનો શખ્સ આપી ગયાનું જણાવ્યું હતું. જે ચાંદી તે મહેસાણામાં વેંચવા માટે જવાનો હતો. તે પહેલાં જ તે પકડાયો હતો. હાલ પોલીસે મુખ્ય સૂત્રધાર કમલેશ પ્રજાપતિ સુધી પહોંચવા અમદાવાદ-સુરત અને વડોદરામાં તપાસનો ધમધમાટ આદર્યો છે.

### ૪૮ કલાક સુધી રાજકોટમાં આંટા મારતી જાદુઈ ક્રેટા કાર અચાનક જ છેક સુરત પહોંચી ગઈ...!!

ચંપકનગરમાં થયેલી ચકચારી ચાંદી ચોરી પ્રકરણમાં રાજકોટ પોલિસ છેક સુધી ગોટે જ ચડી હોય તેવું ચિત્ર ઉપસી આવ્યું છે. રાજકોટ પોલિસની તપાસમાં ચાંદીની ચોરીને અંજામ આપી ક્રેટા કારમાં તસ્કરો નાસી ગયા હતા. બાદમાં પોલિસ સૂત્રોએ જણાવ્યું હતું કે, બીજે દિવસે સાંજ સુધી ક્રેટા કારએ રાજકોટમાં જ આંટાફેરા કરી રહી હતી. પરંતુ કાર હાથ તાળી આપી મોડી રાતના આજીડેમ ચોકડી તરફથી આગળ નાસી છૂટ્યાનું જોવા મળતાં હાલ ભાવનગર અને અમદાવાદ રોડ તરફ પોલીસની ટીમોએ તપાસનો દોર વધાર્યો હતો. જો કે બાદમાં તે કાર ફરી વાર શહેરમાં આંટાફેરા મારતી જોવા મળતા પોલીસે ફરી તપાસ શહેરમાં જ આદરી હતી. જે બાદ ગોંડલ તરફના રોડ પર પણ જોવા મળતાં પોલીસ ચકરાવે ચડી હતી. તે દરમિયાન જ અમદાવાદ પોલીસે પ્રદીપ પ્રજાપતિને પકડી લઈ ૪૦ કિલો ચાંદી કબ્જે કરી હતી. હવે જાદુઈ ક્રેટા છેક સુરત પહોંચી ગયાનું પોલિસ સૂત્રો જણાવી રહ્યા છે. જેથી ૪૮ કલાક સુધી રાજકોટ પંથકમાં જ આંટા મારતી ક્રેટા કાર છેક સુરત પહોંચી ગઈ ત્યાં સુધી રાજકોટ પોલિસ ગોટે જ ચડી રહી તેવું ચિત્ર ઉપસી આવ્યું છે.

# ખંભાળીયાના રામનગરમાં યુવકની હત્યામાં પિતા-પુત્રી જેલમાં

## પ્રેમ સંબંધમાં પિતરાઈને ગળેટુપો આપી મારમારી મોતને ઘાટ ઉતાર્યો ‘તો

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

ખંભાળીયા તાલુકાના રામનગર વિસ્તારમાં રહેતા જશવંતભાઈ ચોપડાનામના ૨૫ વર્ષના સતવારા યુવાનની હત્યા ધરાર પ્રેમ સંબંધના પ્રકરણમાં તેના સગા કાકાની બહેનો કીરણ, કાજલ તથા પિતા રવજીભાઈએ કરી હતી જે ચકચારી બનાવમાં ખંભાળીયા પો.ઈ. નિકુંજ જોશી દ્વારા તપાસ કરીને કોર્ટમાંથી ત્રણ દિવસના રીમાન્ડ મેળવ્યા હતા જેમાં પુછપરછ તપાસમાં આ આરોપીઓએ પ્રથમ આ યુવાનને કોથળો ઓઢાડી



દોરડાથી ગળેટુપો દીધો હતો તે દોરડુ કોથળો તથા માથામાં પાઈપથી મારમારી પતાવી દીધેલ તે લોખંડનો પાઈપ પણ પોલીસે કબ્જે કરી રીમાન્ડ પૂર્ણ થતા જામનગર જેલ હવાલે કરેલ છે.

# જામનગરમાં રૂ.૨.૮૦ કરોડની સરકારી જમીન પચાવી પાડવાનું કૌભાંડ

## ભૂમાફિયાઓએ ખોટા નકશા બનાવી ૬૬ પ્લોટ પાડી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને વેચાણ કર્યા

### ૭ આરોપીઓ સામે સીટી ‘એ’ પોલીસમાં લેન્ડ ગેબીંગ હેઠળ સીટી મામલતદાર કચેરીના સર્કલ ઓફિસર નોંધાવ્યો ગુનો

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

જામનગર શહેરમાં સરકારી જમીન પચાવી પાડવાનું એક મોટું કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે, જેમાં રણજીત સાગર રોડ પર આવેલી કરોડોની કિંમતની સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે પ્લોટિંગ કરી દેવામાં આવ્યું હતું. આ મામલે જામનગર શહેર મામલતદાર કચેરીના સર્કલ ઓફિસર દ્વારા સીટી ‘એ’ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ૬ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવતા ચકચાર મચી ગઈ છે.સમગ્ર ઘટનાની વિગત મુજબ, જામનગર શહેરના રણજીત સાગર રોડ પર રેવન્યુ સર્વે નંબર ૧૧૨૫ વાળી સરકારી ખરાબાની જમીન અને તેની આજુબાજુની નદી કાંઠાની બિન-નંબરી જમીન મળી કુલ ૮૫૮૬.૫૦ ચોરસ મીટર જમીન પર આરોપીઓએ ડોળો માંડ્યો હતો. અંદાજે ૨ કરોડ ૮૦ લાખની કિંમતની આ જમીન સરકારી હોવાનું જાણવા છતાં, આરોપીઓએ સમાન ઈરાદા સાથે મળીને જમીન પચાવી પાડવાનું કાવતરું રચ્યું હતું. આ ભૂમાફિયાઓએ સરકારી જમીનના ખોટા નકશા બનાવી તેમાં ૬૬ જેટલા પ્લોટ પાડી દીધા હતા

આટલું જ નહીં, આરોપીઓએ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને લલચાવીને આ પ્લોટ વેચવા માટે તેના ખોટા વેચાણ કરારો અને કિંમતી જામીનગીરીના બનાવટી દસ્તાવેજો તૈયાર કર્યા હતા. અનેક નિર્દોષ લોકો સાથે છેતરપિંડી આચરી, આ પ્લોટ વેચીને તેના નાણાં સ્વીકાર્યાની પહોંચ પણ આપી દેવામાં આવી હતી. સરકારી તંત્રને આ બાબતની જાણ થતા, જામનગર શહેર વિભાગના સર્કલ ઓફિસર જિતેન્દ્ર હંસરાજભાઈ પિપરીયાએ વિધિવત રીતે પોલીસ ફરિયાદ દાખલ કરાવી છે.

પોલીસે આ મામલે મનસુખ રતીલાલ ભટ્ટી, આમદભાઈ ઉંમરભાઈ ખફી, નુરમામદ ઉર્ફે બોદુભાઈ દાઉદભાઈ ચાવડા, રાજેશ કાંતીલાલ મારૂ, યજ્ઞેશ રતિલાલ રાણપરીયા અને જગદિશ ગણેશભાઈ ચોવટીયા સામે ગુન્હો ઈ.પી.કો કલમ ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૨૦, ૩૪ અને ધી ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ-૨૦૨૦ ની કલમ ૪(૩),૫(ક)(ગ) મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. હાલ આ કેસની તપાસ જામનગર શહેર વિભાગના નાયબ પોલીસ અધીક્ષક જયવીર્સિંહ ઝાલા ચલાવી રહ્યા છે.

# ધોરાજીના કોર્ટ કર્મચારી પર પીઠડીયા ટોલનાકાના કર્મચારીઓનો હુમલો

## ફાસ્ટટેગ હોવા છતાં આટલી બધી વાર લાઈનમાં કેમ ઉભું રહેવું પડે છે ?કહેતા ગાળો દઈ માર માર્યો

**અબતક રાજકોટ**

ધોરાજી કોર્ટમાં જુનિયર ક્લાર્ક પોતાના કામ અર્થે કાર લઈને રાપર જતા હતા ત્યારે પીઠડીયા ટોલનાકે પહોંચ્યા ત્યારે પોતાની પાસે ફાસ્ટટેગ હોવા છતાં લાઈનમાં વધુ વાર ઊભા રહેવું પડતા, ટોલનાકાના કર્મચારીને કહ્યું કે, મારી પાસે ફાસ્ટટેગ હોવા છતાં શા માટે આટલી વાર ઉભું રહેવું પડે છે ? જેથી ટોલનાકા ના કર્મચારીઓને સારું ન લાગતા કોર્ટના કર્મચારીઓને ગાળો દઈ માર મારતા , કોર્ટના કર્મચારીએ વીરપુર પોલીસ મથકમાં ટોલનાકાના કર્મચારીઓ વિરુદ્ધ ગુન્હો નોંધાવ્યો છે. બનાવની પ્રાપ્ત વિગત મુજબ, ધોરાજીમાં સ્ટેશન રોડ, મિતુલ કોમ્પ્લેક્ષમાં ત્રીજા માળે રહેતા અને ધોરાજી કોર્ટમાં જુનિયર કલાર્ક તરીકે ફરજ બજાવતા ભગીરથસિંહ નવલસિંહ ઝાલા ધોરાજી થી કચ્છ જિલ્લાના રાપર ગામે કામ સબબ પોતાની કાર લઈને નીકળ્યા હતા અને પીઠડીયા ટોલનાકે પહોંચ્યા ત્યારે તેઓ તેની કારમાં લાઈનમાં ઊભા હતા અને તેમની આગળ બે કાર હોય જેથી ટોલનાકાના કર્મચારીએ મને બીજી લાઈનમાં જવા ઈશારો કર્યો હતો. જેથી હું બીજી લાઈનમાં ઉભો રહી ગયો હતો પરંતુ ત્યાં ખૂબ જ વાર લાગતા, ભગીરથસિંહે કર્મચારીને કહ્યું કે, મારી પાસે ફાસ્ટટેગ હોવા છતાં આટલી બધી વાર લાઈનમાં કેમ ઊભું રહેવું પડે છે? તેવું કહેતા ટોલનાકાના કર્મચારીએ કહ્યું કે મને શું કહો છો, મેનેજરને કહો. જેથી ભગીરથસિંહે કારમાંથી ઉતરી મહિલા કર્મચારીને કહ્યું મેનેજર ને બોલાવો તો કર્મચારીએ કહ્યું તું મેનેજર ને બોલાવ. ત્યારબાદ ટોલનાકાના ત્રણથી ચાર કર્મચારી

આવી અમારા ટોલનાકા ના કર્મચારી સાથે કેમ લપ કરે છે તેમ કહી ભગીરથસિંહને બે જણાએ પકડી જેમ ફાવે એમ મોઢા પર લાફા મારી ગાળો દેવા મંડ્યા હતા અને ભગીરથ સિંહના ચશ્મા પડી ગયા હતા. જેથી ભગીરથસિંહ ઝાલાએ વીરપુર પોલીસમાં પીઠડીયા ટોલનાકાના સત્યજીતસિંહ તથા ગઢવી અને અન્ય બે ટોલનાકાના કર્મચારીઓ વિરુદ્ધ ફરિયાદ કરી છે. વિરપુર પોલીસે ફરિયાદ નોંધી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે.

# રૂપેણ બંદર વિસ્તારમાંથી કુંજ પક્ષીનો શિકાર કરતાં બે શખ્સો ઝડપાયા

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**



દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ગત માસે રેન્જ ફોરેસ્ટ ઓફીસરની ટીમ દ્વારા કુંજ પક્ષીના શિકાર કરતા એક શખ્સને પકડી પાડયા બાદ પૂછપરછમાં અપાયેલ બે સાગરિતોના નામ આપતા ફોરેસ્ટ વિભાગની ટીમે દ્વારકા નજીકના રૂપેણ બંદર વિસ્તારમાં રહેતા બે શખ્સોને ઝડપી લઈ જેલ હવાલે કર્યા છે. પ્રાપ્ત વિગત અનુસાર જિલ્લામાં ગત માસે રેન્જ ફોરેસ્ટ ઓફીસની ટીમે કુંજ પક્ષીના શિકાર મામલે એક શખ્સને પકડી પાડયા બાદ તેની પૂછપરછમાં બે શખ્સોના નામો ખલ્યા હતા. ત્યારબાદ રેન્જ ફોરેસ્ટ ઓફીસર - મરીન નેશનલ પાર્ક એન.પી.બેલા તથા તથા સ્ટાફ દ્વારા દ્વારકા નજીકના રૂપેણ બંદરના છપરા બજાર વિસ્તારમાં રહેતા સીકંદર ભીખુ ઢોકી અને વીડીયાવાળી સોસાયટીમાં રહેતા આસીફ ઈસ્માઈલ રાડીયા નામના બે શખ્સોને દબોચી લીધા હતા અને બંને શખ્સોની પૂછપરછમાં કુંજ પક્ષીના શિકાર માટે ઉપયોગમાં લેવાતી પતંગ, જાળ, પતંગમાં બાંધવાની પૂછડી, દોરી સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ બંને શખ્સોને જામનગર જિલ્લા જેલ હવાલે કરવામાં આવ્યા છે.

# ખંભાળીયા: વિજય સિનેમા રોડથી માન સરોવર કોમ્પ્લેક્ષ રોડ બિસ્માર હાલતમાં

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા**

ખંભાળીયામાં વિજય સિનેમા રોડ પાસે ઉતમ મેડીકલ નજીક પેટ્રોલ પંપ પાસે તથા માન સરોવર કોમ્પલેક્ષ થઈને જી.વી. જે.હાઈસ્કુલ સ્ટેશન રોડ જતો રસ્તો ટુંકો હોય તેનો ખૂબજ ઉપયોગ વાહન ચાલકો દ્વારા થતો હોય તથા અહીં અનેક મોટી હોસ્પિટલો તથા લેબોરેટરીઓ આવેલી હોય તથા આ વિસ્તારમાં અત્યંત ખરાબ રસ્તો અને પાછા સ્પીડ બ્રેકર હોય ભારે પરેશાની થતી હોવાની ફરિયાદો થઈ છે. તાકીદે રસ્તો રીપેર અથવા નવો બનાવવા માંગ થઈ છે.

## (પહેલા પાનાનું ચાલું) ભાગીદારી પેઢી...

યોગ્ય રીતે કાયદેસર નોંધણી કરાવવા તરફ વળ્યા છે.

કરંજવાલા એન્ડ કંપનીના પાર્ટનર તાહિરા કરંજવાલાએ કહ્યું કે, જીએસટીમાં ઘટાડા જેવા પગલાંને લીધે બજારમાં લોકો વધુ ખરીદી કરશે તેવી આશા છે, જેનાથી નવા ઉદ્યોગસાહસિકોને નવા ધંધા શરૂ કરવાનું પ્રોત્સાહન મળ્યું છે.

દેશમાં હોશિયાર અને ઓછા ખર્ચે કામ કરતા કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપલબ્ધ હોવાથી પણ નવી કંપનીઓ શરૂ કરવામાં વેગ મળ્યો છે.

## નીટ-પીજી...

થયો છે, પરંતુ મોંઘી ફી અને અઘરા વિષયોને કારણે ઘણી બધી જગ્યાઓ ખાલી રહી જતી હતી.આ ખાલીપો ભરવા માટે સરકારે 'લાયકાતની લાઇન'ને એટલી નીચી કરી દીધી કે હવે સિંગલ ડિજિટ એટલે કે ૮૦૦ માંથી માત્ર ૪ કે ૧૦ માર્ક્સ લાવનારા ઉમેદવારો પણ 'સ્પેશિયાલિસ્ટ ડોક્ટર' બનવાની રેસમાં આવી ગયા છે.

આ સિક્કાની બીજી બાજુ પણ સમજવા જેવી છે. જ્યારે આપણે ૮૦૦ માંથી ૪ માર્ક્સ જોઈએ છીએ ત્યારે તે આઘાતજનક લાગે છે, પણ તેની પાછળ વિદ્યાર્થીઓ પર રહેલું માનસિક દબાણ અને સિસ્ટમની જટિલતા પણ જવાબદાર છે. મેડિકલ ક્ષેત્રમાં સ્પર્ધા એટલી આકરી છે કે વિદ્યાર્થીઓ ઘણીવાર માનસિક રીતે થાકી જવુંનો શિકાર બને છે. સમાજ અને પરિવાર દ્વારા એવું દબાણ હોય છે કે કાં તો તમે ટોપ લેવલના સર્જન બનો અથવા તમે નિષ્ફળ છો. આ દબાણ હેઠળ ઘણા તેજસ્વી વિદ્યાર્થીઓ પણ પરીક્ષાના દિવસે ગભરાટ અનુભવે છે અને જાણીતા જવાબોમાં પણ ભૂલ કરી બેસે છે. **MBBS** ના ૫.૫ વર્ષના અભ્યાસ બાદ તરત જ **PG** ની તૈયારી કરવી અને સાથે ઈન્ટર્નશિપમાં ૧૨-૧૨ કલાકની ડ્યુટી કરવી શારીરિક અને માનસિક રીતે તોડી નાખે છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં **NEET-PG** ના પેપરો માત્ર ગોખણપટ્ટીના બદલે અત્યંત 'ક્લિનિકલ' અને લાંબા પ્રશ્નો વાળા હોય છે. જો કોઈ વિદ્યાર્થીએ પાયાનું જ્ઞાન પ્રેક્ટિકલ રીતે નથી મેળવ્યું, તો તે ૮૦૦ માંથી ૮૦ માર્ક્સ પણ નથી લાવી શકતો.જ્યારે સરકાર કટ-ઓફ ઘટાડીને ૦ કે ૭ પર્સન્ટાઈલ કરી દે છે, ત્યારે વિદ્યાર્થીઓમાં એવી માનસિકતા ઘર કરી જાય છે કે ગમે તેમ કરીને બસ ક્વોલિફાય થઈ જઈએ, સીટ તો મળી જ જવાની છે. આ 'સલામત' રહેવાની વૃત્તિ તેમને મહેનત કરતા અટકાવે છે. પ્રાઈવેટ કોલેજોમાં ફી એટલી વધારે હોય છે કે ત્યાં મેરિટ કરતા 'પૈસા' વધુ બોલે છે. સરકાર સીટો ખાલી ન રહે તે માટે કટ-ઓફ નીચો લાવે છે, જેનો ફાયદો એવા લોકો ઉઠાવે છે જે ભણવામાં નબળા છે પણ આર્થિક રીતે સક્ષમ છે.

## (છેલ્લા પાનાનું ચાલુ) સંગઠન માળખા...

સુનિલભાઈ કે. ગોહેલ, ધર્મિષ્ઠાબેન વાઘેલા, કિન્નરીબેન કે. ચૌહાણ, ચાંદનીબેન ડી. ગોંડલીયા, નિશાબેન એન. રાણપરા અને અરૂણાબેન એચ. પરમાર, કોષાધ્યક્ષ તરીકે મયુરભાઈ બી. શાહ અને કાર્યાલયમંત્રી પદે હિતેષભાઈ એસ. ઢોલરીયાની નિયુકતી કરાય છે.

મહામંત્રી પદ માટે જેનું નામ પ્રબળ દાવેદારોમાં માનવામાં આવતું હતુ તે પૈકીનાં એક એવા હાર્દિક એસ. બોરડને મીડિયા વિભાગનો હવાલો સોંપવામાં આવ્યો છે. શ્યમા પી. ડાભીને સોશિયલ મીડિયા વિભાગ અને નીખીલેશ જે.રાઠોડને આઈટી વિભાગનો હવાલો સોંપાયો છે.

## કોર્પોરેશનની ચૂંટણીમાં...

છે. સંગઠનની ગાડી ચૂકી જનારાઓને હવે કોર્પોરેશનની ટિકીટ મળશે તેવી આશા જાગી છે. પરંતુ હાઈકમાન્ડ રાજકોટ માટે હંમેશા સરપ્રાઈઝ નિર્ણય લેતુ હોય છે .વિધાનસભાની ચૂંટણીમાં રાજકોટ જિલ્લાની ત્રણ બેઠકો પર ભાજપે સિટીંગ ધારાસભ્યોને રિપીટ કર્યા હતા. જયારે રાજકોટ શહેરમાં પૂર્વ મુખ્યમંત્રી અને મંત્રી સહિતના ચારેય ધારાસભ્યોને ફરી ટિકિટ આપી ન હતી. સંગઠન માળખામાં પણ જિલ્લા પ્રમુખ પદે અલ્પેશ ઢોલરિયાને રિપીટ કરવામાં આવ્યા છે. જયારે રાજકોટ શહેરના પ્રમુખ બદલવામાં આવ્યા છે. સંગઠન માળખામા જે રિતે નો રિપીટના નિયમની કડક અમલવારી કરવામાં આવી છે.તે રિતે કોર્પોરેશનની ચૂંટણીમા પણ જો આવું જ કરવામાં આવશે તો કેટલાકના રાજકારણ પૂરા થઈ જશે.

વર્તમાન બોર્ડની મુદત પૂરી થવાના આડે હવે એક માસ બાકી છે. ત્યારે અનેક કોર્પોરેટરો ફરી ટિકિટ મેળવવા માટે અત્યારથી જ છેડા શોધવા લાગ્યા છે.

## જસ્ટીસ ઈન્ડિયા...

સરકારની ન્યાય વ્યવસ્થામાં માનવ સંસાધન, આયોજન અને ઈચ્છાશક્તિની નિષ્ફળતા દર્શાવે છે.

ન્યાય કોઈ વિશેષાધિકાર નહીં તે દરેક નાગરિકનો અધિકાર છે ત્યારે ન્યાયપાલિકાનાં રેન્કિંગમાં ગુજરાત ૧૪માં ક્રમાંકે છે.ગરીબ માટે ન્યાય પહેલાં સજાની સ્થિતિ સર્જાઈ છે. અહેવાલ દર્શાવે છે કે કાનૂની સહાય માટે જે બજેટ ફાળવાય છે, પરંતુ તેનો પૂરતો ઉપયોગ થતો નથી. ગ્રામ્ય વિસ્તારોમાં કાનૂની ક્લિનિક અને પેરાલિગલ વોલન્ટિયરો ઘટી રહ્યા છે પરિણામે ગરીબ નાગરિકો માટે ન્યાયના દરવાજા બંધ કરી રહ્યા છે. મહિલાઓ, દલિતો, આદિવાસીઓ અને ગરીબ વર્ગને ન્યાય સુધી પહોંચવામાં હજુ પણ ભારે અવરોધો છે. દેશભરમાં હાઈકોર્ટમાં માત્ર ૧૪ ટકા મહિલા ન્યાયાધીશો છે જે દર્શાવે છે કે મહિલાઓને સમાન તક ઉપલબ્ધ નથી આ શરમજનક છે. ગુજરાતમાં હાઈકોર્ટ જજની ૩૮.૫, નીચલી કોર્ટનાં જજની ૩૧.૧ ટકા જગ્યાઓ ખાલી છે. મહિલા ન્યાયાધીશોનું પ્રમાણ આશરે ૨૫ ટકા છે પરંતુ નીચલી અદાલતોમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ માત્ર ૨૦ ટકા છે. ગુજરાત હાઈકોર્ટનાં એક ન્યાયાધીશ પાસે સરેરાશ ૪૦૦૦થી વધુ કેશ છે. મોટ પાયે ન્યાય તંત્રમાં કર્મચારીઓ- ન્યાયધીશની ઘટને કારણે ન્યાયમાં વિલંબ હવે વ્યવસ્થાગત સમસ્યા બની ગયો છે. એક દસકામાં ગુજરાતની જેલ ૧૦૦ ટકાથી વધુ ભરાઈ છે. જેલોમાં ભારે ભીડ છે અને ૨૬.૨ ટકા કેદીઓ અન્ડરટ્રાયલ છે વર્ષો સુધી કેસ વિના જેલમાં રાખવામાં આવે છે. ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગમાં સ્ટાફની ૫૦ ટકા જગ્યાઓ ખાલી, તપાસ અધિકારીઓની ૩૫ ટકાથી વધુ જગ્યાઓ ખાલી હોવાને કારણે ગુજરાત ૨૦ ક્રમાંક સાથે તળિયાનું સ્થાન મેળવ્યું છે. જે રાજ્ય સરકારની અસંવેદનશીલતા દર્શાવે છે. તપાસ અધિકારીઓમાં એક પણ મહિલાને સ્થાન નથી. પોલીસ તંત્રમાં, ન્યાયપાલિકામાં અને માનવ અધિકાર આયોગમાં ખાલી જગ્યાઓ તાત્કાલિક અસરથી ભરવામાં આવે, કાનૂની સહાય વ્યવસ્થા મજબૂત બનાવવામાં આવે, ન્યાય વ્યવસ્થાને રાજકીય નિયંત્રણથી મુક્ત રાખવામાં આવે અને નાગરિકોને સરળતાથી ન્યાય મળેવી શકે તે સુનિશ્ચિત કરવામાં આવે તેવી કોંગ્રેસ પક્ષ માંગ કરે છે

## નયારા રિફાઈનરી...

સ્થિતિ જોતા કોઈ નવો ખરીદનાર પણ આગળ આવતા ડરી રહ્યો છે. લગભગ ૩૧.૫% ભારત અત્યારે રશિયા પાસેથી સૌથી વધુ તેલ ખરીદે છે.

ભારત અમેરિકા સાથે વાટાઘાટો કરી શકે છે કે નયારા રિફાઈનરી માટે થોડા પ્રમાણમાં તેલ લાવવા દેવામાં આવે. ભારત હવે અમેરિકા પાસેથી પણ તેલ અને ગેસની ખરીદી વધારી શકે છે જેથી ટ્રમ્પ પ્રશાસનને ખુશ રાખી શકાય અને સાથે સાથે આપણી જરૂરિયાતો પણ પૂરી થાય. નયારા રિફાઈનરી ગુજરાતના જામનગરના વાડિનારમાં આવેલી દેશની બીજી સૌથી મોટી પ્રાઈવેટ રિફાઈનરી છે. તેની આર્થિક સ્થિતિની અસર સ્થાનિક રોજગાર અને ઉદ્યોગ પર પડે છે. જો રશિયાનું સસ્તું તેલ બંધ થાય અને અમેરિકા પેનલ્ટી લગાવે, તો દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવ પર તેની સીધી અસર પડી શકે છે. પરંતુ અત્યારે એવા કંઈ જ સંજોગો બનતા દેખાતા નથી કારણ કે નયારા રિફાઈનરી માં કોઈ અસર થઈ નથી.

નયારા રિફાઈનરીએ રશિયન ક્રૂડનો જથ્થો અગાઉથી જ બુક કરી લીધો છે. આનો અર્થ એ છે કે અત્યારે જે તેલ પ્રોસેસ થઈ રહ્યું છે અથવા રસ્તામાં છે, તેના પર નવા પ્રતિબંધોની તાત્કાલિક કોઈ અસર પડી નથી. નયારા વિશ્વની સૌથી આધુનિક રિફાઈનરીઓ પૈકીની એક છે, જે 'હેવી ક્રૂડ' સાફ કરવામાં સ્પેશિયાલિસ્ટ છે. રશિયન તેલ આ રિફાઈનરી માટે સૌથી અનુકૂળ હોવાથી, જ્યાં સુધી સપ્લાય ચાલુ છે ત્યાં સુધી તેના ઉત્પાદન કે ગુણવત્તામાં કોઈ ઘટાડો થયો નથી. ભારતમાં અને વિદેશમાં પેટ્રોલિયમ પેદાશોની માગ સતત વધી રહી છે. નયારા માત્ર ભારત જ નહીં પણ યુરોપ અને અન્ય દેશોમાં પણ તેલ નિકાસ કરે છે. આ સતત માગને કારણે રિફાઈનરીના યુનિટ્સ ૨૪ કલાક કાર્યરત છે.

આ રિફાઈનરી વાર્ષિક ૨૦ મિલિયન મેટ્રિક ટન કાચા તેલને પ્રોસેસ કરવાની ક્ષમતા ધરાવે છે. એટલે કે, ગમે તેટલા વૈશ્વિક પડકારો હોય, તેની આટલી મોટી ક્ષમતાને કારણે તે દેશની ઈંધણની જરૂરિયાત પૂરી કરવામાં મોટું યોગદાન આપી રહી છે. નયારા માત્ર ભારત માટે જ નહીં, પણ અહીંથી તૈયાર થયેલું ઈંધણ વિશ્વના અનેક દેશોમાં નિકાસ થાય છે. આ વૈશ્વિક જોડાણને કારણે અત્યાર સુધી તેની કામગીરી પર કોઈ આર્થિક બ્રેક લાગી નથી.

# દુઃખદ અવસાન

**સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**



**જસદણ:** લેઉઆ પટેલ જયાબેન હીરપરા (ઉ.વ.૭૫) તે જાણીતા રેડિયોવાળા નરશીભાઈ મોહનભાઈ હીરપરાના પત્ની, સ્વ શૈલેષભાઈ, પકંજભાઈ, ભાવનાબેન, વિલાસબેનના માતા, કિશનભાઈના દાદી, હર્ષાબેન, જોશનાબેનના સાસુનુ તા.૮ ને રવિવારના રોજ જસદણ મુકામે અવસાન થયેલ સદ્ગતનું બેસણું તા.૯ ને સોમવારના રોજ સવારથી સાંજ સુધી તેમનાં નિવાસસ્થાન બજરંગનગર, વેકરીયા વાડી નજીક જસદણ ખાતે રાખવામાં આવેલ છે.

**ગોંડલ:** ગોંડલ દેવચડી સ્વ. ગીરધરભાઈ (બટુકભાઈ) પરસોતમભાઈ ધામેલીયા તે મગનભાઈ પરસોતમભાઈ ધામેલીયાના નાના ભાઈ, મુકતાબેનના મોટા ભાઈ, સ્વ. વિનોદભાઈ, કિશોરભાઈ, નટુભાઈ, અશોકભાઈના પિતા, શશીકાંતભાઈ, હરેશભાઈના કાકા, ભાવેશભાઈ, સુમિતભાઈના દાદાનું તા. ૬ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે.

**રાજકોટ:** નથુ તુલસી ઔદિચ્ય બ્રાહ્મણ જ્ઞાતિના સ્વ. હર્ષદભાઈ પ્રભુભાઈ જોશી (ઉ.વ.૭૪) નું અવસાન થયેલ છે. તે સ્વ. રંજનબેનના પતિ, પ્રજ્ઞાબેન, શિલ્પાબેન અલ્પેશભાઈના પિતા, યશવંતભાઈ, સ્વ. મેનાબેન, મુકેશભાઈના મોટાભાઈ, નીરુબેન, સ્મિતાબેનના જેઠ, પ્રિયાબેન, જિગ્નેશકુમાર, મેહુલકુમારના સસરા, મંથનના દાદા, માનસી, જીયા, તક્ષના નાના, પ્રકાશભાઈ, પરેશભાઈ, ભાવનાબેન વંદનાબેન, જીલબેનના મોટાબાપુ, અરવિંદકુમાર વ્યાસના મોટા સાળા, સ્વ. પોપટભાઈ ઠાકરના જમાઈ થાય, તેમનું બેસણું તા. ૯ ના બપોરે ૪ થી ૬ વાગે કોમન પ્લોટ શાસ્ત્રીનગર, નાના મૌવા, રાજકોટ રાખેલ છે.


**રાજકોટ:** રાજકોટ નિવાસી અ.ની. કાંતિલાલ વિઠલજી કકકડના પત્ની શાંતાબેન કાંતિલાલ કકકડ (ઉ.વ.૮૯) નું તા. ૮-૨ (રવિવાર)ના રોજ અવસાન થયેલ છે. તે અ.ની. જયેશભાઈ, નવીનભાઈ, બાબાભાઈ તેમજ અ.ની. રસિકભાઈ કાંતિલાલ કકકડ તથા દક્ષાબેન શૈલેષકુમાર બુધ્ધદેવના માતા, ચિરાગભાઈ, દર્પણભાઈ, જેવીનભાઈ, રવિભાઈ, નિરવભાઈ, અમીબેન, ટમીબેન, સોનલબેન તેમજ નિધીબેનના દાદીમા તથા સ્વ. મણિલાલ નરસીદાસ નંદાણીના દીકરી અને સ્વ. કાંતિલાલ અને સ્વ. નટુભાઈ મણિલાલ નંદાણીના બહેન થાય તેમની પ્રાર્થના સભા (પિયર પક્ષની સાથે તા. ૯-૨ સોમવાર સાંજે ૪.૩૦ થી ૬ કલાકે બીએપીએસ સ્વામીનારાયણ મંદિર, યોગી સભા ગૃહ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ઉપલેટા: દશાશ્રીમાળી સુખડીયા જ્ઞાતિ દ્વારા બેટી બચાવો બેટી પઢાવો અંતર્ગત રોકડ પુરસ્કાર અપાયો

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા દશાશ્રી માળી સુખડીયા જ્ઞાતિ દ્વારા બેટી બચાવો બેટી પઢાવો સહિત દિકરીઓને આર્થિક રીતે પગભર થાય અને અભ્યાસમાં આગળ વધે તે માટે ઘણી બધી યોજનાઓ જ્ઞાતિ તરફથી અમલમાં મૂકી તેને ખરા અર્થમાં સાર્થક કરેલ છે.



સમાજ ને કંઈક નવા વિચારો નવા કાર્યો અને સમાજને સમયે સમયે પરિવર્તન અનેક નવિદિશા અને રાહ ચિંધનાર ઉપલેટા દશાશ્રી માળી સુખડીયા જ્ઞાતિ દ્વારા જ્ઞાતિના પરિવારમાં દિકરી જન્મે તો આ દંપતિને વીસ હજાર રોકડ રકમ પુરસ્કાર માટે આપવાની અગાઉ જાહેરાત કરી હતી. તે અંતર્ગત જ્ઞાતિના કિંજલબેન અને ચિંતનભાઈ કાલાવડીયા ત્યા લક્ષ્મી રુપી હિરવાનો જન્મ થતા સમાજના પ્રમુખ તેજસ્વીભાઈ કાલાવરીયા ઉપપ્રમુખ દિનેશભાઈ કારાવડીયા મંત્રી અજીત શશીકાન્તભાઈ હળવદીયા અને ખજાનચી જીતેન્દ્રભાઈ હળવદીયા સહીતના ટ્રસ્ટીના હસ્તે કારાવળીયા દંપતિની દિકરીને બેટી બચાવો બેટી પઢાવો અંતર્ગત વીસ હજારનો રોકડ પુરસ્કાર આપેલ હતો.

# સુરેન્દ્રનગર: રાજકોટથી ઘેરથી કહ્યા વિના નીકળી ગયેલા કિશોરીનું જોવારનગર પોલીસે કરાવ્યું પારિવારિક મિલન

## માતાના ઠપકાથી માઠુ લગાડનાર કિશોરીને પોલીસે સમજાવી

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જોરાવરનગર પોલીસ મથકની ચાઈલ્ડ વેલ્ફર કમિટી અને શીટીમ દ્વારા સંયુક્ત રીતે રતનપર શહેરી વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. જે દરમિયાન સાંજના સમયે એક બાળ કિશોરી રતનપર રામજી મંદિર પાસે એકાંત ઉભેલી જોઈ બન્ને ટીમ દ્વારા તેનું કાઉન્સેલીંગ કરવામાં આવતા તેણી રાજકોટ તેના ઘરે થી માતાએ અભ્યાસ કરવા માટેનો ઠપકો આપતા ઘરે થી નીકળી ગઈ હતી અને બસમાં બેસીને સુરેન્દ્રનગર આવી હોવાનું જણાવ્યું હતું. આથી દીકરીને આ જગ્યાએ એકાંતમાં રહેવું યોગ્ય નહી હોવાનું જણાવી જોરાવરનગર પોલીસ મથકે લાવવામાં આવી હતી અને માતા-પિતાનો ટેલિફોનીક સંપર્ક કરી પોલીસ મથકે બોલાવી દીકરી તેમજ માતા-પિતાનું સફળ કાઉન્સેલીંગ કરી બન્ને વચ્ચે સુખદ સમાધાન કરાવી પરિવાર સાથે મિલન કરાવી માતા-પિતાને સોંપી હતી.

# સુરેન્દ્રનગર: ક્ષત્રીય ઠાકોર સમાજે કુરીવાજો, વ્યસનોને તીલાંજલી આપવા લીધા સંકલ્પ સામાજીક બંધારણના અમલની કવાયત

## ઠાકોર સમાજના સ્થાનિક આગેવાનો સાથે ચર્ચા બાદ સતાવાર રીતે નવા બંધારણની જાહેરાત કરવામાં આવશે

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

દસાડા તાલુકાના અંબાળા (જગદીશણ) ખાતે આવેલ વેલનાથ બાપુની જગ્યા ખાતે પાટડી-દસાડા ક્ષત્રિય ઠાકોર સમાજની નવા સામાજીક બંધારણના અમલ કરવા અંગે બેઠક યોજાઈ હતી. જેમાં પાટડી, દસાડા, શંખેશ્વર, માંડલ સહિત આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં સમાજના આગેવાનો, રાજકીય આગેવાનો અને યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા અને સામાજીક સુધારણા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આ અંગે મળતી માહિતી મુજબ કાળઝાળ મોંઘવારીમાં ક્ષત્રિય ઠાકોર સમાજ જુના રિવાજો અને વ્યસનમાંથી બહાર આવે અને શિક્ષણનું મહત્વ સમજે તે દિશામાં પ્રયાસો કરવામાં આવી રહ્યા છે ત્યારે દસાડાના અંબાળા (જગદીશણ) ખાતે વેલનાથ બાપુની જગ્યામાં પાટડી-દસાડા ક્ષત્રિય ઠાકોર સમાજની નવા બંધારણના અમલ મુદ્દે મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં જુના બંધારણમાં સુધારો







કરવા મુદ્દે ચર્ચાઓ કરવામાં આવી હતી. ડી.જે.ની જગ્યાએ સ્પીકર રાખી ગરબા રમવા, લગ્ન તેમજ શુભ પ્રસંગોમાં વરઘોડા કાઢવા, દિકરીના કરિયાવર અને મામેરા પણ અન્ય કોઈ વ્યવહારને બદલે રૂ.૧.૧૧ લાખ આપવા, કોઈપણ અન્ય સમાજના વ્યકિત સાથે ભાગીને લગ્ન કરનારનો બહિષ્કાર કરવો, મરણ પ્રસંગમાં ભોજનમાં ખીચડી-કઢી રાખવી, મરણ પાછળ ઓઢમણા બંધ કરી રોકડ રકમ આપવી, મરણની તમામ વિધિ પાંચ દિવસમાં પૂર્ણ કરી ટેલિફોનીક બેસણું રાખવું, છાપેલી કંકોત્રી બંધ કરી વોટ્સએપ કે ફોન દ્વારા આમંત્રણ આપવું, પ્રસંગોમાં કસુંબા, બીડી સિગારેટનું વ્યસન પર પ્રતિબંધ મૂકી માત્ર ચા પાણીની વ્યવસ્થા કરવી, સગાઈમાં મર્યાદિત લોકોએ જ જવું, વરપક્ષ દ્વારા કન્યાને મોબાઈલ આપવા પર પ્રતિબંધ, જન્મદિવસની ભવ્ય ઉજવણી બંધ કરવી અને દીકરા-દીકરીના ૧૦૦% શિક્ષણ પર ભાર આપવા સહિતના મુદાઓ અંગે હાલ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. દસાડા તાલુકા સહિત આસપાસના ગામોમાં જઈ વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે અને ત્યારબાદ સતાવાર રીતે સુધારણા સાથે નવા બંધારણની જાહેરાત કરવામાં આવશે.

આ તકે સાંસદ ગેનીબેન ઠાકોર, ધારાસભ્ય અલ્પેશ ઠાકોર, સાંસદ ચંદુભાઈ શિહોરા સહિત રાજકીય આગેવાનો, હોદેદારો, યુવાનો, મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ તકે દસાડાના વાલેવડા ગામમાં થોડા દિવસો પહેલા દારૂબંધી મુદ્દે રેઈડ કરવા ગયેલ પોલીસ અને સમાજના યુવકો વચ્ચે રકઝક બાદ કરેલ કેસ મામલે સાંસદ ગેનીબેન ઠાકોરે પોલીસે યુવકો સામે ખોટા કેસ કર્યા હોવાનું તેમજ બૂટલેગરોને પ્રોત્સાહન આપવાનું બંધ કરવું જોઈએ તેમ જણાવ્યું હતું.

# સુરેન્દ્રનગરના થાનની મેઈન બજારમાં ભારે વાહનોના પ્રવેશબંધીના બોર્ડના અભાવથી ટ્રાફિક જામ: હાલાકી

## ભારે વાહનો માટે ઓવરબ્રિજનો રસ્તો બંધ હોવાથી બજારમાંથી થાય છે પસાર

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગરના થાન શહેરી વિસ્તારમાંથી ટ્રાફિકના નિરાકરણ માટે તંત્ર દ્વારા ઓવરબ્રીજ બનાવવામાં આવ્યો હતો પરંતુ આ ઓવરબ્રીજ પરથી ભારે અને માલવાહક વાહનો માટે પ્રતિબંધ હોવાથી ભારે વાહનો મુખ્ય બજાર તરફના રસ્તાનો ઉપયોગ કરી રહ્યા હોવાથી અવાર નવાર ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. ત્યારે ડમ્પર મુખ્ય બજારમાં આવી પહોચતા ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

મુખ્ય બજારમાંથી આવતા એકપણ રસ્તા પર તંત્ર દ્વારા ભારે વાહનો માટે પ્રતિબંધ દર્શાવતું બોર્ડ મૂકવામાં નહીં આવતા ડમ્પર સહિતના ભારે વાહનો સૂચના દર્શાવતા બોર્ડના અભાવે બજારમાં આવી ચડતા ટ્રાફિકની સમસ્યા સર્જાઈ છે. જયારે બીજી બાજુ બજારમાંથી ડમ્પર સહિતના વાહનો પસાર થતા સ્થાનિક પોલીસ અને તંત્રની કામગીરી સામે પણ અનેક સવાલો ઉભા થયા છે. ટ્રાફિકની સમસ્યાનો ઉકેલ લાવવા માટે તંત્ર દ્વારા પ્રતિબંધ દર્શાવતુ બોર્ડ મુકવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# કેન્દ્રીય બજેટમાં તમામ વર્ગના વિકાસને અગ્રતા અપાય છે: સાંસદ રાજેશ ચુડાસમા

## વેરાવળમાં જીલ્લા ભાજપ દ્વારા કેન્દ્રીય બજેટની સમીક્ષા બેઠક યોજાઈ

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ગીર સોમનાથ જલ્લાના મુખ્ય મથક વેરાવળમાં જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે કેન્દ્રીય બજેટ અંગે પત્રકાર પરિષદ યોજાયેલ જેમાં ગીર સોમનાથ જિલ્લા ભાજપ અધ્યક્ષ ડો. સંજય પરમાર, જૂનાગઢ લોકસભાના સાંસદ રાજેશભાઈ ચુડાસમા, જિલ્લા મીડિયા સેલના પંકજભાઈ કાનાબાર સહિતના ઉપસ્થિત રહ્યા હતા.




સાંસદ રાજેશભાઈ ચુડાસમા એ જણાવેલ કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારે રૂ.૫૩.૫ લાખ કરોડનું સર્વસ્પર્શી અને સર્વસમાવેશક બજેટ રજૂ કર્યું છે. આ બજેટ દેશના વિકાસ માટે નવી દિશા દર્શાવશે. તેમણે વધુમાં જણાવેલ કે, કર્તવ્ય ભવનમાં રજૂ થયેલું આ પ્રથમ બજેટ 'વિકસિત ભારત ૨૦૪૭ અને 'આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને મજબૂત બનાવે છે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા સતત નવમી વખત બજેટ રજૂ કરવું એ દેશના ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ અવસર છે,

સાંસદ રાજેશભાઈ ચુડાસમા એ જણાવેલ કે, આ બજેટ ત્રણ મુખ્ય કર્તવ્યો પર આધારિત છે: આર્થિક વિકાસને ઉત્તેજન, નાગરિકોની

આશા-આકાંક્ષાઓની પૂર્ણતા અને વિકાસના લાભો સમાજના દરેક વર્ગ સુધી પહોંચાડવા. આ બજેટ યુવા શક્તિ, નારી શક્તિ, કિસાન શક્તિ, શ્રમિક શક્તિ અને ઉધમી શક્તિ ને કેન્દ્રમાં રાખીને સંપૂર્ણપણે યુવા-ડ્રિવન છે. ગુજરાત માટે બજેટમાં કરાયેલી જાહેરાત ને તેમણે આવકાર હતી.

## કેન્સર હોસ્પિટલ રીચર્સ ઈન્સ્ટીટયુટના લાભાર્થે

# વિસાવદર તાલુકામાં ખોડલ રથે કેન્સર હોસ્પિટલના નિમાર્ણ માટે રૂ.૫૦ લાખનું અનુદાન કર્યુ એકત્ર

## સામાજીક સેવાયજ્ઞમાં જન જનને જોડવાના ખોડલ રથનો જબરો જનપ્રતિસાદ

**અબતક, ગિજુભાઈ વિકમા, વિસાવદર**

ભક્તિ દ્વારા એકતાની શક્તિના સૂત્રને સાર્થક કરતા ખોડલધામ ટ્રસ્ટ કાગવડ દ્વારા સર્વ સમાજ માટે રાજકોટ પાસે અમરેલી ગામે શ્રી ખોડલધામ કેન્સર હોસ્પિટલ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટનું નિર્માણ થઈ રહ્યું છે. જે વિશ્વસ્તરીય આધુનિક સારવાર વ્યાજબી દરે સમગ્ર સૌરાષ્ટ્રના કેન્સરના દર્દીઓને મળી રહે તે હેતુસર આ હોસ્પિટલ બની રહી છે. આ હોસ્પિટલનું નિર્માણ ૪૩ એકર જગ્યામાં પાંચ લાખ ચોરસ વારનું બાંધકામ થઈ રહ્યું છે.




આ ભગીરથ કાર્યમાં દરેક વ્યક્તિ પોતાનું અનુદાન આપી શકે અને એક વિશાળ સામાજિક પ્રોજેક્ટ બને તે માટે જનજાગૃતિ તથા નિધિ એકત્ર કરવાના ભાગરૂપે વિસાવદર તાલુકામાં મા ખોડલનો રથ દરેક ગામમાં પરિભ્રમણ કરી રહ્યો છે જુનાગઢ જિલ્લા કન્વીનર રમેશભાઈ ખેતાણી વિસાવદર તાલુકા કન્વીનર વિશાલભાઈ રીબડીયા ના જણાવ્યા પ્રમાણે જૂનાગઢ જિલ્લા ખોડલધામ સમિતિ તથા વિસાવદર શહેર અને તાલુકા ખોડલધામ સમિતિ દ્વારા વિસાવદર તાલુકાના દરેક ગામમાં પરિભ્રમણના દરમ્યાન કાગવડ થી પ્રસ્થાન થયેલ રથનું વિસાવદર તાલુકાના ૭૦ ગામમાં પરિભ્રમણ થયું અને દરેક ગામમાં નાની દીકરીઓએ માતાજીના સામૈયા કર્યા, દરેક ગામમાં મહા આરતીનું બહેનો દ્વારા મહારાસનું અને દરેક ગામમાં ભૂમિદાનનો સંકલ્પ અને લગભગ ૫૦ લાખ રૂપિયાનું એટલે ૨૦૦૦ ચોરસ વારનું ભૂમિદાન વિસાવદર તાલુકામાંથી સેવા રૂપે કેન્સર હોસ્પિટલ અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના નિર્માણ માટે મોકલવામાં આવ્યું હતું.

# વેરાવળના ભાલપરામાં આહીર સમાજના સમુહલગ્નમાં ૧૩ દિકરીઓને સાસરે વળાવાય

## સામાજીક-રાજકીય આગેવાનો સંતોએ નવદંપતિઓને આપ્યા આશિવર્ચન

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

વેરાવળ તાલુકાના ભાલપરા ગામે આહીર સમાજ દ્વારા ૧૩મો સમુહ લગ્નોત્સવમાં ૧૩ નવદંપતિઓએ પ્રભુતામાં પગલા માંડેલ હતા. આ તકે સંતો-મહંતો જ્ઞાતિના અગ્રણીઓ સહિતના ઉપસ્થિત રહી નવદંપતિઓને આર્શીવાદ પાઠવેલ હતા.



નવદંપતિઓને આશીર્વાદ આપવા જિલ્લા શિક્ષણ સમિતિના પૂર્વ ચેરમેન વિક્રમભાઈ પટાટ, તાલાલાના ધારાસભ્ય ભગવાનભાઈ બારડ, સોમનાથના પૂર્વ ધારાસભ્ય રાજશીભાઈ જોટવા, હીરાભાઈ જોટવા, જીણાભાઈ, રાજુભાઈ સોલંકી ઉપસ્થિત રહેલ હતા. આ ૧૩માં સમુહ લગ્નોત્સવમાં જ્ઞાતિના વિશાળ સંખ્યામાં દાતાઓએ રોકડ સ્વરૂપમાં સહકાર આપેલ હતો.

૧૩માં સમુહ લગ્નોત્સવ પ્રસંગે તા.૫ના ગુરૂવારે સાંજે દાંડીયા શુક્રવારે સવારે મંડપ મુર્હુત, નામકરણ વિધિ, સગપણની ચુંદડી, ભોજન સમારંભ, તા.૭ના શનિવારે જાન આગમન, હસ્તમેળાપ, આર્શીવચન બાદ જાન વિદાય સહીતના પ્રસંગે યોજાયેલ હતા. આ સમૂહ લગ્નોત્સવમાં કન્યાઓને ભાલપરા આહીર સમાજ દ્વારા શ્રી રાધા-કૃષ્ણનો ફોટો સહીતની ૨૫ જેટલી ચીજ વસ્તુઓ કરીયાવર આપી વિદાય આપી હતી.

# કાલાવડ: સાવલિયા હોસ્પિટલ ખાતે વિનામુલ્યે નેત્રયજ્ઞ યોજાયો



**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**

મંજુ નારાયણ ચેરિટેબલ ટ્રસ્ટ અને સાવલીયા આંખની હોસ્પિટલ એન્ડ લેસર સેન્ટરના સહયોગથી કાલાવડ સ્થિત સાવલિયા હોસ્પિટલ ખાતે ફ્રી નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો.

આ કેમ્પમા કાલાવડ નગરપાલિકા પ્રમુખ રંજનબેન રાખોલિયા, કાલાવડ ખોડલધામના કન્વીનર અલ્પેશભાઈ વેકરીયા, સહ કન્વીનર રમણીકભાઈ મારકણા, સંજયભાઈ દોંગા, કાલાવડ પૂર્વ શહેર ભાજપ મહામંત્રી પ્રફુલભાઈ રાખોલિયા, વકીલ બાર એસોસિએશન પ્રમુખ જયેશભાઈ વાઘાણી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ નેત્ર નિદાન કેમ્પનો બહોળી સંખ્યામાં લાભાર્થી દર્દીઓએ લાભ લીધો હતો અને આ કેમ્પને સફળ બનાવવા કાલાવડ સાવલિયા આંખની હોસ્પિટલના સ્ટાફગણ અને સંજયભાઈ દોંગાએ સારી એવી જહેમત ઉઠાવી હતી.

# કાલાવડ ખાતે નિ:શુલ્ક આરોગ્ય કેમ્પ યોજાયો



**અબતક, રાજુ રામોલીયા, કાલાવડ**

કુંડારીયા કેન્સર પ્રિવેન્સન ફાઉન્ડેશન, બી.ટી. સવાણી કિડની હોસ્પિટલ, ઉમુર સેહત (કાલાવડ) અને હેલ્પર હેન્ડ ગ્રુપ દ્વારા કાલાવડ ખાતે આયોજીત ફ્રી હેલ્થ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું, આ કેમ્પમાં પૂર્વ શહેર ભાજપ પ્રમુખ હસુભાઈ વોરા, શહેર ભાજપ પ્રમુખ નિરવભાઈ ભટ્ટ, મહામંત્રી કિશોરભાઈ નીમાવાત, પ્રફુલ્લભાઈ રાખોલિયા, ઝુઝર ડગરી, હુશેન સાદીકોટ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા, મોટી સંખ્યામાં લાભાર્થીઓ એ હેલ્થ કેમ્પમાં લાભ લીધો હતો.

# કાલાવડ તાલુકાની ત્રણ શાળાઓમાં મધ્યાહન ભોજન કેન્દ્ર માટે સંચાલક કમ કુકની ભરતી કરાશે

**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકામાં ધાંધલ પિપળીયા પ્રાથમિક શાળા, મેવાસાવાડી તેમજ પિઠડધામનેસ વાડી શાળા ગામોની પ્રાથમિક શાળાઓના મધ્યાહન ભોજન કેન્દ્રો માટે સંચાલક કમ કુક, કુક કમ હેલ્પરની જગ્યાઓ ભરવાની છે. ઉપર દર્શાવેલ મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોના સંચાલક કમ કુકની જગ્યા ખાલી પડેલ હોવાથી કેન્દ્રમાં સંચાલક કમ કુક તથા કુક કમ હેલ્પરની નિમણૂંક કરવાની થાય છે. આ યોજનામાં સંચાલક તરીકે નિમણૂંક માટે વ્યકિત એસ.એસ.સી. સુધી ભણેલી હોવી જોઈએ તેમજ જે તે ગામની વતની હોવી જોઈએ. પરંતુ આવી વ્યકિત ગામમાં ન મળે તો ધોરણ-૭ પાસ કરનાર અન્ય વ્યક્તિને સંચાલકની જગ્યાએ નીમી શકાશે. લઘુતમ વયમર્યાદા ૨૦ વર્ષ થી મહતમ વયમર્યાદા ૬૦ વર્ષની લાયકાત ધરાવતા હોય તેવા સ્થાનિક ઉમેદવારો પાસેથી અરજીઓ માંગવામાં આવેલ છે. ગામડાની વિધવા, ત્યકતા, નિરાધાર સ્ત્રીઓ તેમજ આર્થિક રીતે નબળી વ્યક્તિઓ તથા ગરીબી રેખા નીચે જીવતા લોકોને નિમણૂકમાં અગ્રતા આપવામાં આવશે. પરંતુ જગ્યા ખાલી રહેલ છે. જેથી છુટછાટ મુકીને આ બીજા પ્રયાસ ભરતી માટે બહાર પાડવામાં આવેલ છે. જે અનુસાર એસ.એસ.સી. અભ્યાસ બાબતે છુટ આપવામાં આવશે.

# કાલાવડ: ભાજપના પૂર્વ મહામંત્રી પ્રફૂલભાઈ રાખોલિયાનો આજે જન્મદિવસ

કાલાવડ શહેર ભાજપના પૂર્વ મહામંત્રી પ્રફુલભાઈ રાખોલિયાના આજ રોજ જન્મ દિવસ નિમિતે કાલાવડ શહેર ભાજપના આગેવાનો અને કાર્યકર્તાઓ સહિત કાલાવડ નગરપાલિકાના પ્રમુખ રંજનબેન પ્રફુલભાઈ રાખોલિયા અને નગરપાલિકાના સભ્યો સહિત નગરપાલિકાનો સ્ટાફગણ જન્મ દિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવી રહ્યા છે.



# માનવ સેવા ટ્રસ્ટ અન્નક્ષેત્રમાં દસ લોકોએ દેહદાન માટે સંકલ્પ પત્ર ભર્યા

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા શહેરના દસ લોકો દ્વારા માનવ સેવા ટ્રસ્ટ અન્નક્ષેત્ર ઉપલેટા ની વિવિધ સેવાઓમાં એક અનોખી સેવા એટલે દેહદાન, ચક્ષુદાન, ત્વચા દાનનું જે કાર્ય કરવામાં આવે છે તેમાં આજે આ ૧૦ લોકોએ પોતાના દેહનું દાન માનવસેવા ટ્રસ્ટના લાલજીભાઈ રાઠોડ, સંજયભાઈ માકડીયા, ડોક્ટર અર્જુન સાહેબ બાબરીયા ને સંકલ્પ પત્ર ભરીને પોતાના મૃત્યુ બાદ પોતાનો દેહ દાન આપવાનો સંકલ્પ કર્યો હતો.




તસ્વીર: શહેઝાદ બાદશાહ

દેહદાન લખાવનારમાં ગોવિંદસાહેબ ધામેચા, તેમના ધર્મપત્ની નીતાબેન ગોવિંદભાઈ, રતિલાલ દેવજીભાઈ પટેલ, અરજણભાઈ સુવા, જશુમતીબેન અરજણભાઈ, કૃપાબેન પ્રવીણચંદ્ર ચાગલાણી,. સાવન વિઠ્ઠલભાઈ વસોયા, જાગૃતીબેન સાવનભાઈ વસોયા, ખુશીલભાઈ કેતનભાઈ કારીયા, તેમજ વલ્લભભાઈ વસોયા એ પોતાના દેહનું દાન નું સંમતિ પત્ર લાલજીભાઈ રાઠોડ ને અર્પણ કરેલ છે.

આપ પણ આપણા સ્વજનના મૃત્યુ બાદ તેઓ ના અંગનું દાન કરીને સાચા અર્થમાં આપણે તેમને અમર બનાવી શકીએ છીએ. વધુ માહિતી માટે સંસ્થાના સંસ્થાપક લાલજીભાઈ રાઠોડ મો. ૮૦૦૦ ૩૮૨ ૩૮૨ અથવા ખુશીલભાઈ કારીયા મો. ૯૧૫૭૫૩૨૬૫૬ નો સંપર્ક કરવો.

નેપાળે ઈંગ્લેન્ડની ''મન''માં રાખી દીધી!

# ધડકન ચુકી જાય તેવી મેચની છેલ્લી ઓવરમાં ૪ રને નેપાળને હરાવી ઈંગ્લેન્ડે ''આબરૂ''બચાવી

## હાઈ-વોલ્ટેજ મેચમાં છેલ્લી ઓવર સુધી કોણ જીતશે તે કહેવું મુશ્કેલ હતું, પરંતુ સેમ કરનના બહોળા અનુભવે અંગ્રેજોની લાજ બચાવી લીધી

**અબતક, રાજકોટ**

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં એસોસિયેટ રાષ્ટ્રો મુખ્ય ટીમોને કઠિન સ્પર્ધા આપી રહ્યા છે. પાકિસ્તાને નેધરલેન્ડ્સને હરાવવા માટે સંઘર્ષ કર્યો, જ્યારે ભારતે સૂર્યકુમાર યાદવને કારણે યુએસએ સામે સાંકડી જીત મેળવી. હવે, ઈંગ્લેન્ડે નેપાળ સામે જીતવા માટે સખત મહેનત કરવી પડી હતી. વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાયેલી ગ્રુપ સી મેચમાં, ઈંગ્લેન્ડે નેપાળ સામે ૪ રનથી જીત મેળવી હતી. પ્રથમ દાવ ખેલી રહેલા ઈંગ્લેન્ડે ૭ વિકેટે ૧૮૪ રન કર્યા હતા.ફિલ સોલ્ટ ૫ રને આઉટ થયા બાદ જોસ બટલર અને જેકબ બેથેલે બીજી વિકેટ માટે ૩૮ રન સાથે સ્કોર ૪૩ સુધી પહોંચાડ્યો. બટલર ૧૭ બોલમાં ૨૬ રન કરી આઉટ થતાં બેથેલ અને કેપ્ટન હેરી બ્રુકે ચોથી વિકેટ માટે ૭૧ રનની ભાગીદારી કરી. બેથેલે ૩૫ બોલમાં ૫૫ રન કર્યા હતા. હેરી બ્રુકે ૩૨ બોલમાં ૫૩ રન કર્યા હતા. ૭મા ક્રમે બેટિંગમાં આવેલા વિલ જેક્સે શાનદાર રીતે ફિનિશરની ભૂમિકા ભજવી ૧૮ બોલમાં અણનમ ૩૯ રન કર્યા હતા. ઈંગ્લેન્ડે ૭ વિકેટે ૧૮૪ રન કર્યા હતા. દિપેન્દ્ર સિંહ અરે અને નંદન યાદવે બે-બે વિકેટ તેમજ શેર મલ્લા અને સંદીપ લામિછાનેએ એક-એક વિકેટ લીધી હતી.નેપાળે શરૂઆતથી જ ઈંગ્લેન્ડના પ્રબળ બોલરોનો સામનો કર્યો. કુશલ ભૂર્ટેલે બીજી ઓવરમાં જોફ્રા આર્ચરની ઓવરમાં ત્રણ ચોગ્ગા ફટકાર્યા. ત્રણ ઓવર પછી ટીમનો સ્કોર ૩૧ હતો. બાદમાં ઈંગ્લેન્ડે સ્પિન સાથે હુમલો કરતાં બીજો ઓપનર આસિફ શેખ ૭ રને આઉટ થયો. ભૂર્ટેલે ૧૭ બોલમાં ૨૯ રન કર્યા હતા. બાદમાં દીપેન્દ્ર સિંહ અરે અને કેપ્ટન રોહિત પૌડેલે જવાબદારી સંભાળી. બંનેએ ૫૪ બોલમાં ત્રીજી વિકેટ માટે ૮૨ રન ઉમેર્યા. નેપાળને છેલ્લી ચાર ઓવરમાં જીતવા માટે ૫૬ રનની જરૂર હતી ત્યારે લોકેશ બામે બાજી સંભાળી. ૧૮મી ઓવરમાં ૨૨ રન કર્યા, જેમાં લોકેશના બે છગ્ગાનો સમાવેશ થાય છે. ટીમને છેલ્લી ઓવરમાં જીતવા માટે ૧૦ રનની જરૂર હતી, પરંતુ સેમ કુરન તેના અનુભવનો ફાયદો ઉઠાવીને માત્ર પાંચ રન આપ્યા અને નેપાળને જીતવા ન દીધું. જોરદાર બેટિંગ કરી રહેલા લોકેશ બામ છેલ્લી ઓવરમાં મોટો શોટ ચૂકી ગયો હતો.



### રસપ્રદ પીચને કારણે ટુર્નામેન્ટમાં અપસેટની શક્યતા વધી ગઈ

ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં પીચ ક્યુરેટર્સ દ્વારા જબરદસ્ત અને રસપ્રદ પીચ તૈયાર કરવામાં આવી છે, જેના કારણે કોઈ પણ ટીમને ઝટકો લાગી શકે છે. આ વર્લ્ડ કપ ભારત અને શ્રીલંકામાં રમાઈ રહ્યો છે,આ વખતે આઈસીસીએ ક્યુરેટર્સને સૂચના આપી છે કે પીચ પર ઘાસનું સ્તર થોડું વધુ રાખવું, જેથી પીચ સંતુલિત રહે અને બેટ્સમેન તેમજ બોલર બંનેને મદદ મળે. શ્રીલંકાના કેપ્ટન દાસુન શનાકાએ પણ આ વાતનો ઉલ્લેખ કર્યો છે કે આવી પીચની કન્ડિશન્સને કારણે સ્ટ્રાઈક રેટ અને વિકેટ પેટર્નમાં ફેરફાર જોવા મળી શકે છે, જેનાથી બેટિંગ વધુ પડકારજનક બની શકે છે.

આ પીચોને કારણે ટુર્નામેન્ટમાં અપસેટની શકયતા વધી ગઈ છે. મજબૂત ટીમો પણ નાની ટીમો સામે ઝટકો ખાઈ શકે છે, કારણ કે પીચ બોલર-ફ્રેન્ડલી અને અણધારી રહેશે. બેટ્સમેનોએ વધુ સાવચેતી રાખવી પડશે, અને બોલરોને વધુ તકો મળશે. આ વર્લ્ડ કપમાં પીચની ગુણવત્તા અને ક્યુરેટર્સના કામને કારણે મેચો વધુ રોમાંચક અને અનિશ્ચિત બની રહી છે!

# અમેરિકાના આક્રમણ સામે દિગ્ગજો ''ધૂળ ચાંટતા'': સૂર્યા શક્તિએ ભારતને બચાવ્યું

## ડિફેન્ડિંગ ચેમ્પિયનનો વિજયી પ્રારંભ: વાનખેડેમાં ટોપ ઓર્ડર ફેલ થયા બાદ કેપ્ટન સૂર્યકુમાર યાદવે બાજી સંભાળી: ૧૬૨ રનના ટાર્ગેટ સામે અમેરિકા ઘૂંટણીયે, સિરાઝ, અક્ષર અને અર્શદીપની પણ શાનદાર બોલિંગ



**અબતક, રાજકોટ**

મુંબઈ ના ઐતિહાસિક વાનખેડે સ્ટેડિયમમાં ક્રિકેટ રસિયાઓ માટે શનિવારની રાત યાદગાર બની રહી હતી. 'ડિફેન્ડિંગ ચેમ્પિયન' ભારતીય ટીમે 'આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં વિજયી શ્રીગણેશ કર્યા છે. ગ્રુપ એ ની હાઈ-વોલ્ટેજ મેચમાં ભારતે યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાને ૨૯ રનથી હરાવીને ટાઈટલ બચાવવાની દિશામાં મજબૂત ડગલું માંડ્યું છે. આ મેચમાં કેપ્ટન સૂર્યકુમાર યાદવની બેટિંગ અને મોહમ્મદ સિરાજની બોલિંગ નિર્ણાયક સાબિત થઈ હતી.

મેચની શરૂઆત ભારત માટે અત્યંત ખરાબ રહી હતી. ટોસ હારીને બેટિંગમાં ઉતરેલી ભારતીય ટીમનો 'ટોપ ઓર્ડર' અમેરિકન બોલરો સામે ધરાશાયી થઈ ગયો હતો. ઓપનર અભિષેક શર્મા પહેલા જ બોલે આઉટ થયા હતા. ત્યાર બાદ ઈશાન કિશન ૨૦, તિલક વર્મા ૨૫ અને શિવમ દુબે શૂન્ય સસ્તામાં પેવેલિયન ભેગા થતા ભારતનો સ્કોર એક સમયે ૪૬/૪ થઈ ગયો હતો અને ટીમ મુશ્કેલીમાં મુકાઈ હતી.આવી નાજુક પરિસ્થિતિમાં કેપ્ટન સૂર્યકુમાર યાદવે જવાબદારી સ્વીકારી અને 'કેપ્ટન ઈનિંગ્સ' રમી હતી. તેમણે એક છેડો સાચવી રાખીને અમેરિકન બોલરોનો મક્કમતાથી સામનો કર્યો હતો. સૂર્યાએ ૪૯ બોલમાં અણનમ ૮૪ રન ફટકાર્યા હતા, જેમાં ૧૦ ચોગ્ગા અને ૪ છગ્ગા સામેલ હતા. તેમની આ ઈનિંગ્સના કારણે ભારત સન્માનજનક સ્કોર સુધી પહોંચી શક્યું હતું.

નોંધનીય છે કે, 'વાયરલ ફીવર'ને કારણે જસપ્રીત બુમરાહ આ મેચમાં રમ્યા નહોતા. તેમ છતાં ભારતીય બોલરોએ શિસ્તબદ્ધ પ્રદર્શન કરીને ટીમને જીત અપાવી હતી. હવે ભારતનો પ્રયાસ આ જીતનો લય જાળવી રાખીને વર્લ્ડ કપ જીતવાના ઈતિહાસને બદલવાનો રહેશે, કારણ કે આજ સુધી કોઈ ટીમ ટી૨૦ વર્લ્ડ કપ સફળતાપૂર્વક ડિફેન્ડ કરી શકી નથી.

### નામિબિયા સામેના મેચમાં બુમરાહ પરત ફરશે


ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં ભારતે જીત સાથે પોતાનું ખાતું ખોલ્યું. જોકે, પહેલી મેચે એ પણ બતાવ્યું કે ટીમને હજુ પણ કેટલીક બાબતો પર કામ કરવાની જરૂર છે. યુએસએ સામેની મેચમાં, ભારતીય બેટિંગ શરૂઆતમાં જ નિષ્ફળ ગઈ અને ટીમ દબાણમાં આવી ગઈ. કેપ્ટન સૂર્યકુમાર યાદવે જવાબદાર ઈનિંગ્સ સાથે પરિસ્થિતિને સંભાળી, ટીમને સન્માનજનક સ્કોર તરફ દોરી ગઈ. ભારત હવે ૧૨ ફેબ્રુઆરીએ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં નામિબિયાનો સામનો કરશે. આ મેચ પહેલા ભારતીય ટીમની પ્લેઈંગ ઈલેવનમાં ફેરફારની અપેક્ષા છે.વાયરલ ફીવરને કારણે પહેલી મેચમાં બહાર રહેલો જસપ્રીત બુમરાહ હવે ફિટ માનવામાં આવે છે. તેની ઉપલબ્ધતા ભારતીય ટીમ માટે મોટી રાહત છે. બુમરાહની ભાગીદારી ડેથ ઓવરોમાં ટીમની પકડ મજબૂત કરશે અને વિરોધી બેટ્સમેન પર દબાણ બનાવશે. જોકે, બુમરાહની હાજરી માટે ફાસ્ટ બોલિંગ વિભાગમાં એક ખેલાડીને બહાર બેસવાની જરૂર પડશે. અર્શદીપ સિંહ કે મોહમ્મદ સિરાજ બન્નેમાંથી કોઈ એકને ટીમમાંથી બહાર કરવામાં આવશે. તે પિચ અને રણનીતિ પર આધાર રાખે છે. અર્શદીપની ડાબા હાથની બોલિંગ વિવિધતા પ્રદાન કરે છે, જ્યારે સિરાજ નવા બોલ સાથે આક્રમક બની શકે છે.

# શ્રીલંકા સ્પિનરોનો દબદબો યથાવત: આયર્લેન્ડ સામે ૨૦ રને જીત મેળવી

## કામિંદુ મેન્ડિસે ૧૯ બોલમાં ૨૩૧.૫૮ ના સ્ટ્રાઈક રેટથી ૪૪ રન બનાવ્યા: મહેશ તીક્ષણા અને વાનિન્દુ હસરંગાએ ૩-૩ વિકેટ લીધી

**અબતક, રાજકોટ**

આઈસીસી ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૬ની છઠ્ઠી મેચ શ્રીલંકા અને આયર્લેન્ડ વચ્ચે કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. આયર્લેન્ડે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. યજમાન શ્રીલંકાએ પ્રથમ બેટિંગ કરીને ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૧૬૩ રન બનાવ્યા હતા. જવાબમાં આયર્લેન્ડે ૨૦ ઓવરમાં પોતાની બધી વિકેટ ગુમાવીને ૧૪૩ રન બનાવ્યા હતા. પરિણામે તેમની ટીમ ૨૦ રનથી મેચ હારી ગઈ અને શ્રીલંકાએ પણ ટુર્નામેન્ટની શરૂઆત જીત સાથે કરી હતી. ટોસ હારીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધા બાદ શ્રીલંકાની ક્રિકેટ ટીમની શરૂઆત ધીમી રહી. પહેલા પથુમ નિસાન્કાએ ૨૩ બોલમાં ફક્ત ૨૪ રન બનાવ્યા. બીજા ઓપનર કામિલ મિશારાએ ૧૧ બોલમાં ૧૪ રન બનાવ્યા. વિકેટકીપર-બેટ્સમેન કુસલ મેન્ડિસે ૫૬ રનની મહત્વપૂર્ણ અણનમ ઈનિંગ રમી. ત્યારબાદ કામિંદુ મેન્ડિસે છેલ્લે બેટિંગમાં આવ્યો અને ૧૯ બોલમાં ૨૩૧.૫૮ ના સ્ટ્રાઈક રેટથી ૪૪ રન બનાવ્યા, જેમાં ૪ ચોગ્ગા અને ૨ છગ્ગા ફટકાર્યા. શ્રીલંકાએ ૨૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૧૬૩ રન બનાવ્યા. આયર્લેન્ડ માટે બેરી મેકાર્થી અને જ્યોર્જ ડોકરેલે પણ ૨-૨ વિકેટ લીધી. માર્ક એડેર અને ગેરેથ ડેલાનીએ ૧-૧ વિકેટ લીધી.૧૬૪ રનના ટાર્ગેટનો પીછો કરવા ઉતરેલી આયર્લેન્ડની શરૂઆત સારી રહી ન હતી. આયર્લેન્ડ તરફથી રોસ અડાયરએ ૩૪ રન બનાવ્યા, જ્યારે હેરી ટેકટરે પણ ૪૦ રન બનાવ્યા. ત્યારબાદ આયર્લેન્ડના બેટ્સમેન મેદાન પર ટકી શક્યા નહીં અને મોટી ઈનિંગ રમી શક્યા નહીં. પરિણામે તેમની ટીમ ૧૯.૫ ઓવરમાં બધી વિકેટ ગુમાવી દીધી અને માત્ર ૧૪૩ રન બનાવી શકયી. શ્રીલંકન ક્રિકેટ ટીમના મહેશ તીક્ષણા અને વાનિન્દુ હસરંગાએ ૩-૩ વિકેટ લીધી, જ્યારે મથિશા પથિરાનાએ પણ ૨ વિકેટ લીધી.




### ન્યુઝીલેન્ડે પ્રથમ મેચમાં અફઘાનિસ્તાનને હરાવ્યું

ટી ૨૦ વિશ્વકપ ટુર્નામેન્ટની જંગી રનની ચેઈઝવાળી મેચમાં ન્યુઝીલેન્ડે પાંચ વિકેટે અફઘાનિસ્તાનને હરાવી પોતાનો શાનદાર પ્રારંભ કર્યો હતો. ૧૮૨ કરવા છતાં અફઘાન ટીમે હારનો સામનો કરવો પડ્યો હતો. રવિવારે અહીંના ચેપોક સ્ટેડિયમ પર ખેલાયેલી મેચમાં ટોસ જીતીને પ્રથમ દાવ લેનારા અફઘાનિસ્તાને ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૧૮૨ રન કર્યા હતા. ન્યુઝીલેન્ડના લોકી ફર્ગ્યુસને ૪ ઓવરમાં ૪૦ રન આપીને બે વિકેટ લીધી હતી. મેટ હેનરી, જૈકબ ડફી અને રચિન રવીન્દ્નને ૧-૧ વિકેટ મળી હતી. ન્યુઝીલેન્ડની શરૂઆત ખરાબ રહી. બીજી ઓવરમાં ફિન એલન અને રચિન રવીન્દ્રનને મુજીબ ઉર રહેમાને સતત બે બોલમાં આઉટ કરતાં ન્યુઝીલેન્ડ ટીમમાં સન્નાટો ફેલાયો હતો. જો કે બાદમાં ટીમ સિફર્ટ અને ગ્લેન ફિલિપ્સે બાજી સંભાળીને પાવર પ્લે પૂરો થયો ત્યાં સુધીમાં ૫૦ રનનો સ્કોર કર્યો હતો. બંને વચ્ચે ૪૬ બોલમાં ૭૪ રનની ભાગીદારી કરી હતી. બાદમાં રશિદખાને ફિલ્સને બોલ્ડ કર્યો હતો. ફિલ્સે ૨૫ બોલમાં ૪૨ રન કર્યા હતા.

# છેલ્લા ૧૧ વર્ષમાં ઈલેક્ટ્રોનિકમાં આયાતકાર ભારતે નિકાસ આઠ ગણી વધારી દીધી

**અબતક,નવી દિલ્હી**



ભારત જે એક સમયે ઈલેક્ટ્રોનિક વસ્તુઓ માટે વિશ્વના અન્ય દેશો પર નિર્ભર હતું, તે હવે વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ હબ તરીકે ઉભરી આવ્યું છે. છેલ્લા ૧૧ વર્ષમાં ભારતે ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે કાયાપલટ કરતા ઉત્પાદનમાં ૬ ગણો અને નિકાસમાં ૮ ગણો તોતિંગ વધારો નોંધાવ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યસભામાં રજૂ કરવામાં આવેલા આંકડા દર્શાવે છે કે ભારત હવે માત્ર આયાતકાર મટીને દુનિયાને ટેકનોલોજી વેચતો દેશ બની રહ્યો છે.

આયાતથી નિકાસ સુધીની સફર એક દાયકા પહેલા ભારત મોટાભાગના મોબાઈલ અને ઈલેક્ટ્રોનિક પાર્ટ્સ વિદેશથી મંગાવતું હતું. આજે સ્થિતિ એવી છે કે ભારત વિશ્વનો બીજો સૌથી મોટો મોબાઈલ ઉત્પાદક દેશ બની ગયો છે.વર્ષ ૨૦૧૪-૧૫માં ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ₹૧.૯ લાખ કરોડ હતું, જે ૨૦૨૪-૨૫માં વધીને ₹૧૧.૩ લાખ કરોડ સુધી પહોંચી ગયું છે.ઈલેક્ટ્રોનિક્સ નિકાસ ₹૦.૪ લાખ કરોડથી વધીને આશરે ₹૩.૩ લાખ કરોડ થઈ ગઈ છે.આ સમગ્ર ક્રાંતિમાં મોબાઈલ સેક્ટરે સિંહફાળો આપ્યો છે. ૧૧ વર્ષ પહેલા મોબાઈલ નિકાસ માત્ર ₹૧,૦૦૦ કરોડની આસપાસ હતી, જે આજે ₹૨ લાખ કરોડને આંબી ગઈ છે. આ ૧૦૦ ગણો વધારો ભારતની આર્થિક શક્તિનું પ્રતીક છે.ભારત હવે 'નેટ એક્સપોર્ટર' બન્યો છે, એટલે કે આપણે જેટલા મોબાઈલ મંગાવીએ છીએ તેના કરતા વધુ વિદેશમાં વેચીએ છીએ. ''મેક ઈન ઈન્ડિયા'' અભિયાન હેઠળ ભારત હવે વિશ્વ માટે એક વિશ્વાસપાત્ર સપ્લાય ચેઈન પાર્ટનર બની ગયું છે.

### PLI સ્કીમ ગેમ-ચેન્જર સાબિત થઈ

સરકારની પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ (PLI) યોજનાએ આ સફળતામાં મહત્વની ભૂમિકા ભજવી છે:ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં આ યોજના હેઠળ ₹૧૫,૦૦૦ કરોડથી વધુનું રોકાણ આવ્યું છે.તેમજ આ સેક્ટરે ૧.૭ લાખથી વધુ યુવાનોને ડાયરેક્ટ રોજગારી પૂરી પાડી છે લેપટોપ અને ટેબ્લેટ જેવા આઈટી હાર્ડવેરના ઉત્પાદન માટે પણ PLI 2.0 યોજના હેઠળ ₹૧૬,૫૦૦ કરોડનું ઉત્પાદન થઈ ચૂક્યું છે.

# જૂનાગઢ કૃષિ યુનિ.ના વીસી સહિતને બદનામ કરતા ધમકીભર્યો ઈ-મેઈલ મોકલાયા

## પુર્વ કર્મચારીની જ કરતુત હોવાનો ભાંડાફોડ: ગુનો નોંધાયો

**અબતક, દર્શન જોશી**
**જુનાગઢ**

જૂનાગઢ કૃષિ યુનિ.ના કુલપતિ, કુલ સચિવ સહિતનાઓ બદનામ કરવા અને ધમકી આપવા મામલે સાયબર પોલીસે તપાસ કરતા યુનિ.ના ભૂતપૂર્વ રોજમદાર કર્મીએ આ કૃત્ય કર્યું હોવાનું ખુલતા આરોપી શખ્સ સામે ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, જુનાગઢ કૃષિ યુનિ.ના કુલ સચિવ યોગેશકુમાર હરીભાઈ ઘેલાણી એ સાયબર પોલીસને રજૂઆત કરી હતી કે, જૂનાગઢના યુનિવર્સિટીમાં અગાઉ રોજમદાર તરીકે ફરજ બજાવતા કિંજલભાઈ પ્રવીણભાઈ ભંડારી એ જેની અદાવત રાખીને ૩ અલગ-અલગ મોબાઈલ નંબર દ્વારા ફેક ઈ-મેઈલ આઈડી બનાવી, કૃષિ યુનિ.ના કુલપતિ વી.પી. ચોવટીયા અને તેના પુત્ર જય ચોવટીયાની ખોટી રીતે ભરતી થયાના આક્ષેપો કર્યા હતા. તેમજ શખ્સ ચીફ સેક્રેટરી, ચારેય કૃષિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર, રજીસ્ટ્રાર વગેરેને સરકારી ઈ-મેઈલ આઈડી પર મુખ્યમંત્રીને તોછડી ભાષામાં સંબોધન કરી, જુનાગઢ કૃષિ યુનિ.ના કુલપતિ વી.પી. ચોવટીયા અને તેના પુત્ર જય ચોવટીયાને છુટા અભદ્ર ભાષામાં ધમકીભર્યા ઈ-મેઈલ પણ મોકલ્યા હતા.

જે અંગે સાયબર પોલીસ એ તપાસ હાથ ધરતા તપાસમાં બહાર આવ્યું કે, જૂનાગઢના યુનિવર્સિટીમાં અગાઉ રોજમદાર તરીકે ફરજ બજાવતા કિંજલ ભંડારીએ પુરાવા વગરના ગંભીર આક્ષેપો કરી કુલસચિવ, કુલપતિ તેના પુત્રને પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાનો પ્રયાસ કરેલ છે. જેથી રેન્જ સાયબર પોલીસે કૃષિ યુનિ.ના કુલ સચિવ યોગેશકુમાર હરીભાઈ ઘેલાણીની ફરિયાદ લઈ આરોપી સામે કલમ ૧૭૩ અને આઈ.ટી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# મહાશિવરાત્રીના મેળામાં ૧૪મી ફેબ્રુઆરી એ અનોખો કાયદાનો કસુંબલ રંગની થશે જમાવટ

## કાયદા અને હક્કની જાણકારી સંગીતના સથવારે આગવી શૈલીમાં પીરસવામાં આવશે

**અબતક, દર્શન જોશી**
**જુનાગઢ**

સુપ્રીમ કોર્ટ નવી દિલ્હી સ્થિત નેશનલ લીગલ સર્વિસિસ ઓથોરિટીની નિશ્રામાં ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના વડપણ હેઠળ તેમજ જુનાગઢના જિલ્લા ન્યાયાધીશ બી.જી. દવે ના નેતૃત્વ હેઠળ નાલસાની વિવિધ સ્કીમો મેળામાં બહોળી સંખ્યામાં આવતા લોકો સુધી સરળતાથી પહોંચી શકે તે ભવનાથમાં કાયદાનો કસુંબલ રંગ નામે લોક ડાયરાનો વિશિષ્ટ કાર્યક્રમ નું આયોજન તા.૧૪મી ફેબ્રુઆરીએ સંસ્કૃતિક કાર્યક્રમોના મંચ ઉપર કરવામાં આવ્યું છે.

ભવનાથ ખાતે યોજાતા મહાશિવરાત્રીના મેળામાં લોક ડાયરા યોજાતા હોય છે. આ લોક ડાયરામાં કલાકારો મંચ ઉપર લોક સાહિત્ય, ભજન, ભક્તિગીત વગેરે રજૂ કરતા હોય છે. પરંતુ આ વર્ષે એક અનોખો ફ્યુજન લોક ડાયરો યોજાવાનો છે. કાયદાના ફૂલબલ રંગ નામે યોજાનારા આ અનોખા વિશિષ્ટ ફ્યુજન લોક ડાયરામાં કાયદા અને લોકોના હક્કોની જાણકારી સંગીતના સહારે જન જન સુધી પહોંચાડવામાં આવશે. કાર્યક્રમનું આયોજન જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જૂનાગઢ દ્વારા તેમજ જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી કરવામાં આવ્યું છે.આ કાર્યક્રમ તા.૧૪ ફેબ્રુઆરી સાંજે ૬ કલાકે યોજાશે. કાર્યક્રમમાં કાયદા અને હક્ક અંગે જાગૃતિ લાવવા માટે વિવિધ વિષયો ઉપર વિશિષ્ટ લોક ડાયરા દ્વારા રજૂઆત કરવામાં આવશે. તેમ સિનિયર સિવિલ જજ જૂનાગઢ તેમજ જિલ્લા કાનૂની સેવા સત્તા સચિવ દુર્ગેશ કે. ચંદનાણીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

# ભાટીયામાં નેત્ર નિદાન કેમ્પમાં ૩૧૪ દર્દીઓનું વિના મુલ્યે નિદાન કરાયું

**અબતક, નેહુલ લાલ,**
**ભાટીયા**

ભાટીયામાં તા.૨૫/૧ના રવિવારે કિશોર ચેરીટેબલ ટ્રસ્ટના(આર્થિક સહયોગ)દ્વારા આયોજીત રણછોડદાસ બાપુ ચેરીટેબલ ટ્રસ્ટ હોસ્પીટલના નિષ્ણાંત ડો.ની ટીમ દ્વારા ભાટીયા મુકામે સરકારી દવાખાનામાં યોજાયેલ ૧૨૬માં આંખના કેમ્પમાં ૩૧૪ દર્દીઓનું નિદાન કરવામા આવ્યું હતું.

આ કેમ્પમા ભાટીયાના ડાડુભાઈ, જીવનભાઈ, દેવેન લાલ, સાગર ઝાલા, વિનુભાઈ, ભુટાભાઈ ચાવડા તથા સરદારજી વગેરેએ સેવા આપેલ આ કેમ્પનુ સંપુર્ણ સંચાલન કિશોર ચેરીટેબલ ટ્રસ્ટ-ભાટીયાના પ્રમુખ-કિશોરભાઈ દતાણીએ સંચાલન કરી જહેમત ઉઠાવી સફળ બનાવેલ.




# અસત્યને પુરાવા જોઈએ, સત્ય સ્વયં પ્રમાણ છેઃ પૂ.મોરારિબાપુ

## દ્વારકાધીશના ધામમાં ‘માનસ કૃષ્ણ અવતાર’ રામકથામાં સનાતન મૂલ્યો, સત્ય-પ્રેમ-કરુણાનો ગૂઢ સંદેશ

**અબતક, રાજકોટ**

ભારતના ચાર ધામોમાંના એક અને દ્વારકાધીશ ભગવાન શ્રીકૃષ્ણની પાવન ભૂમિ દ્વારકા તીર્થમાં ગત ગુરુવારથી વિશ્વવિખ્યાત રામકથાકાર શ્રી મોરારિબાપુના વ્યાસાસન પરથી રામકથા ‘માનસ કૃષ્ણ અવતાર’નું દિવ્ય ગાન ચાલી રહ્યું છે. દ્વારકાધીશના ધામમાં યોજાયેલી આ રામકથા દરમિયાન સનાતન શાસ્ત્રોના ગૂઢ તત્ત્વો, રામ-કૃષ્ણ-શિવ તત્ત્વનું એકાત્મ ચિંતન તેમજ સત્ય, પ્રેમ અને કરુણાના સંદેશ સાથે ભાવિક શ્રોતાઓને આધ્યાત્મિક રસપાન કરાવવામાં આવી રહ્યું છે.





શનિવાર તા. ૭-૨-૨૦૨૬ના રોજ કથાના ત્રીજા દિવસે શ્રી મોરારિબાપુએ વ્યાસાસન પરથી મહત્વપૂર્ણ વિચાર પ્રગટ કરતાં જણાવ્યું હતું કે, અખિલ ધર્મોનું મૂળ વેદ છે, પરંતુ સમય જતાં ઊભા થયેલા મતમતાંતરોએ માનવ સમાજમાં સંઘર્ષ અને વિભાજન ઊભું કર્યું છે. તેમણે ધાર્મિક સંકુચિતતા અંગે હળવો રંજ વ્યક્ત કરતા કહ્યું હતું કે, સનાતન પરંપરા વિશાળ છે અને તેમાં વિભેદ નહીં પરંતુ સમન્વયનો ભાવ છે.દ્વારકા તીર્થમાં ચાલી રહેલી આ રામકથા ‘માનસ કૃષ્ણ અવતાર’માં સ્થાનિક સહિત દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં ભાવિક શ્રોતાઓ ઉમટી રહ્યા છે. શ્રોતાઓ દ્વારકાધીશના દર્શન સાથે કથારસ, પ્રસાદ અને આધ્યાત્મિક સંદેશનો લાભ લઈ રહ્યા છે. યજમાન તરીકે શ્રી પૂર્ણિમાબહેન જેઠવા પરિવાર દ્વારા આ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સંતો, મહંતો, વિદ્વાનો અને વિવિધ ક્ષેત્રના મહાનુભાવો પણ ઉપસ્થિત રહી કથાનો લાભ લઈ રહ્યા છે.

કથાના ત્રીજા દિવસે મોરારિબાપુએ શિવપુરાણ તથા રામકથાના સંદર્ભ સાથે શિવજી દ્વારા કામદેવના દહનનો પ્રસંગ અને ત્યારબાદ રતિ સાથે થયેલ સંવાદનું હૃદયસ્પર્શી વર્ણન કર્યું હતું. આ પ્રસંગને રામાવતાર અને કૃષ્ણાવતાર સાથે જોડતા તેમણે જણાવ્યું હતું કે, રામાવતારમાં રતિ અને કૃષ્ણાવતારમાં માયાવતી રૂપે તત્ત્વ એક જ છે, પરંતુ લીલાઓ ભિન્ન છે. પરમ તત્ત્વ એક જ છે, જે વિવિધ અવતારોમાં વિવિધ લીલાઓ દ્વારા માનવને માર્ગદર્શન આપે છે. મોરારિબાપુએ રામ, કૃષ્ણ અને શિવ તત્ત્વને સમજાવતા જણાવ્યું હતું કે, આ ત્રણે એક જ પરમ તત્ત્વના સ્વરૂપો છે. શિવ તત્ત્વ વૈરાગ્ય શીખવે છે, રામ તત્ત્વ મર્યાદા અને કર્તવ્ય બોધ આપે છે અને કૃષ્ણ તત્ત્વ પ્રેમ તથા લીલાના માર્ગે જીવન જીવવાની પ્રેરણા આપે છે. આ તત્ત્વો જીવનમાં ઉતારવામાં આવે તો માનવ જીવન સાર્થક બને છે.રવિવાર તા. ૮-૨-૨૦૨૬ના રોજ કથાના આગામી દિવસે શ્રી મોરારિબાપુએ શિવજી સાથે કૃષ્ણ અને રામ તત્ત્વના સંયુક્ત ચિંતન સાથે કથા આગળ ધપાવી. તેમણે પતંજલિ સૂત્રોના ઉલ્લેખ સાથે સત્યનો મહિમા વર્ણવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સત્ય આપણી પ્રતિષ્ઠા કરે છે, પરંતુ તે માટે પ્રેમ તત્ત્વ આવશ્યક છે. સત્ય અને પ્રેમ વિના ધર્મ માત્ર આડંબર બની રહે છે.કથાના દરમિયાન મોરારિબાપુએ શ્રોતાઓ સમક્ષ એક ભાવપૂર્ણ પ્રશ્ન મૂક્યો - કૃષ્ણની વાંસળીએ તો બધાને બોલાવ્યા, તો ગોપીઓ જ કેમ ગઈ? આ પ્રશ્નનો ઉત્તર આપતાં તેમણે સમજાવ્યું કે, ગોપીઓ ભાવતત્ત્વમાં સ્થિર હતી, જ્યારે અન્ય લોકો ચર્ચા, વ્યવહાર અને તમોગુણમાં રત હોવાથી વાંસળીનો સુર સાંભળી શક્યા નહીં. જ્યાં ભાવ છે ત્યાં ભગવાન છે, અને જ્યાં ભાવ નથી ત્યાં ભગવાનની વાણી પણ સંભળાતી નથી, તેમ તેમણે ભાવસભર રીતે સમજાવ્યું.

દ્વારકા તીર્થમાં ચાલી રહેલી આ રામકથા દરમિયાન સમગ્ર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું છે. સંતો, મહંતો, ભજનિકો, કળા ઉપાસકો તેમજ મોટી સંખ્યામાં ભાવિકો દરરોજ ઉપસ્થિત રહી કથારસ માણી રહ્યા છે. દ્વારકાધીશના દર્શન સાથે કથા શ્રવણ અને પ્રસાદ લાભને કારણે દ્વારકા તીર્થમાં ધાર્મિક ઉત્સવ સમાન માહોલ સર્જાયો છે.‘માનસ કૃષ્ણ અવતાર’ રામકથા માત્ર ધાર્મિક કાર્યક્રમ નહીં, પરંતુ સનાતન મૂલ્યો, માનવ એકતા અને આધ્યાત્મિક ચિંતનનો વિશાળ સંદેશ આપતી બની રહી છે. મોરારિબાપુના વ્યાસાસન પરથી મળતો સત્ય, પ્રેમ અને કરુણાનો સંદેશ આજના સમયમાં સમાજ માટે માર્ગદર્શક બની રહ્યો છે.

# જામનગરઃ અબતકના બાહોશ અને નીડર પત્રકાર સાગર સંઘાણીનો આજે જન્મદિવસ

જામનગરના બાહોશ પત્રકાર સાગર સંઘાણીનો આજે જન્મદિવસ છે. અધિકારી વર્ગમાં અનોખી છાપ ધરાવતા સાગરભાઈએ યશસ્વી જીવનના ૩૦ વર્ષ પૂર્ણ કરી ૩૧ મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. એકસકલુઝિવ ન્યુઝ થકી સાગરભાઈએ પત્રકારત્વ ક્ષેત્રે મોટી નામના અને અનેક લોકોની સમસ્યાઓ ઉજાગર કરી રહ્યા છે. હાલ સાગરભાઈ પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિકસ અને સોશ્યિલ મીડિયા ક્ષેત્રે કાબિલેદાદ કામગીરી કરી રહ્યા છે. તેઓ તમામ સમાજને સ્પર્શતા મુદ્દાઓ ઉઠાવી તંત્ર સુધી પહોચાડ્યા છે. આ સિવાય સત્કાર્યમાં પણ તેઓ હંમેશા અગ્રેસર રહે છે. ખાસ કરીને ગૌસેવા અને સમાજ સેવામાં હંમેશા તત્પર રહેતા હોય છે. મળતાવડો અને હંમેશા નાના માણસને મદદ કરવાની ખેવના વાળો સ્વભાવ ધરાવતા સાગરભાઈ બહોળું મિત્ર વર્તુળ ધરાવે છે. સાગર ભાઈને તેમના જન્મદિવસ નિમિત્તે મો. ૮૦૦૦૦ ૦૩૩૫૨ નંબર ઉપર શુભેચ્છા નો મીઠો મેંહ વરસી રહ્યો છે.



# ખંભાળીયા પાલિકા કચરાના નિકાલ માટે અઢી કરોડ ખર્ચશે

## ડમ્પીંગ યાર્ડ ચોખ્ખુ કરવાની કામગીરી અમદાવાદની ખાનગી કંપનીને સોંપાઈ

**અબતક, મહેન્દ્ર કક્કડ**
**દ્વારકા**

ખંભાળીયા નગરપાલીકાની તાલુકાના તરઘડી ગામ નજીક આવેલ ડમ્પીંગ સાઈટમાં વર્ષોથી જમા થયેલ હજારો ટન કચરો તથા પ્લાસ્ટીકના ઢગલામાં અવાર નવાર અમૂક તત્ત્વો દ્વારા આગ લગાવામાં આવતી હોય કેટલીક વાર આગ બુઝાવવા દિવસો નિકળી જતા હોય આ પ્રશ્નના કાયમી નિકાલ લાવવા માટે ખંભાળીયા નગરપાલીકા દ્વારા કચરાના ઢગના કાયમી નિકાલનું આયોજન હાથ ધર્યુ છે. ખંભાળીયા નગરપાલીકાના ડમ્પીંગ યાર્ડમાં હાલ ૮૦ હજાર ટનથી વધુનો કચરો વર્ષોથી પડ્યો હોય તેના કાયમી નિકાલ માટે આખું ડમ્પીંગ યાર્ડ ચોખ્ખુ કરવા અમદાવાદની ખાનગી કંપનીને અઢી કરોડ રૂપિયાના ખર્ચે કામ સોંપાયું છે. તમામ ડમ્પીંગ યાર્ડ ચોખ્ખું થયે આગ લાગવાનું તથા આગના ધૂમાડાના પ્રશ્નથી સ્થાનિકોના ગુંગળામણના પ્રશ્નનો કાયમી ઉકેલ આવશે.



# ધ્રોલ નજીક અકસ્માતમાં પત્નીની નજર સામે પતિનું મોત

## લગ્નની ખુશી માતમમાં ફેરવાઈઃ સાઢુભાઈને ત્યાં લગ્નમાં જતાં જામનગરના દંપતીને કાળ નડ્યો પરિણીતા ગંભીર

**અબતક,સંજય ડાંગર**
**ધ્રોલ**

જામનગર-રાજકોટ હાઈવે પર ધ્રોલ નજીક આજે વહેલી સવારે ગમખ્વાર અને હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં જામનગરના વૃદ્ધનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે, જ્યારે તેમના પત્ની ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.ઘટનાની વિગતો મુજબ, જામનગરના ગુલાબનગર વિસ્તારમાં આવેલી સિન્ડિકેટ સોસાયટીમાં રહેતા દયાળજીભાઈ મકનભાઈ ચૌહાણ અને તેમના પત્ની ભગવતીબેન આજે તા. ૦૮/૦૨/૨૦૨૬ના રોજ સવારે ૬:૩૦ વાગ્યાની આસપાસ પોતાના એક્ટિવા (નંબર જીજે-૧૦-સીઆર-૦૯૬૪) પર સવાર થઈને સાઢુ ભાઈને ત્યાં લગ્ન પ્રસંગમાં હાજરી આપવા માટે જઈ રહ્યા હતા.ધ્રોલની અની હોટલ પાસેના કટ સામે પુરપાટ ઝડપે જતી એક બોલેરો પીકઅપ ગાડી (નંબર જીજે-૩૭-ટી-૯૨૯૪) ના ચાલકે એક્ટિવાને પાછળથી ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે ટક્કર લાગતા જ દંપતી રોડ પર પટકાયું હતું. ગંભીર ઈજાઓ થવાને કારણે મોત નીપજ્યું હતું. જ્યારે તેમના પત્ની ભગવતીબેનને માથાના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચી હતી.અકસ્માત સર્જ્યા બાદ બોલેરો ચાલક ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. ઘટનાની જાણ થતા જ આસપાસના લોકો અને પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. ઈજાગ્રસ્ત ભગવતીબેનને તાત્કાલિક જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે.આ મામલે મૃતકના પુત્ર કેતનભાઈ દયાળજીભાઈ ચૌહાણે ધ્રોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરાર બોલેરો ચાલક વિરુદ્ધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ કેસની તપાસ હેડ કોન્સ્ટેબલ આર.એ. કુબાવત ચલાવી રહ્યા છે.



### ધ્રોલ હાઈવે પર અકસ્માતો રોકવા હિન્દુ સેનાની માંગઃ તંત્રની ઉદાસીનતા સામે રોષ

ધ્રોલ જામનગર-રાજકોટ હાઈવે પર ધ્રોલ સિટી વિસ્તારમાં વધતા જીવલેણ અકસ્માતોને રોકવા હિન્દુ સેનાના પ્રમુખ ગૌરવ મહેતા દ્વારા તંત્રને આકરી રજૂઆત કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૪માં ગુજરાત સ્ટેટ રોડ ડેવલોપમેન્ટ કોર્પોરેશન સહિત તાલુકા અને જિલ્લા કક્ષાએ અનેકવાર લેખિત રજૂઆતો કરવા છતાં તંત્ર હજુ ઘોર નિંદ્રામાં હોય તેમ જણાય છે.

ગૌરવ મહેતાએ માર્ગ પર તાત્કાલિક રબર સ્ટેમ્પ (બમ્પ) અને સુરક્ષાના સાધનો મૂકવાની માંગ કરી છે. નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હોવા છતાં તંત્ર દ્વારા ધ્રોલ શહેરની અવગણના કરવામાં આવતા સ્થાનિકોમાં ભારે રોષ છે. વારંવારની રજૂઆતો છતાં કામગીરી ન થતા હિન્દુ સેનાએ તંત્ર પાસે વહેલી તકે નિરાકરણ લાવવાની માંગ કરી છે, જેથી ભવિષ્યમાં નિર્દોષ લોકોના જીવ બચાવી શકાય.

# જામજોધપુરઃ એવીડીએસ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં જોબ પ્લેસમેન્ટ ડ્રાઈવમાં ૧૪ વિદ્યાર્થીઓની પસંદગી



**અબતક, ભરત ગોહેલ**
**જામજોધપુર**

એ.વી.ડી.એસ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જામજોધપુર ખાતે તારીખ ૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ કોલેજ પ્લેસમેન્ટ સેલના કો-ઓર્ડિનેટર ડો.રાજીત યાદવ તથા કોલેજના પ્રિન્સિપાલ ડો. અલ્કેશ વાછાણી ના માર્ગદર્શન હેઠળ સવારે ૯.૦૦ વાગ્યાથી બપોરે ૧૨.૦૦ વાગ્યા દરમિયાન જોબ પ્લેસમેન્ટ માટે ઈન્ટરવ્યુ યોજાયેલ હતા. આ પ્લેસમેન્ટ ડ્રાઈવ પ્રતિષ્ઠિત કંપનીઓ દ્વારા વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા, જેમાં કોલેજમાંથી કુલ ૧૪ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ રમેશભાઈ કાલરીયા, કોલેજના પ્રિન્સિપાલ, પ્લેસમેન્ટ કોઓર્ડિનેટર તથા સમગ્ર સ્ટાફ દ્વારા પસંદ થયેલા તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં, તેમજ તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી. આ પ્લેસમેન્ટ ડ્રાઈવને સફળ બનાવવા બદલ તમામ સહભાગી કંપનીઓનો કોલેજ પરિવાર તરફથી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# જામનગરમાં પણ નથુરામ ગોડસે આધારિત નાટકનો વિરોધ, કોંગ્રેસના આક્રોશ બાદ નાટક રદ

## નાટક રદ થવા છતાં ટાઉનહોલ બહાર કોંગ્રેસ કાર્યકરોનું પ્રદર્શન, પોસ્ટર ફાડી સૂત્રોચ્ચાર કર્યા

**અબતક,રાજકોટ**

રાજકોટમાં નથુરામ ગોડસે પર આધારિત નાટકને લઈને ઉદભવેલા વિવાદ બાદ હવે જામનગરમાં પણ આ મુદ્દે ભારે વિરોધ જોવા મળ્યો છે. જામનગર શહેરના ટાઉનહોલ ખાતે યોજાનાર નથુરામ ગોડસે આધારિત નાટક સામે કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. કોંગ્રેસના વિરોધ અને રજૂઆતોને પગલે આયોજકોએ નાટક રદ કરવાની જાહેરાત કરી હતી. જોકે, નાટક રદ થયા બાદ પણ કોંગ્રેસના કાર્યકરો ટાઉનહોલ બહાર એકત્ર થયા હતા અને પ્રદર્શન કર્યું હતું.નાટક રદ થવાની જાહેરાત બાદ જામનગર શહેર કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો ટાઉનહોલ બહાર ભેગા થયા હતા. કોંગ્રેસ કાર્યકરોએ નાટકના પોસ્ટરો ફાડી પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. આ દરમિયાન ગાંધીજીના હત્યારાનું નાટક ક્યાંય નહીં થવા દઈએ તથા હત્યારા કોઈ દિવસ હીરો ન હોઈ શકે જેવા સૂત્રોચ્ચારથી સમગ્ર ટાઉનહોલ વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો.આ મુદ્દે જામનગર શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજાએ પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, નથુરામ ગોડસે જેવા વ્યક્તિની વિચારધારાને યુવાનોમાં પ્રસારિત કરવાનું કોંગ્રેસ ક્યારેય સહન કરશે નહીં. તેમણે કહ્યું હતું કે, નથુરામ ગોડસે એ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની હત્યા કરનાર વ્યકિત છે અને તેની વિચારધારા દેશ માટે હાનિકારક છે. ગાંધીજી સત્ય અને અહિંસાના પ્રતિક છે, જ્યારે ગોડસેની વિચારધારા દેશને તોડનારી છે. કોંગ્રેસ હંમેશા આવા તત્વો સામે લડતી રહેશે તેમ તેમણે ઉમેર્યું હતું.



પ્રાપ્ત વિગતો અનુસાર, રાજકોટમાં નાટક સામે વિરોધ થયા બાદ જામનગરમાં પણ કોંગ્રેસ દ્વારા જિલ્લા પોલીસ અધિક્ષકને લેખિત રજૂઆત કરી નાટક બંધ કરાવવાની માંગ કરવામાં આવી હતી. કોંગ્રેસની રજૂઆત અને વધતા વિરોધને ધ્યાનમાં રાખીને આયોજકોએ અંતે નાટક રદ કરવાનો નિર્ણય લીધો હતો.ઉલ્લેખનીય છે કે, જામનગરમાં અગાઉ પણ નથુરામ ગોડસે સંબંધિત મુદ્દે વિવાદ સર્જાયો હતો. લગભગ બે વર્ષ અગાઉ ગોડસેની પ્રતિમા તોડી વિરોધ કરવામાં આવ્યો હતો, જે સમયે પણ રાજકીય અને સામાજિક સ્તરે ભારે ચર્ચા જોવા મળી હતી.રવિવારે રાત્રે નાટક યોજાનાર ન હતું અને આયોજકો દ્વારા સત્તાવાર રીતે નાટક રદ કરવાની જાહેરાત કરવામાં આવી હોવા છતાં કોંગ્રેસના કાર્યકરો દ્વારા ટાઉનહોલ ખાતે સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ઘટનાને પગલે પોલીસ તંત્ર દ્વારા પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી હતી.

### નયારા એનેર્જીના સહયોગથી

# જામનગર જિલ્લાના ૫૦૦ યુવાનોને સોફ્ટ સ્કિલ્સ તાલીમ મેળવી

## સીએસઆર અંતર્ગત શિક્ષણ, રોજગાર અને પશુધન સંવર્ધન અંગે કાર્યક્રમ યોજાયા



**અબતક, રાજકોટ**

નયારા એનેર્જીના સહયોગથી જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રોજગારલક્ષી કૌશલ્ય વિકાસ માટે યોજાયેલી સોફ્ટ સ્કિલ્સ તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરનારા ૫૦૦થી વધુ સ્થાનિક યુવાનોને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અધિકારીગણની ઉપસ્થિતિમાં જામનગર શહેરમાં યોજાયો હતો અને તેમાં નયારા એનેર્જીની ઔદ્યોગિક સામાજિક જવાબદારી (CSR) અંતર્ગત કરવામાં આવી રહેલી વિવિધ પ્રવૃત્તિઓની વ્યાપક સરાહના કરવામાં આવી હતી.

નયારા એનેર્જી દ્વારા પ્રોજેક્ટ એક્સેલ અંતર્ગત શિક્ષણ, કૌશલ્ય વિકાસ અને રોજગારલક્ષી વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. આ અંતર્ગત જામનગર, વાડીનાર અને ખંભાળિયાના યસ (YES) કેન્દ્રો, જામનગર ટેક્નિકલ કેન્દ્ર તેમજ જામનગર અને દ્વારકા જિલ્લાની સરકારી કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ૨૧મી સદીની આવશ્યકતાઓને અનુરૂપ સોફ્ટ સ્કિલ્સ તાલીમ આપવામાં આવી હતી. તાલીમ દરમિયાન સંવાદ કુશળતા, વ્યક્તિત્વ વિકાસ, ટીમ વર્ક, સમય વ્યવસ્થાપન તથા ઈન્ટરવ્યુ તૈયારી જેવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ તાલીમ પૂર્ણ કરનારા ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને નાયબ જિલ્લા વિકાસ અધિકારી, જામનગર તથા ધ્રોલ આઈટીઆઈના અધિકારીગણની હાજરીમાં પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તાલીમ લીધેલા વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમના કારણે તેમની આત્મવિશ્વાસમાં વધારો થયો છે અને રોજગારની તકો માટે તેઓ વધુ તૈયાર બન્યા છે. ખાસ નોંધનીય બાબત એ છે કે, આ પ્રોજેક્ટ હેઠળ તાલીમ પામેલા ૩૨૬ વિદ્યાર્થીઓને વિવિધ ક્ષેત્રોમાં પ્લેસમેન્ટની તક પણ મળી છે.

પશુધન સંવર્ધન માટે શ્રેષ્ઠ પદ્ધતિઓ અંગે જાગૃતિ ફેલાવવા નયારા એનેર્જી દ્વારા કાકાભાઈ સિંહણ અને મોટા લાખિયા ગામમાં વાછરડાની પ્રદર્શન રેલી યોજાઈ હતી. જેમાં ૩૦૦થી વધુ ખેડૂતોએ ભાગ લીધો હતો અને પશુપાલન અંગેની માહિતીનું આદાન-પ્રદાન કર્યું હતું. ઉપરાંત વાડીનાર ગામમાં બકરી પાલન સાથે સંકળાયેલા ૧૦૦થી વધુ હિસ્સેદારો માટે માર્ગદર્શક કાર્યક્રમ યોજાયો હતો.

રાજકોટ જિલ્લા ભાજપના સંગઠન માળખાના મહામંત્રી સહિતના અનેકને રિપીટ કરાયા હતા જયારે

# રાજકોટ શહેર ભાજપ માટે ‘પક્ષ’માં અલગ જ નિયમ ! સંગઠન માળખામાં ‘નો રિપીટ’ને પ્રાધાન્ય





## ત્રણ મહામંત્રી આઠ ઉપપ્રમુખ અને આઠ મંત્રી પદે નવા ચહેરાને તકઃ જૂનાને ઘરે બેસાડી દેવાયા
## કોષાધ્યક્ષ તરીકે મયુરભાઈ શાહ અને કાર્યાલય મંત્રી તરીકે હિતેષ ઢોલરીયાને રિપીટ કરાયા

### કોર્પોરેશનની ચૂંટણીમાં ‘નો રિપીટ’? કોર્પોરેટરોનાં જીવ અધ્ધર

**સંગઠન માળખાની જાહેરાતે અનેકને આંચકા આપ્યા હતાઃ કેટલાયના રાજકારણ પર પૂર્ણ વિરામ**

રાજકોટ શહેર ભાજપનું સંગઠન માળખું જાહેર થઈ ગયું છે. જેમાં નો રિપીટ થીયરી અપનાવવામાં આવી છે. સંગઠનની ટીમ જાહેર થતાની સાથે જ કોર્પોરેટરોના જીવ અધ્ધર થઈ ગયા છે.જો ટિકિટ ફાળવણીમાં પક્ષ નો રિપીટ થીયરી અપનાવશે તો અનેકના રાજકારણ પર મોટુ પૂર્ણ વિરામ મૂકાય જશે. કેટલાકે તો બિસ્તરા પોટલા બાંધવાનું પણ શરૂ કરી દીધું છે.

વર્ષ ૨૦૨૧માં યોજાયેલી કોર્પોરેશનની સામાન્ય ચૂંટણીમાં ભાજપે માત્ર ૧૨ સિટીંગ કોર્પોરેટરોને ફરી ટિકિટ આપી હતી.બાકી નવા ચહેરાઓને મેદાનમાં ઉતાર્યા હતા. હવે ૨૦૨૬માં પણ ભાજપ ૬૮ પૈકી ૫૦ થી વધુ કોર્પોરેટરોને ફરી ટિકીટ આપવાના મૂડમાં ન હોવાનું જાણવા મળી રહ્યું છે. બીજી તરફ જે રિતે સંગઠન માળખામાં નોરિપીટ અપનાવવામાં આવી છે તે જોતા એવું લાગી રહ્યું છેકે કોર્પોરેશનની ચૂંટણીમાં પણ પક્ષ દ્વારા નો રિપીટને વધુ પ્રાધાન્ય આપવામાં આવશે તે લગભગ નિશ્ચિત મનાય રહ્યું

(અનુ. આઠમા પાને)

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર ભાજપ માટે પ્રદેશ હાઈકમાન્ડના મનમા કંઈક અલગ જ છાપ છવાઈ ગઈ હોય તેવું લાગી રહ્યું છે. પક્ષના પ્રાથમિકથી લઈ આકરા તમામ નિયમો રાજકોટને લાગુ પડે છે. તાજેતરમાં રાજકોટ જિલ્લા ભાજપના સંગઠન માળખામા ત્રણેય મહામંત્રી સહિત અનેક હોદેદારોને રિપીટ કરવામાં આવ્યા હતા. દરમિયાન ગઈકાલે રાત્રે જાહેર કરાયેલા રાજકોટ શહેર ભાજપના સંગઠન માળખામાં નો રિપીટ થિયરીનો અમલ કરવામાં આવ્યો છે. ત્રણેય મહામંત્રી, આઠ ઉપપ્રમુખ અને આઠ મંત્રીઓ પદે નવા ચહેરાઓને તક આપવામાં આવી છે. સાત મોરચા પૈકી છ મોરચાના પ્રમુખ અને મહામંત્રી પણ નવા મૂકવામાં આવ્યા છે. જેઓના નામ જોર શોરથી ચર્ચાય રહ્યા તેઓનો સમાવેશ કરવામાં આવ્યો નથી. યુવા અને અનુભવીઓનો સમન્વય કરવામાં આવ્યો છે.

લાંબા સમયથી ચાલતી અટકળોનો રવિવારે રાતે અંત આવી ગયો છે. મોવડી મંડળની લીલીઝંડી મળતા રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવેએ સંગઠન માળખું અને વિવિધ સાત મોરચાના પ્રમુખ તથા મહામંત્રીના નામની ઘોષણા કરવામાં આવી હતી.

રાજકોટ જિલ્લા ભાજપમાં હાઈકમાન્ડ દ્વારા રિપીટ થીયરીનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. ત્રણેય મહામંત્રી સહિતના અનેક હોદેદારોને રિપીટ કરવામાં આવ્યા છે. જયારે રાજકોટ શહેર માટે નોરિપીટ થિયરી અપનાવવામાં આવી છે. પ્રમુખ પદ પછી સૌથી મહત્વના મનાતા મહામંત્રીની ત્રણ જગ્યાઓ માટે પૂર્વ ડેપ્યુટી મેયર અને અગાઉ પણ મહામંત્રી તરીકે જવાબદારી નિભાવી ચૂકેલા વલ્લભભાઈ દુધાત્રાને વર્ષો પછી ફરી એકવાર મહામંત્રી તરીકેની જવાબદારી આપવામાં આવી છે. આ ઉપરાંત લલીતભાઈ વાડોલીયા અને યોગેન્દ્રસિંહ જાડેજાને પણ મહામંત્રી બનાવવામાં આવ્યા છે.

જયારે ઉપપ્રમુખ તરીકે મેહુલભાઈ ડી. નથવાણી, મહેશભાઈ એલ. પીપરીયા (પીપળીયા), ભાર્ગવભાઈ વી.મિયાત્રા, દીપાબેન વી. કાચા, કેતનભાઈજી. વાછાણી, કૌશીકભાઈ આર. ચાવડા, સોમાભાઈ આર. ભાલીયા અને મેઘાબેન કે. વૈશ્નવની જયારે મંત્રી તરીકે વલ્લભભાઈ પી. દુધાત્રા, લલીતભાઈ જે. વાડોલીયા, યોગેન્દ્રસિંહ જી. જાડેજા, કિશનભાઈ જે. ટીલવા, ગેલાભાઈ બી. રબારી,

(અનુ. આઠમા પાને)

### શહેર ભાજપનું સંગઠન માળખું

| પદ | નામ |
|---|---|
| ઉપપ્રમુખ | મેહુલભાઈ ડી. નથવાણી<br>મહેશભાઈ એલ. પીપરીયા<br>ભાર્ગવભાઈ વી. મિયાત્રા<br>દીપાબેન વી.કાચા<br>કેતનભાઈ જી. વાછાણી<br>કૌશીકભાઈ આર. ચાવડા<br>સોમાભાઈ આર. ભાલીયા<br>મેઘાબેન કે. વૈશ્નવ |
| મહામંત્રી | વલ્લભભાઈ પી. દુધાત્રા<br>લલીતભાઈ જે. વાડોલીયા<br>યોગેન્દ્રસિંહ જી. જાડેજા |
| મંત્રી | કિશનભાઈ જે. ટીલવા<br>ગેલાભાઈ બી. રબારી<br>સુનિલભાઈ કે. ગોહેલ<br>ધર્મિષ્ઠાબેન વાઘેલા<br>કિન્નરીબેન કે. ચૌહાણ<br>ચાંદનીબેન ડી. ગોંડલીયા<br>નિશાબેન એન. રાણપરા<br>અરૂણાબેન એચ. પરમાર |
| કોષાધ્યક્ષ | મયુરભાઈ શાહ |
| કાર્યાલયમંત્રી | હિતેષભાઈ એસ. ઢોલરીયા |

### સંગઠનમાં વિધાનસભા-૬૮નો દબદબો દેખાયો

રાજકોટ શહેર ભાજપના સંગઠન માળખામાં ૬૮ રાજકોટ વિધાનસભા પૂર્વ બેઠકનો દબદબો જોવા મળી રહ્યું છે. ૨૧ પદ પૈકી ઉપપ્રમુખ, મહામંત્રી અને મંત્રી સહિત પાંચ પદ મુખ્ય સંગઠન માળખામાં વિધાનસભા ૬ને મળ્યા છે આ ઉપરાંત સાત મોરચા પૈકી ત્રણ મોરચાનું અધ્યક્ષ પદ મળ્યું છે. યુવા મોરચાના પ્રમુખ તરીકે વોર્ડ નં.૬ના મિલનભાઈ લીંબાસીયાની, મહિલા મોરચાના અધ્યક્ષા તરીકે વોર્ડ નં.૧૬ના લીનાબેન રાવલની અને બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકે વોર્ડ નં.૫ના બાબુભા, માટીયાની નિયુકતી કરવામાં આવી છે.

### ભાવનગર શહેર ભાજપના
## ઓબીસી મોરચાના અધ્યક્ષ બનાવ્યાના સમાચાર મળે તે પૂર્વે જ ભાવેશ રબારીનું નિધન
### સવારે હાર્ટએટેકથી નિધન થયું સાંજે ઓબીસી મોરચાના અધ્યક્ષ તરીકે નિમણુંક થવાના સમાચાર આવ્યા

‘ન જાણ્યુયં જાનકી નાથે કાલે સવારે શું થવાનું’ ભાવનગર શહેર ભાજપના ઓબીસી મોરચાના પ્રમુખ તરીકે વરણી કરાયાના સમાચાર આવે તે પૂર્વે જ ભાવનગરના મહેનતુ કાર્યકર ભાવેશભાઈ રબારીનું હાર્ટ એટેકથી નિધન થતા કાર્યકરોમાં ઉંડા શોકની લાગણી વ્યાપી જવા પામી છે.



ભાવનગરના કુંભારવાડા વિસ્તારના મહેનતું કાર્યકર ભાવેશભાઈ રબારીનું ગઈકાલે સવારના સમયે સિવિયર હાર્ટ એટેકથી મોત નિપજયું હતુ. દરમિયાન ભાવનગર શહેર ભાજપ પ્રમુખ કુમાર શાહે સાંજે સંગઠન માળખાની જાહેરાત કરી હતી. જેમાં ભાવેશભાઈ રબારીને ઓબીસી મોરચાના પ્રમુખ બનાવવાની જાહેરાત કરવામાં આવી હતી.

ભારતીય જનતા પાર્ટી ભાવનગરના ખૂબ જ મહેનતુ કાર્યકર્તા જેમની આજે ભાવનગર મહાનગરના બક્ષીપંચ મોરચાના પ્રમુખ તરીકે નિમણૂક થઈ છે ત્યારે હરખ કરવા અભિનંદન આપવા માટે કેટલાક આગેવાનોઅને નેતાઓ ફોન કરતા. ફોન બંધ આવતા તેમના ભાઈને ફોન કરીને ભાવેશભાઈ નો સંપર્ક કરાવવા જણાવ્યું ત્યારે જાણવા મળ્યું કે બપોરના ભાવેશભાઈ રબારી નું હાર્ટ એટેક થી મૃત્યુ થયું છે સમાચાર સાંભળી ખૂબ દુઃખ અને આઘાત પહોંચ્યો કે કુદરતની ક્રૂરતા તો જુઓ ભારતીય જનતા પાર્ટી ભાવનગરનો એક સંઘર્ષશીલ અને પાર્ટીના કામ માટે હંમેશા તત્પર પાર્ટી લાઈનમાં રહી વફાદારી પૂર્વક કામ કરનારા કાર્યકર્તા ને ઇનામ સ્વરૂપ જયારે બક્ષીપંચ મોરચાના અધ્યક્ષની જવાબદારી મળે છે ત્યારે તેના સમાચાર તેને મળે તેના પહેલાજ તેનું મર્ત્યુ થયું છે.

**યુવા મોરચો**

| પદ | નામ |
|---|---|
| પ્રમુખ | મિલન લીંબાસીયા<br>જયકિશન ઝાલા |
| મહામંત્રી | હિમાંશુ રાજયગુરૂ |

**મહિલા મોરચો**

| પદ | નામ |
|---|---|
| પ્રમુખ | લીનાબેન રાવલ<br>કિરણબેન હરસોડા |
| મહામંત્રી | માધવીબેન જોગીયા |

**કિસાન મોરચો**

| પદ | નામ |
|---|---|
| પ્રમુખ | યોગેશભાઈ જી. ભુવા<br>રાજેશભાઈ આર. ડાંગરીયા |
| મહામંત્રી | અનીલસિંહ એન. પરમાર |

**બક્ષીપંચ (ઓબીસી) મોરચો**

| પદ | નામ |
|---|---|
| પ્રમુખ | બાબુભાઈ માટીયા<br>મહેશભાઈ મિયાત્રા |
| મહામંત્રી | રાજેશભાઈ સવનીયા |

**અનુસુચિત મોરચો**

| પદ | નામ |
|---|---|
| પ્રમુખ | દિનેશભાઈ એમ. ગોહેલ<br>સંજયભાઈ એલ. બગડા |
| મહામંત્રી | અભિષેક ગોરી |

**અનુસુચિત જન જાતિ મોરચો**

| પદ | નામ |
|---|---|
| પ્રમુખ | મનોજભાઈ દુબલ<br>વિજયભાઈ એચ.રાઠોડ |
| મહામંત્રી | જીતેન્દ્રભાઈ વાઘેલા |

**લઘુમતી મોરચો**

| પદ | નામ |
|---|---|
| પ્રમુખ | ઈબ્રાહીમભાઈએફ. સોની<br>ફિરોજભાઈ ડેલા |
| મહામંત્રી | અમનભાઈએચ. સમા |

## ૨૦૨૨માં ચોથા ક્રમે ‘જસ્ટીસ ઈન્ડિયા’ રેન્કિંગમાં ગુજરાત ૧૧માં ક્રમે ધકેલાયું

### જયાં ભાજપની સત્તા નથી તેવા રાજયો કર્ણાટક, આંધ્ર પ્રદેશ, તેલંગણા અને કેરલ ટોચ પરઃ કોંગ્રેસના પ્રહાર

**અબતક, રાજકોટ**

‘જસ્ટીસ ઈન્ડિયા’ રેન્કિંગમાં વર્ષ ૨૦૨૫માં ભાજપ શાસિત ગુજરાત ૧૧માં ક્રમે ધકેલાય ગયું છે. સુશાસનના દાવાઓ સંપૂર્ણ પણે યોગ્ય સાબિત થયા છે.

પોલીસ, ન્યાયપાલિકા, જેલ વ્યવસ્થા અને કાનૂની સહાય આ ચાર આધારસ્તંભો પર આધારિત આ અહેવાલ કેન્દ્ર અને રાજય સરકારોના અધિકૃત આંકડાઓ પરથી તૈયાર ‘જસ્ટીસ ઈન્ડિયા’ અહેવાલમાં ભાજપ શાસનમાં ધરાશાયી ન્યાય વ્યવસ્થાની પોલખોલતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડો.હિરેન બેન્કરે જણાવ્યું હતું કે ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ દેશની ન્યાય વ્યવસ્થાનું તટસ્થ અને તથ્ય આધારિત મૂલ્યાંકન રજૂ કરે છે. આ અહેવાલમાં જુદા જુદા ૧૦૨ જેટલા સૂચકોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. જેમ ગુજરાત પ્રથમ દસ રાજ્યોમાંય સ્થાન મેળવતું નથી. ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ ગુજરાત માટે આ અહેવાલ ચેતવણીની ઘંટડી સમાન છે. આ અહેવાલ ભાજપ સરકારના સુશાસનના દાવાઓને સંપૂર્ણપણે ખોટા સાબિત કરે છે. મોટા રાજ્યોમાં કર્ણાટક પ્રથમ ક્રમાંકે, આંધ્ર પ્રદેશ બીજા, તેલંગાણા ત્રીજા, કેરળ ચોથા અને તમિલનાડુ પાંચમા ક્રમાંકે છે નાના રાજ્યોમાં સિક્કિમ પ્રથમ ક્રમાંકે, હિમાચલ પ્રદેશ બીજો ક્રમાંકે, અરુણાચલ પ્રદેશ ત્રીજા ક્રમાંકે, ત્રિપુરા ચોથા ક્રમાંકે, મેઘાલય પાંચમા ક્રમાંકે આવે છે. જે બતાવે છે કે જ્યાં ભાજપ સત્તામાં નથી, ત્યાં ન્યાય વ્યવસ્થા વધુ કાર્યક્ષમ છે. વર્ષ ૨૦૨૨માં ગુજરાત ચોથા સ્થાને હતું જે વર્ષ ૨૦૨૫માં ભાજપ શાસિત ગુજરાત સીધું ૧૧મા સ્થાને પહોંચી ગયું છે. આ માત્ર રેન્કિંગનો ઘટાડો નહીં, પરંતુ શાસનની નિષ્ફળતાનો પુરાવો છે. દેશભરમાં પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી, મહિલા હેલ્પડેસ્ક જેવી મૂળભૂત સુવિધાઓનો અભાવ છે. વિવિધતા- ડાયર્વસીટી રેન્કમાં ગુજરાત માત્ર ૪.૮૧ સ્કોર ૧૦માં સ્થાને આવે છે. આશરે ૨૦.૩ લાખ પોલીસ કર્મચારીઓમાંથી ૧,૦૦૦ થી પણ ઓછી મહિલાઓ ઉચ્ચ અધિકારી પદે છે આ દર્શાવે છે કે બેટી બચાવો માત્ર નારા પૂરતું રહી ગયું છે. દેશભરમાં ન્યાયાધીશો અને સ્ટાફની મોટી ખાલી જગ્યા છે. ગુજરાતની રેન્કિંગમાં થયેલો ઘટાડો માત્ર આંકડો નથી,તે ભાજપ

(અનુ. આઠમા પાને)

## મહાશિવરાત્રીના મેળામાં ગિરનાર રોપ-વે સેવામાં ભાવિકોને ખાસ ડિસ્કાઉન્ટ

### પાંચ દિવસ સુધી રોપ-વેની ટિકિટના રૂ.૭૫૦ના બદલે રૂ.૬30 ચૂકવવાના રહેશે

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢમાં આગામી બુધવારથી મહાશિવરાત્રીના મેળાનો આરંભ થઈ રહ્યો છે ત્યારે ભાવિકો માટે પાંચ દિવસ સુધી ગીરનાર રોપ-વેની ટિકિટમાં ખાસ ડિસ્કાઉન્ટ ઓફર જાહેર કરવામાં આવી છે.

જૂનાગઢ ખાતે યોજાનાર મહાશિવરાત્રિ મેળાને નિમિત્તે ગિરનાર રોપ-વે દ્વારા ભાવિક-ભક્તો માટે ખાસ ડિસ્કાઉન્ટ ઓફર જાહેર કરવામાં આવી છે.

રાજ્ય સરકાર અને સ્થાનિક વહીવટીતંત્રના માર્ગદર્શન હેઠળ આ ઓફર અમલમાં મૂકવામાં આવી છે. આ ઓફર અંતર્ગત ભક્તોને ગિરનાર રોપ-વેની ટિકિટ રૂપિયા ૬૩૦ (જીએસટી સહિત)ના વિશેષ દરે ઉપલબ્ધ રહેશે. આ યોજના તા.૧૧ થી ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન માન્ય રહેશે.

દરરોજ સવારે ૦૭:૦૦ વાગ્યાથી સાંજે ૦૫:૦૦ વાગ્યા સુધી આ ઓફરનો લાભ લઈ શકાશે. નોંધનીય છે કે, સાંજે ૪:૦૦ વાગ્યા બાદ ફક્ત એક તરફી ટિકિટ જ ઉપલબ્ધ રહેશે. શિવરાત્રિના પાવન પર્વ નિમિત્તે વધુમાં વધુ ભક્તો ગિરનાર રોપ-વે દ્વારા સુગમ, સુરક્ષિત અને આધ્યાત્મિક યાત્રાનો આનંદ માણી શકે તે હેતુથી આ વિશેષ ઓફર રજૂ કરવામાં આવી હોવાનું ગિરનાર રોપ વે મેનેજમેન્ટની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

# ટ્રેડ ડિલ સૌરાષ્ટ્રના ઓટો પાર્ટસ ઉદ્યોગને ‘બખ્ખા’ કરાવી દેશે

### અમેરિકામાં ભારતીય ઓટો કમ્પોનન્ટ્સ પર ટેરિફ ઘટતા રાજકોટના એન્જિનિયરિંગ ઉદ્યોગને મળશે સીધો લાભ

**અબતક, નવી દિલ્હી**

તાજેતરમાં ભારત અને અમેરિકા વચ્ચે થયેલી ઐતિહાસિક વેપાર સમજૂતી ભારતીય ઓટો કમ્પોનન્ટ ઉદ્યોગ માટે ગેમ ચેન્જર સાબિત થઈ છે. આ કરાર હેઠળ ભારતીય નિકાસકારોને અમેરિકન માર્કેટમાં મોટી રાહત મળવા જઈ રહી છે, જેનો સીધો ફાયદો ગુજરાતના ઓટો હબ ગણાતા રાજકોટ અને સમગ્ર સૌરાષ્ટ્રના ઉદ્યોગકારોને થશે.

આ સમજૂતી હેઠળ, અમેરિકામાં નિકાસ થતા ભારતીય ઓટો પાર્ટ્સ પર ટેરિફ (આયાત જકાત) ઘટાડવામાં આવ્યો છેઅને કેટલીક પ્રોડક્ટ્સ માટે તે ‘ઝીરો ડ્યુટી’ કરી દેવામાં આવ્યો છે. અગાઉ ૫૦% સુધીની ડ્યુટી લાગતી હતી તે હવે દૂર થતા, રાજકોટમાં બનતા બેરિંગ્સ, પિસ્ટન, લાઈનર, ક્રેન્ક શાફ્ટ અને ફોર્જિંગ પાર્ટ્સ અમેરિકામાં સસ્તા દરે વેચી શકાશે.

રાજકોટ એ એન્જિનિયરિંગ અને ઓટો પાર્ટ્સનું હબ છે. અહીંથી મોટા પ્રમાણમાં ફોર્જિંગ અને કાસ્ટિંગ કમ્પોનન્ટ્સ વિદેશમાં નિકાસ થાય છે. આ ડીલને કારણે અમેરિકન ઓટો કંપનીઓ ચીનને બદલે હવે ભારત અને ખાસ કરીને રાજકોટ જેવા મેન્યુફેક્ચરિંગ હબ તરફ વળશે. જેના કારણે સ્થાનિક ફેક્ટરીઓમાં કામનું ભારણ વધશે અને રોજગારીની નવી તકો સર્જાશે.

નિષ્ણાતોના મતે, આ કરારથી ભારત ‘વર્લ્ડ ક્લાસ મેન્યુફેક્ચરિંગ હબ’ તરીકે ઉભરી આવશે. ભારત ફોર્જ અને યુનો મિન્ડા જેવી મોટી કંપનીઓએ આ ડીલને આવકારી છે, જેની પોઝિટિવ અસર તેમના વેન્ડર્સ તરીકે કામ કરતા રાજકોટના નાના અને મધ્યમ ઉદ્યોગો પર પણ પડશે.

**મહત્વના મુદ્દા**

- ટેરિફમાં ઘટાડો ભારતીય ઓટો પાર્ટ્સ હવે અમેરિકામાં સસ્તા થશે.
- ઝીરો ડ્યુટી એક્સેસ નેશનલ સિક્યુરિટી ટેરિફ હેઠળ આવતા પાર્ટ્સ પર હવે ટેક્સ નહીં લાગે.
- સ્પર્ધાત્મક કિંમત ચીન જેવા દેશોની સરખામણીએ ભારતીય માલની કિંમત ઘટતા ડિમાન્ડ વધશે.
- નિકાસમાં ઉછાળો ચાલુ વર્ષના પ્રથમ ૬ મહિનામાં જ નિકાસ ૩.૧ બિલિયન ડોલરે પહોંચી છે, જે હવે વધુ વધશે.

**રાજકોટ અને સૌરાષ્ટ્રને શું ફાયદો?**

- એન્જિનિયરિંગ હબને વેગ રાજકોટના ઓટો એન્સિલરી ઉદ્યોગો માટે અમેરિકન માર્કેટના દરવાજા વધુ ખુલ્યા.
- મુખ્ય પ્રોડક્ટ્સ બેરિંગ્સ, ડીઝલ એન્જિન પાર્ટ્સ, ફોર્જીંગ આઈટમ્સ અને કાસ્ટિંગ પ્રોડક્ટ્સની નિકાસ વધશે.
- એમએસએમઈને લાભ મોટી કંપનીઓને ઓર્ડર મળતા તેમના સપ્લાયર તરીકે કામ કરતા નાના કારખાનેદારોને સીધો ફાયદો.
- રોકાણ આકર્ષશે એક્સપોર્ટ ઓર્ડર વધતા ઉત્પાદન ક્ષમતા વધારવા માટે નવા રોકાણો આવશે.

# અમેરિકાની ‘આંધી’ સામે આજે પણ વાડીનારની નયારા રિફાઈનરી ધમધમે છે

### રિફાઈનરી વાર્ષિક ૨૦ મિલિયન મેટ્રિક ટન કાચા તેલને પ્રોસેસની ક્ષમતા ધરાવે છેઃ દેશની ઇંધણની જરૂરિયાત પૂરી કરવામાં મોટું યોગદાન આપ્યું છે

**અબતક, દિલ્હી**

એક તરફ વૈશ્વિક રાજનીતિના બદલાતા સમીકરણો અને બીજી તરફ અમેરિકાની કડક તેલ નીતિના પડકારો; આ બંનેની વચ્ચે ગુજરાતના દરિયાકિનારે આવેલી નયારા રિફાઈનરી આજે પણ અડીખમ ઊભી છે. રશિયા-યુક્રેન યુદ્ધ બાદ લાગેલા આંતરરાષ્ટ્રીય પ્રતિબંધો અને અમેરિકાના સંભવિત ‘દંડ’ના ખતરા છતાં ભારતની આ બીજી સૌથી મોટી ખાનગી રિફાઈનરીએ તેની કાર્યક્ષમતા અને સપ્લાય ચેઈનને જાળવી રાખી છે. રશિયન ક્રૂડ ઓઈલ મેળવવામાં આવતી મુશ્કેલીઓ વચ્ચે પણ નયારાનું આ રીતે ધમધમવું એ ભારતની મજબૂત વિદેશ નીતિ અને ઉર્જા ક્ષેત્રે તેની પકડનો પુરાવો છે.



વૈશ્વિક પ્રતિબંધોના વંટોળ વચ્ચે પણ જામસી નયારા રિફાઈનરીનો ધમધમાટ યથાવત છે. અમેરિકા દ્વારા રશિયન ક્રૂડ પર લાદવામાં આવેલી મર્યાદાઓ અને ટ્રમ્પ વહીવટીતંત્રની આકરી શરતો છતાં નયારા એનર્જીએ પોતાની કામગીરીમાં પીછેહઠ કરી નથી. મુશ્કેલ સંજોગોમાં પણ આ રિફાઈનરી જે રીતે ભારતની ઉર્જા જરૂરિયાતોને પૂરી કરી રહી છે અત્યારે આ પશ્ચિમ

નયારા રિફાઈનરીમાં રશિયાની સરકારી કંપની ‘રોઝનેફ્ટ’નો મોટો હિસ્સો છે. આ રિફાઈનરી અત્યાર સુધી રશિયાના તેલ પર નિર્ભર હતી. હવે જો અમેરિકા પ્રતિબંધો કડક કરે, તો નયારા માટે કામ કરવું અઘરું થઈ જશે. આ કારણે એવી પણ ચર્ચાઓ શરૂ થઈ છે કે કદાચ આ રિફાઈનરીના માલિક બદલાઈ શકે છે (એટલે કે રશિયન કંપની પોતાનો હિસ્સો વેચી શકે છે), પણ અત્યારની

પણ રશિયાથી રો મટીરિયલ આવવાનું બંધ નથી. જેથી નયારા રિફાઈનરી આજે અડીખમ ઊભી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતને કહ્યું છે કે જો રશિયા પાસેથી કાચું તેલ લેવાનું બંધ નહીં કરવામાં આવે, તો ભારત પર ૨૫% પેનલ્ટી લગાવામાં આવશે. આ જાહેરાતથી ગુજરાતના વાડિનાર આવેલી નયારા એનર્જી રિફાઈનરી મુશ્કેલીમાં મુકાઈ શકે છે.

(અનુ. આઠમા પાને)